શ્રી કચ્છી સમાજ - અમદાવાદ દ્વારા પ્રકાશિત પ્રત્યેક કચ્છી પરિવારનું મુખપત્ર
આજીવન લવાજમ : રૂા. ૧૫૦૦/-

# કચ્છશ્રુતિ

વર્ષ : ૩૬મું
એપ્રિલ : ૨૦૨૩ ● અંક : ૧૦
કુલ પાના : ૫૬

૧૫ એપ્રિલ, ૨૦૨૩ | પ્રસિદ્ધ કર્યા તા. ૧૦-૦૪-૨૦૨૩ | કિંમત : રૂા. ૧૮/-



## જલિયાંવાલા બાગનો જાગતલ
## ઉધમસિંહ

મુખ્ય કાર્યાલય :
**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ**
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર, કોચરબ આશ્રમની સામે, એલિસબ્રિજ,
અમદાવાદ - ૩૮૦ ૦૦૬. ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com
Website : www.kutchisamajahmedabad.org.

તંત્રી મંડળ :
અશોક મહેતા (મુખ્ય તંત્રી)
હિમાંશુભાઈ ઠક્કર

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના માસિક મુખપત્ર

કચ્છ શ્રુતિને

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવારની

હાર્દિક શુભેચ્છાઓ

સાચા મિત્રોના હાથ પર ક્યારેય
ફ્રેંડશિપ બેલ્ટ નથી હોતા
મિત્રતાના દિવસ નહિ,
પણ દાયકાઓ હોય છે.

મિત્રતા હોય તો સુદામા - કૃષ્ણ
જેવી હોવી જોઈએ સાહેબ
એક કશું માંગતો નથી,
એક બધું જ
આપીને જણાવતો નથી.

સ્વ. હરખચંદ કુંવરજી સાવલા પરિવાર

(તલવાણા - ગાંધીનગર - યુ.એસ.એ.)

CIMS

# સીમ્સ હોસ્પિટલ

વિશ્વાસ






**Dr. Dhiren Shah**
Director and consultant
Cardiac surgeon and
Cheif Heart Transplant
Surgeon,
Cims Hospital

**ગુજરાતની પ્રથમ પ્રાઈવેટ હોસ્પિટલ જેમાં ફુલી ડિજીટીલાઈઝ આઈસીયુઓ અને ઓપરેશન થીયેટર, ૨ સીટી સ્કેન, ૧એમઆરઆઈ અને ૩ કાર્ડિયાક કેથલેબ સુવિધાઓથી ઉપલબ્ધ**

● **પશ્ચિમ ભારતમાં સર્વ પ્રથમ : દર્દીઓની સચોટ, ઝડપી અને સારામાં સારી સારસંભાળ માટે સંપૂર્ણપણે "ડિજિટલ હોસ્પિટલ"**
● GE Centricity® **સોફ્ટવેર દ્વારા ઇમેજિંગ અને સંપૂર્ણ ચોકસાઇથી નિદાન.** ● **સંપૂર્ણપણે ડિજિટલાઇઝ્ડ આઇસીયુ અને ઓપરેશન થિયેટર્સ.**

## મલ્ટી-સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલ સંપૂર્ણ સારવાર એક જ સ્થળ પર

- એનેસ્થેસિયાલોજીસ્ટ
- આર્થોસ્કોપી અને સ્પોટ મેડિસીન
- બ્લડ બેંક
- પિડિયાટ્રીક બોર્ન મેરો ટ્રાન્સપ્લાન્ટ
- કાર્ડિયોલોજી
- કોર્ડિયો થોરાસિસ સર્જરી
- સીટી કોરોનરી એન્જીયો
- કોસ્મેટોલોજી
- ક્રિટિકલ કેર
- ડ્રેન્ટીસ્ટ્રી
- ડર્મેટોલોજી
- એન્ડોક્રાઈનોલોજી
- ઈએનટી
- ફેમિલી મેડિસીન
- ફીઓટલ મેડિસીન
- ગ્રેસ્ટ્રોએન્ટ્રોલોજી
- ગ્રેસ્ટ્રો એન્ડ ઈન્ટેસ્ટીનલ સર્જરી
- જનરલ સર્જરી
- જેનેટિક્સ
- ગાયનેકોલોજી, એબ્સ્ટ્રેટીક એન્ડ આઈવીએફ
- હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ
- હાઈ રીસ્ક પ્રેગ્નેન્સી યુનિટ
- હિમેટો - ઓન્કોલોજી
- ઈન્ફેકશન એન્ડ આઈવીએફ ડિસીઝ
- ઈન્ટરનલ મેડીસીન
- જોયન્ટ રીપ્લેસમેન્ટ સર્જરી
- લેપ્રોસ્કોપીક સર્જરી
- લંગ ટ્રાન્સપ્લાન્ટ
- નિયોનટોલોજી એન્ડ પીડિયાટ્રીક્સ
- નેફ્રોલોજી
- ન્યરોલોજી
- ન્યરો સર્જરી
- ઓબેસીટી મેનેજમેન્ટ
- ઓન્કોલોજી એન્ડ ઓન્કો સર્જરી
- ઓપ્થેલ્મોલોજી
- ઓર્થોપેડીક્સ
- ઓન્કોલોજી
- પેઈન ક્લિનીક
- પેથોલોજી એન્ડ માઈક્રોબાયોલોજી
- પીડિયાટ્રીક સર્જરી
- ફિઝીયોથેરાપી એન્ડ રી-હેબીલીટેશન
- પ્રિવેન્ટીવ હેલ્થ ચેકઅપ
- પલ્મોનોલોજી
- રેડિયોલોજી
- રેડિયેશન થેરાપી
- રીનલ ટ્રાન્સપ્લાન્ટ
- રુમેટોલોજી
- સ્લીપ મેડિસીન
- સ્પાઈન સર્જરી
- ટ્રોમા કેર
- યુરોલોજી
- વાસ્ક્યુલર સર્જરી



**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યા છે.**

**ગુજરાતનું એક માત્ર હોસ્પિટલ જ્યાં સફળતા પૂર્વક ટ્રાન્સકેથેટેર એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન પ્રોગ્રામ દ્વારા 5 TAVI (ટ્રાન્સ એઓટિક વાલ્વ ઈમ્પ્લાન્ટેશન) ટૂક સમયમાં કરવામાં આવ્યા છે.**

**ભારતની એક માત્ર હોસ્પિટલ જે નીચેના ૭ સર્ટિફિકેટથી સન્માનિત છે**

JCI (USA) | NABH | NABH ER | Ethics Committee | NABL | ACC | Green OT

**24 x 7 મેડીકલ હેલ્પલાઈન : +91-70 69 00 00 00**

CIMS® Care Institute of Medical Sciences
Earning Trust with World-Class Practices

શુકન મોલ નજીક, ઓફ સાયન્સ સીટી રોડ,
સોલા, અમદાવાદ - 380060.
ફોન : +91-79-2771 2771-72, ફેક્સ : +91-79-2771 2770
ઈમેલ : info@cims.org | www.cims.org

**એમ્બ્યુલન્સ : +91-98244 50000 | ઈમરજન્સી : +91-97234 50000**

www.facebook.com/cimshospitals (Follow our facebook page for daily medical updates in English, Hindi & Gujarati)

www.cims.org

CIMS Hospital India App on:

# 'ગાલા'નાં સમાજ-ઉપયોગી શ્રેષ્ઠ પ્રકાશનો

૧. રસાહાર અપનાવો, રોગ ભગાવો
૨. હૃદયરોગ અટકાવો; આયુષ્ય લંબાવો
૩. મૅગ્નેટ થૅરપી (લોહચુંબક ચિકિત્સા) દ્વારા તમે જ તમારા ડૉક્ટર
૪. સારી નજર, ચશ્માં વગર
૫. ઉપવાસની અકસીરતા
૬. તમે જ તમારા ડૉક્ટર – ઍક્યુપ્રેશર
૭. મન જાગે તો રોગ ભાગે
૮. ચરબીમાંથી ચુસ્તી તરફ
૯. પૃથ્વી પરની સંજીવની – ઘઉંના જવારા
૧૦. તંદુરસ્તીની સાચી દિશા – પ્રાકૃતિક ચિકિત્સા
૧૧. ડાયાબિટીસ, હાઈ બ્લડ પ્રેશર – દૂર રાખો જીવનભર
૧૨. રોગને તાબે થશો કે રોગને તાબે કરશો ?
૧૩. અલવિદા કમરની પીડા
૧૪. અમૃતફળ આમળાં
૧૫. તુલસી (ઔષધિ)
૧૬. અમૃત-ઔષધ કુંવારપાઠું
૧૭. આહાર એ જ ઔષધ
૧૮. ઔષધ સાથે ઓળખ
૧૯. તંદુરસ્તી તમારા હાથમાં : ભાગ ૧ અને ૨
૨૦. યોગાસન-પ્રાણાયામ કરો અને નીરોગી રહો
૨૧. વિવિધ રોગોમાં યોગાસનો
૨૨. સગર્ભાવસ્થા અને તમારું બાળક
૨૩. ૧૦૦ વર્ષ નીરોગી રહો
૨૪. રોગોને સમજીએ અને સ્વસ્થ રહીએ
૨૫. તમારું રસોડું જ તમારું દવાખાનું : ભાગ ૧ અને ૨
૨૬. જગતનું શ્રેષ્ઠ ઔષધ – પાણી
૨૭. સોનેરી સુવિચારો
૨૮. પ્રેરણાદાયક સુવિચારો
૨૯. શાશ્વત સુવિચારો
૩૦. મૃત્યુ પછીની દુનિયા
૩૧. આયુર્વેદને ઓળખીએ
૩૨. તાળી-ચિકિત્સા પદ્ધતિ
૩૩. હૃદય : ઈશ્વરની એક અદ્‌ભુત બક્ષિસ
૩૪. What When How To Eat (ગુજરાતી)

ઉપર્યુક્ત પુસ્તકો અંગ્રેજી, હિન્દી અને મરાઠી ભાષાઓમાં પણ ઉપલબ્ધ છે.

NAVNEET®

વર્ષ-૩૬ ● અંક – ૧૦
૧૫ એપ્રિલ, ૨૦૨૩

● માનદ્ સલાહકાર ●
શ્રી હંસરાજ કંસારા

● તંત્રી મંડળ ●
અશોક મહેતા - મુખ્ય તંત્રી
મો. ૯૮૨૫૩ ૨૨૬૮૯/૯૮૭૯૦ ૬૩૧૦૦

હિમાંશુભાઈ ઠક્કર
મો. ૯૮૭૯૩ ૦૧૦૦૪

❖

પત્ર વ્યવહારનું સરનામું
શ્રી કચ્છી સમાજ - અમદાવાદ
૯૦૫, સ્પાન ટ્રેડ સેન્ટર,
કોચરબ આશ્રમની સામે,
એલિસબ્રિજ,
અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૬૧૮૪, ૪૦૦૭૬૧૮૪
Email : kutchhisamaj@gmail.com

❖

'Kutch-Shruti' Available on
www.kutchisamajahmedabad.org
www.asanjokutch.com
www.hellokutchis.com

❖

કચ્છ શ્રુતિ લવાજમ

| | | |
|---|---|---|
| ૨ વર્ષ | : રૂા. | ૫૦૦/- |
| ૫ વર્ષ | : રૂા. | ૧૦૦૦/- |
| આજીવન | : રૂા. | ૧૫૦૦/- |

*ચેક/ડ્રાફ્ટ : 'શ્રી કચ્છી સમાજ – અમદાવાદ'ના નામનો મોકલવો.*

*'કચ્છશ્રુતિ'માં પ્રકાશિત રચના-લેખ આદિમાં અભિવ્યક્ત વિચારો, માહિતી ઈત્યાદિ સાથે 'કચ્છશ્રુતિ' તંત્રી મંડળનું સહમત હોવું આવશ્યક નથી.*

*- મુખ્ય તંત્રી*

## આ અંકમાં....

**પ્રેરણાત્મક વિચારણા**
- મણકો-૧૬ : શુભ તત્ત્વમાં શ્રદ્ધા સેવી હકારાત્મક દૃષ્ટિકોણ કેળવો......... **પ્રવીણચંદ્ર ઠક્કર**....૭

**ક્રાંતિ કથા**
- ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિકથા
  ચરણ-૧૭ : જલિયાંવાલા બાગનો જાગતલ – ઉધમસિંહ .......................... **પારસ દવે**....૮

**સ્વાતંત્ર્ય સંગ્રામ**
- જલિયાંવાલા હત્યાકાંડ ................................................**ડૉ. મિહિર એમ. વોરા**....૧૦

**માહિતી**
- સ્મૃતિ વન – ભુજ ................................................... **વનરાજસિંહ જાડેજા**....૧૩
- માતાના મઢ ખાતે આશાપુરા માતાનું મંદિર ....................................................૧૬

**વિશિષ્ટ દિવસ**
- રાષ્ટ્રીય અગ્નિ શમન સેવા દિન ..................................**ડૉ. મિહિર એમ. વોરા**....૧૭
- વિશ્વ પુસ્તક દિવસ .................................................**ડૉ. મિહિર એમ. વોરા**....૧૯
- વર્લ્ડ ગ્લુકોમા વીક .............................................................................૨૧

**વ્યક્તિ વિશેષ**
- કર્મયોગી : ડૉ. ખીમજીભાઈ ધરોડ ..................................**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**....૨૨
- શુદ્ધ સોના જેવી સેવાભાવી પ્રતિભા : હેમરાજ શાહ ............**ડૉ. કાંતિ ગોર 'કારણ'**....૨૪

**ચિંતન**
- મનના નકારાત્મક વિચારો પર વિજય પ્રાપ્ત કરવા
  સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજે અલભ્ય રીત દર્શાવી.................... **પ્રા. સૂર્યકાંત ભટ્ટ**....૨૬

**નશો**
- નશો માંગે દેશવટો ...................................................... **નિખિલ એચ. ઠક્કર**....૨૭

**વિચાર વલોણું**
- અંતના સગા..................................................**વૉટ્સએપના આધારે**....૨૮
- પરમાર્થનું દાન .............................................**વૉટ્સએપના આધારે**....૩૧
- ભૂલાયેલું પાકિટ ............................................**વૉટ્સએપના આધારે**....૩૨

**તંદુરસ્તી**
- માનસિક બીમારીઓ વિશે પ્રવર્તતી ગેરસમજ
  અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૪ .......................... **ડૉ. મણિલાલ ગડા/ડૉ. દિપ્તી શાહ (ગડા)**....૩૩

**વાર્તા**
- Thank You, શ્રુતિ.................................................... **એમ. ડી. સોલંકી**....૩૫
- જિંદગી – જિંદગી..........................................................**પૂજા ટોપરાણી**....૩૮
- **વિજ્ઞાન જગત / માહિતી જગત ......... સંકલન : રસીકલાલ ખીમજી મહેતા**....૪૦
- **માતૃભૂમિ કચ્છના સમાચાર .............................. સંકલન : ચૌલા કુરૂવા**....૪૨
- **બૃહદ્ કચ્છના સમાચાર .................................. સંકલન : ચૌલા કુરૂવા**....૪૭
- **અન્ય સંસ્થાઓના સમાચાર** ................................................................૪૮

**આ અંકમાં સમાવિષ્ટ કાવ્યો**
- રામ જાણે : **કેશવ સુથાર**....૧૨
- આગમન : **મણિલાલ ડી. રૂઘાણી** ....૧૨
- મુક્તક : **રજનીકાંત ઓઝા**....૨૬ / ૪૬
- મુક્તવાણી રામયુગજી : **હાજી મહમદ લોટીયા** ....૩૭

# ૧૯૭૫ થી વ્યવસાયલક્ષી તાલીમ આપતી એકમાત્ર સંસ્થા



આપ પણ ફેશન ડીઝાઈનર બની શકો છો ?

**ફેશન ડીઝાઈનીંગ, ગારમેન્ટ મેકિંગ અને બ્યુટી પાર્લર ક્ષેત્રે**

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**S.S.C. - H.S.C.**

પાસ-નપાસ અને ગ્રેજ્યુએશન પછી શું ?

એન્જીનીયરીંગ ક્ષેત્રે

કારકીર્દી બનાવવાની અમૂલ્ય તક...

**ડીપ્લોમા એન્જી. થઈ શકો છો. સરકાર માન્ય તેમજ ખાનગી**

ટી.વી. - ડી.વી.ડી., ઈલેક્ટ્રોનીક્સ, મોબાઈલ રીપેરીંગ, વાયરમેન, ઈલે. મોટર રીવાન્ડીંગ, ઈલેક્ટ્રીશીયન, રેફ્રીજરેશન એન્ડ એસી. રીપેરીંગ, ડ્રાફ્ટમેન સીવીલ, મિકેનિકલ, ટર્નર, ફીટર શીખો.

dnp EDUCATION TRUST

## ડી. એન. પોલીટેકનીક

dnp EDUCATION TRUST

સંપર્ક :

પટેલ વાડી, બાપુનગર. : મો. ૮૧૨૮૮૪૧૭૮૦

રાયપુર : ફોન : ૦૭૯-૨૨૧૬૧૪૦૩ મો. ૯૬૦૧૬૦૫૬૩૧

નરોડા : ફોન : ૦૭૯-૨૨૮૧૪૨૩૫ મેઘાણીનગર : મો. ૯૬૦૧૧૭૭૪૮૯

મણીનગર : મો. ૭૮૭૪૦૩૧૮૬૦ દેહગામ : ૮૧૨૮૮૪૧૫૬૪

# પ્રેરણાત્મક વિચારયાત્રા

## મણકો-૧૬ : શુભ તત્ત્વમાં શ્રદ્ધા સેવી હકારાત્મક દૃષ્ટિકોણ કેળવો



પ્રવીણચંદ્ર ઠક્કર

ઈશ્વર, અધ્યાત્મ કે કુદરતમાં શ્રદ્ધા સેવવાથી અનેરી શાંતિ - શક્તિ અને જીવનનો હેતુ પ્રાપ્ત થતાં ધ્યેયને પાર પાડવાનું સરળ બને છે. કેલિફોર્નિયા (અમેરિકા)ના એક ચેતામનો-વૈજ્ઞાનિકના સંશોધન પ્રમાણે લમણા પાછળ આવેલો મગજનો કંડ (Temporal Lob) એ ઈશ્વર સાથે સંકળાયેલો વિસ્તાર (God Spot) છે. ઈશ્વર કે અધ્યાત્મના શુભ વિચારોનું ચિંતન થતાં જ આ વિસ્તારના ચેતોકાષોની વિદ્યુત પ્રવૃત્તિઓમાં વધારો થતાં આધ્યાત્મિક જ્ઞાન (Spiritual Intelligence) વેગવાન બને છે. ઈશ્વર તરફની શ્રદ્ધા તમામ કસોટી, સંકટો વિઘ્નો વચ્ચે દૃઢપણે ટકી, વળગી રહેવાનું આત્મબળ આપે છે. પોતાની જાત અને સમાજ તેમજ સૃષ્ટિના જડ-ચેતન પદાર્થો વચ્ચે સ્વસ્થ, સુદૃઢ, સાયુજ્યભર્યા સંબંધો સ્થાપવાનું સરળ સુગમ બને છે. ઈશ્વરશ્રદ્ધાનો પર્યાય જ નિઃસ્વાર્થ સ્નેહ, કરુણા અને મૈત્રી ભાવ છે.

ડૉ. દીપક ચોપ્રા 'Spiritual Laws of Success'માં ઉલ્લેખ કરે છે કે અધ્યાત્મ સાથેના અનુબંધને કારણે ત્યાગ, આપ-લે ની ભાવના (Spirit of Give and Take) આકાર પામે છે. જીવનમાં કંઈ પણ મેળવવા માટે આપવું પડે છે. બીજાને આપશો, તો બીજા તમને સહાયરૂપ થશે. જેઓ માત્ર લે છે તેમને કંઈ મળતું નથી. એક ખેડૂતને ત્યાં ખૂબ ઘઉં પાક્યા. તેને થયું હું બધા જ દાણા સંઘરી રાખું જેથી લાંબો સમય ચાલ્યા કરે. ખેડૂત ભૂલી ગયો કે જો થોડા દાણાનો બીયારણ તરીકે ઉપયોગ કર્યો હોત, તો જમીન અનેક દાણા આપત. બીજાને જેટલું આપશો તેનાથી અનેકગણું તમને મળશે. જીવનમાં પારસ્પરિકતા યાદ રાખો. 'આપીને મેળવો' ઉક્તિ ચરિતાર્થ થતાં Win Win સ્થિતિમાં પરસ્પર સહકાર મળવા માંડતા તમારાં પ્રગતિ, સફળતા, ધ્યેયને સરળતાથી સિધ્ધ કરી શકાશે. અધ્યાત્મ સાથેની એકરૂપતા નિષ્કામ કર્મના સિદ્ધાંત (Law of Detachment)ને સમજાવે છે. આ સિદ્ધાંત કાર્ય ઉપર ભાર મૂકે છે, ફળ પર નહીં. આપણા કર્મના ઈચ્છિત ફળ માટે જ્યારે આસક્તિ પેદા થાય છે, ત્યારે ભય, અસુરક્ષિતતાની લાગણી અનુભવાય છે. આપણું ધ્યેય નક્કી છે અને તે માટે પોતાની શક્તિઓનો સર્વોચ્ચ વિકાસ કરવાનો છે, તો પછી ફળની પ્રાપ્તિ થવાની જ છે. તે માટે આસક્તિ સેવવાની કોઈ જરૂર નથી. જે વ્યક્તિ બુદ્ધિમત્તા આંક (Intelligence Quotient)નો ભાવાત્મક આંક (Emotional Quotient) અને અધ્યાત્મ આંક (Spiritual Quotient)ની સાથે સંગમ કરે છે. તેનામાં નીચેનાં લક્ષણો ચરિતાર્થ થયેલાં જોવા મળશે :

૧. હકારાત્મક આશાવાદી દૃષ્ટિકોણ.
૨. સરળ, લવચીક સ્વભાવ.
૩. પ્રતિકૂળતાઓનો સ્વીકાર, મુશ્કેલીઓમાં અડગતા.
૪. જીવનને ઉન્નત, સમાજ ઉપયોગી બનાવવાની તત્પરતા.
૫. સત્ય, અહિંસા, પ્રેમ, કરુણા જેવા શાશ્વત, નિરપેક્ષ મૂલ્યોમાં અચળ શ્રદ્ધા અને તેમનું પાલન.
૬. પ્રેમ, પ્રામાણિકતા, દયા, અક્રોધ, ધૈર્ય, ત્યાગ, સંવેદનશીલતા, નિર્ભયતા, નિર્મળતા જેવા ગુણો પરત્વે જાગરૂકતા.
૭. સર્વાંગી દૃષ્ટિએ ઘટનાઓને મૂલવવાની સમજણ.
૮. હું કોણ છું, જગતના જીવો સાથે મારો શો સંબંધ છે તે જાણવાની આતુરતા.

અમેરિકાના ડૉ. ડીન ઓર્નિશ અને અમદાવાદના ડૉ. રમેશ કાપડિયા વૈજ્ઞાનિક સંશોધનના આધારો સહિત અધ્યાત્મ અને આરોગ્યનો સંબંધ સ્થાપી આપે છે. તેમના મતે લોહીના ઊંચા દબાણ કે ડાયાબિટીસથી તો દસ ટકા દર્દીઓને જ હાર્ટ એટેક આવે છે. ખરેખર તો દર્દીઓના દ્વેષ, અહંકાર, ક્રોધ, ઈર્ષ્યા અને સ્વાર્થવૃત્તિને કારણે હૃદયરોગ કે ડાયાબિટીસની માત્રા વધે છે. નકારાત્મક લાગણીના પ્રભાવથી શરીરમાંનું અનુકંપીતંત્ર સતેજ બનતાં હૃદયના ધબકારા વધે છે, લોહી ઘટ્ટ બને છે અને મૃત્યુની શક્યતા પાંચ ગણી વધી જાય છે. જ્યારે હકારાત્મક ગુણો, પ્રેમ, સદ્ભાવ, ઐક્ય, પરોપકાર, બંધુત્વ, ક્ષમાવૃત્તિને કારણે અનુકંપીતંત્ર મંદ થતાં ઉપકારક કોલેસ્ટેરોલ HDL ની માત્રા લોહીમાં વધે છે. એન્જાઈનાની તીવ્રતા ઓછી થતાં રોગપ્રતિકારક શક્તિ વધે છે. હાર્ટ-એટેકની શક્યતા ઘટે છે. આ રીતે અધ્યાત્મ અને વિજ્ઞાન, મન અને શરીર, ચેતના અને પદાર્થને સમદૃષ્ટિથી જોવાથી ઊંચેરી સ્વસ્થતા પ્રાપ્ત થાય છે. પરિણામે વ્યક્તિની કાર્યક્ષમતા વધતાં સરળતાથી લક્ષ્યપ્રાપ્તિ હાંસલ કરી શકાય છે. ■

*તકની એક ખાસિયત એ છે કે તે આવે તેના કરતાં જાય ત્યારે તે મોટી લાગે છે.*

# ભારતના ક્રાંતિકારીઓની ક્રાંતિ કથા

## ચરણ-૧૭ : જલિયાંવાલા બાગનો જાગતલ – ઉધમસિંહ



પારસ દવે - નડિયાદ

પ્રથમ વિશ્વયુદ્ધ (૧૯૧૪-૧૯૧૮)માં ભારતીય જનતા અને નેતાઓએ બ્રિટીશ સરકારને સમર્થન કર્યું હતું. ૧૩ લાખ ભારતીય સૈનિકો અને સેવકો યુરોપ, આફ્રિકા અને મધ્ય પૂર્વના દેશોમાં મોકલવામાં આવ્યા હતા. તે પૈકી ૪૩,૦૦૦ જેટલા ભારતીય સૈનિકો આ યુદ્ધમાં શહીદ થયા હતા. વિશ્વયુદ્ધની સમાપ્તિ પર ભારતીય નેતાઓ અને જનતાને બ્રિટીશ સરકારના સહયોગ અને નરમ વલણની અપેક્ષા હતી. પરંતુ યુદ્ધ પૂરું થતાં જ અંગ્રેજ સરકારે અપેક્ષાથી વિપરીત મોન્ટેગ્યુ ચેમ્સફોર્ડ સુધારા લાગુ કરી દીધા.

- **રોલેટ એક્ટ :**

વિશ્વયુદ્ધ દરમિયાન જ પંજાબ પ્રાંતમાં બ્રિટીશ શાસનનો વિરોધ વધી ગયો હતો કે જેને ભારત પ્રતિરક્ષા અધિનિયમ (૧૯૧૫) લાગુ કરી દબાવી દેવામાં આવ્યો હતો. ત્યારબાદ ૧૯૧૮માં બ્રિટીશ જજ સિડની રોલેટની અધ્યક્ષતામાં એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું હતું. સમિતિના અહેવાલમાં જણાવવામાં આવ્યું કે, ભારત, ખાસ કરીને પંજાબ અને બંગાળના ક્ષેત્રોમાં અંગ્રેજ સરકાર પ્રત્યેના વધતા જતા વિરોધ પાછળ વિદેશી તાકતોનો હાથ રહેલો છે. સમિતિની દરખાસ્તોને સ્વીકારી ભારત પ્રતિરક્ષા અધિનિયમ (૧૯૧૫)નું રોલેટ એક્ટ તરીકે વિસ્તરણ કરવામાં આવ્યું. સમગ્ર ભારતમાં લાગુ કરાયેલ આ એક્ટ અંતર્ગત આઝાદીની ચળવળને દબાવી દેવા માટે બ્રિટીશ સરકારને અધિક સત્તાઓ આપવામાં આવી હતી. આ કાયદા મુજબ પ્રેસ૨ પર સેન્સરશિપ લાગુ કરવામાં આવી હતી. પ્રાંતિક સરકાર કોઈ પણ પ્રકારના વોરન્ટ વગર ગમે તે વ્યક્તિની ધરપકડ કરી શકતી હતી. નેતાઓને અદાલતી કાર્યવાહી વિના જ જેલમાં રાખી શકાતા હતા. તેમના પર વિશેષ અદાલતો કે બંધ ઓરડામાં કેસ ચલાવી શકાતા હતા. અદાલતે ફરમાવેલી સજા પર અપીલ કરવાની જોગવાઈ ન હતી.

સમગ્ર ભારતમાં આ કાયદાનો પ્રચંડ વિરોધ થયો. ગાંધીજીના આદેશથી છઠ્ઠી એપ્રિલ, ૧૯૧૯ના રોજ સમગ્ર દેશમાં સભા-સરઘસ, દેખાવો-પ્રદર્શનો અને હડતાળોનું આયોજન કરવામાં આવ્યું હતું. બ્રિટીશ સરકાર દ્વારા વિરોધ આંદોલનને નિષ્ફળ બનાવવા મોટા નેતાઓની ધરપકડો કરવામાં આવી. પરિણામે જનતાનો આક્રોશ ફાટી નીકળ્યો. રસ્તા, રેલવે તથા ડાક-સંચાર સેવાઓ ખોરવી નાખવામાં આવી. દિલ્હી, લાહોર, અમૃતસર, મુંબઈ જેવા શહેરોમાં તોફાનો ફાટી નીકળ્યા. અમૃતસર અને પંજાબના અન્ય શહેરોમાં સરકારી મકાનો - સંપત્તિઓને નુકસાન પહોંચાડવામાં આવ્યું. બેંકો લૂંટવામાં આવી. કેટલાક સ્થળોએ બે-ચાર અંગ્રેજોની હત્યા પણ કરવામાં આવી.

૧૩ એપ્રિલ,૧૯૧૯ના રોજ સાંજે ચાર વાગે અમૃતસરના જલિયાંવાલા બાગ ખાતે એક સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. સભામાં બાળકો અને સ્ત્રીઓ સહિત લગભગ ૫૦૦૦ જેટલા લોકો એકઠા થયા હતા. સભા દરમિયાન કેટલાક નેતાઓ ભાષણ આપી રહ્યા હતા ત્યારે જનરલ ડાયર ૯૦ જેટલા સૈનિકોની ટુકડી લઈને બાગના પ્રવેશદ્વાર પાસે પહોંચ્યો. કોઈપણ પ્રકારની પૂર્વ ચેતવણી વિના જ ગોળીબાર થતાં ઉપસ્થિત મેદનીમાં ભાગદોડ મચી ગઈ. ૧૦ મિનિટમાં કુલ ૧૬૫૦ રાઉન્ડ ગોળીઓ છોડવામાં આવી હતી. બાગમાં લગાવેલી તક્તી અનુસાર ૧૨૦ મૃતદેહ કૂવામાંથી મળી આવ્યા હતા. અમૃતસરના ડેપ્યુટી કમિશનરના કાર્યાલયમાં ૪૮૪ શહીદોની સૂચિ છે, જ્યારે જલિયાંવાલા બાગમાં ૩૮૮ શહીદોની સૂચિ મૂકેલી છે. બ્રિટીશ રાજના અભિલેખમાં આ ઘટનામાં ૨૦૦ લોકો ઈજાગ્રસ્ત થયાનો તથા ૩૭૯ લોકો શહીદ થયાનો ઉલ્લેખ જોવા મળે છે.

હત્યાકાંડની વિશ્વવ્યાપી નિંદા થતાં તત્કાલીન સેક્રેટરી ઓફ સ્ટેટ્સ એડવિન મોન્ટેગ્યુએ વિલિયમ લોર્ડ હંટરની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી હતી. સમિતિ સમક્ષ જનરલ ડાયરે સ્વીકાર કર્યો હતો કે લોકો પર ગોળીબાર કરવાનો નિર્ણય તે પહેલેથી જ કરીને આવ્યા હતા તથા સાથે બે તોપ પણ લાવ્યા હતા પરંતુ સાંકડા રસ્તાને કારણે તે તોપ અંદર લાવી શક્યો ન હતો. હંટર સમિતિના અહેવાલના આધારે જનરલ ડાયરને બ્રિગેડિયરમાંથી કર્નલ તરીકે અવક્રમન કરી સક્રિય સરકારી સેવાઓમાંથી મુક્ત કરવામાં આવ્યો હતો.

*પહાડ ઉપાડનારાઓએ શરૂઆત કાંકરીથી જ કરી છે.*

રવિન્દ્રનાથ ટાગોરે હત્યાકાંડના વિરોધમાં બ્રિટન દ્વારા અપાયેલ નાઈટહૂડનો ખિતાબ પરત કરી દીધો હતો. દેશ આખામાં આમ માનવ હત્યાકાંડનો ઉગ્ર વિરોધ થયો. આ હત્યાકાંડને માત્ર આંખોથી નહીં પણ હૃદયમાં ઉતારીને વર્ષો બાદ તેનો બદલો લેવા તૈયાર થનાર યુવક ઉધમસિંહ હતો.

ઉધમસિંહનો જન્મ ૨૬ ડિસેમ્બર, ૧૮૯૯ના પંજાબના સંગરૂર જિલ્લાના સુનામ ગામમાં થયો હતો. ૧૯૦૧માં ઉધમસિંહના માતા અને ૧૯૦૭માં તેમના પિતાનું અવસાન થઈ ગયું. આ ઘટનાને લીધે ઉધમસિંહને તેમના મોટાભાઈ સાથે અમૃતસરના અનાથાશ્રમમાં રહેવું પડ્યું. ઉધમસિંહનું બાળપણનું નામ શેરસિંહ અને તેમના ભાઈનું નામ મુક્તાસિંહ હતું. જેમને અનાથાશ્રમમાં અનુક્રમે ઉધમસિંહ અને સાધુસિંહ નવા નામ મળ્યા. ઉધમસિંહ સર્વધર્મના પ્રતીક સમાન હતા. એટલા માટે જેલવાસ દરમિયાન તેમણે પોતાનું નામ બદલીને "રામ મોહમ્મદ સિંહ આઝાદ" રાખ્યું હતું, જે ભારતના પ્રમુખ ધર્મોના પ્રતીક છે.

અનાથાશ્રમમાં ઉધમસિંહનું જીવન પસાર થઈ રહ્યું હતું ત્યાંજ ૧૯૧૭માં તેમના ભાઈનું અવસાન થઈ ગયું અને તેઓ બધી રીતે અનાથ થઈ ગયા. ૧૯૧૯માં તેમણે અનાથાશ્રમ છોડી દીધું અને ક્રાંતિકારીઓની સાથે મળી દેશની આઝાદીની ચળવળમાં ભળી ગયા. રોલેટ એક્ટના વિરોધમાં ૩૦ માર્ચ અને ૬ એપ્રિલ, ૧૯૧૯ના રોજ પંજાબમાં લોકોએ હડતાળ પાડી. અમૃતસરની સ્થિતિ અંકુશ બહાર ગઈ છે તેમ લાગતા તેમને લશ્કરના હવાલે કર્યું. ૧૩ એપ્રિલ ૧૯૧૯ વૈશાખી (પાક લણણીનો દિવસ)ના દિવસે સાંજે ૪.૩૦ વાગે જલિયાંવાલા બાગમાં શહીદોને અંજલી આપવા અને બધાના પ્યારા નેતાઓ ડૉ. કિચલું અને ડૉ. સત્યપાલની ધરપકડનો વિરોધ કરવા એક સભાનું આયોજન કરવામાં આવેલ હતું. આ સભા ગેરકાયદેસર હોવાની જાહેરાત કર્યા વિના અને કશીયે પૂર્વ ચેતવણી આપ્યા વિના અંધાધૂંધ ગોળીબાર કરવાનો ઓર્ડર જનરલ ડાયરે આપ્યો. જેમાં હજારો લોકોની કત્લેઆમ કરવામાં આવી. આ આખી ઘટના ઉધમસિંહએ પ્રત્યક્ષ નિહાળી હતી અને પ્રતિજ્ઞા લીધી કે તેઓ જનરલ ડાયરની હત્યા કરશે.

પોતાના આ મિશનને અંજામ આપવા અલગ અલગ નામોથી આફ્રિકા, નૈરોબી, બ્રાઝીલ અને અમેરિકાની યાત્રા કરી. ઈ.સ. ૧૯૩૪માં ઉધમસિંહ લંડન પહોંચી ગયા. ત્યાં ૯ એલ્ડર સ્ટ્રીટ કોમર્શિયલ રોડ પર રહેવા લાગ્યા. ત્યાં તેમણે યાત્રાના હેતુથી એક કાર લીધી હતી. ભારતના આ વીર ક્રાંતિકારી માઈકલ ઓ. ડાયરની હત્યા કરવા માટેના યોગ્ય સમયની રાહ જોઈ રહ્યા હતા.

ઉધમસિંહને પોતાના ભાઈ-બહેનોની મોતનો બદલો લેવાનો મોકો ૧૯૪૦માં મળ્યો. જલિયાંવાલા બાગના હત્યાકાંડના ૨૧ વર્ષ પછી ૧૩ માર્ચ ૧૯૪૦માં રોયલ એશિયન સોસાયટીની લંડનના કાક્સ્ટન હોલમાં બેઠક હતી. જ્યાં માઈકલ ઓ. ડાયર પણ વક્તાઓમાંનો એક હતો. ઉધમસિંહ તે દિવસે સમયસર પોતાની જગ્યાએ બેસી ગયા. તેમણે પોતાની રીવોલ્વર એક મોટી ચોપડીમાં છુપાવી હતી. અને તેના માટે તેમણે ચોપડીના પાનાને રીવોલ્વરના આકારમાં કાપી નાખ્યા હતા. જેનાથી જનરલ ડાયરની જાન લેનાર હથિયાર સરળતાથી છૂપાવી શકાય.

બેઠક પૂરી થઈ. ત્યારબાદ દિવાલની પાછળથી ઉધમસિંહએ જનરલ ડાયરને ૨ ગોળીઓ મારી. જેનાથી ડાયરનું તાત્કાલિક અવસાન થઈ ગયું. ઉધમસિંહ ત્યાંથી ભાગ્યા નહીં અને તેઓએ આત્મસમર્પણ કરી દીધું. તેમના પર મુકદ્દમો ચાલ્યો. ૪ જૂન, ૧૯૪૦ના રોજ ઉધમસિંહને હત્યાના ગુનામાં ફાંસીની સજા આપવામાં આવી અને ૩૧ જુલાઈ ૧૯૪૦માં પેન્ટનવિલે જેલમાં તેમને ફાંસી આપવામાં આવી. ■

**Mr. Prafulchandra Tank**
M. : +91 98250 53258
**Mr. Kishan P. Tank**
M. : +91 99258 11599
**KARMA**
**CHEMICAL INDUSTRIES**
**Manufacturer of : BASIC DYES**
**RHODAMINE B 540%**
Basic Violet 10 & Other Qualities
**BASIC RHODAMINE B BASE**
BASIC DYES FOR
**Paper, Textile Printing & Leather**
**● FACTORY ●**
67/6, Phase-1, G.I.D.C. Vatva, Ahmedabad-382 445.
Ph. : (079) 25890110
**● RESIDENCE ●**
21-22/D, Ramkrishna Society, Nr. Aavkar Hall,
Maninagar,Ahmedabad-380 008.
Ph.: (079) 25462812
E-mail : karmachemical@gmail.com
tankishan5115@gmail.com

# જલિયાંવાલા હત્યાકાંડ



ડૉ. મિહિર એમ. વોરા

***આજે પણ કોઈ સત્તાના દમનકારી વલણની ઘટના કે હત્યાકાંડ થાય છે, તો તેને જલિયાંવાલા હત્યાકાંડ સાથે સરખાવી દેવામાં આવે છે***

મિત્રો, આપણી યુવા પેઢી આ જ્ઞાનને હંમેશ યાદ રાખે એટલે જ આ લેખ મેં લખ્યો છે. ભારત પોતાની આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવે છે, ત્યારે આ લેખનું મહત્ત્વ વધી જાય છે, **જે ભારતની આઝાદીમાં એક કાળો ધબ્બો છે બ્રિટીશ સરકાર ઉપર! જેની માફી આજ સુધી કોઈએ માંગી નથી, જે એક ચિંતાનો વિષય છે. અને તે પ્રસંગ છે – જલિયાંવાલા બાગનો નરસંહાર, જે એપ્રિલની ૧૩ તારીખે થયો હતો.** આમ તો આ વાતનો ઈતિહાસ આપણે સૌ જાણીએ જ છીએ પણ ફરી પાછા એકવાર તેનું પુનરાવર્તન કરી લઈએ અને જે નિર્દોષ લોકો શહીદ થયા હતા તેને આ લેખથી શબ્દાંજલિ આપીએ. આ વાતને આજે ૧૦૩ વર્ષો પૂરા થયા છે ત્યારે હાહાકાર રૂપી બનાવને એકવાર યાદ કરી લઈએ...

અમૃતસરના સુવર્ણ મંદિર નજીકનો નાનકડો બગીચો – જલિયાંવાલા બાગ – ભારતના સ્વતંત્રના સંગ્રામના ઈતિહાસમાં એક અનોખું સ્થાન ધરાવે છે. **૧૩ એપ્રિલ, ૧૯૧૯ના દિવસે બ્રિગેડિયર જનરલ રેજીનોલ્ડ ડાયરના નેતૃત્વમાં અંગ્રેજી હકુમતના સૈનિકોએ નિઃશસ્ત્ર, શાંત એવા અબાલ-વૃદ્ધ અને બાળકો સહિત સેંકડો લોકો પર ગોળીઓ ચલાવી હતી.** આ ગોળીબારમાં ઘણા લોકો માર્યા ગયા હતા અને હજારો લોકો ઘાયલ પણ થયા હતા. જો કોઈ એક ઘટનાએ ભારતીય સ્વતંત્રતા સંગ્રામમાં સૌથી વધારે પ્રભાવ પાડ્યો હતો, તો તે ઘટના આ જઘન્ય અને નિર્મમ હત્યાકાંડ છે. આજે પણ કોઈ સત્તાના દમનકારી વલણની ઘટના કે હત્યાકાંડ થાય છે, તો તેને જલિયાંવાલા હત્યાકાંડ સાથે સરખાવી દેવામાં આવે છે.

૧૩ એપ્રિલ, ૧૯૧૯નો દિવસ બૈશાખીનો દિવસ હતો. બૈશાખીના દિવસે આખા પંજાબ અને આસપાસના પ્રદેશોમાં ખેડૂતો રવિ પાક કાપીને નવા વર્ષની ખુશીઓ મનાવતા હોય છે. ૧૩ એપ્રિલ, ૧૬૯૯ના દિવસે શીખોના દસમા ગુરુ ગોવિંદસિંહે ખાલસા પંથની સ્થાપના કરીને લોકોને અન્યાય અને અત્યાચાર સામે માથું ન ઝુકાવવાની હાકલ કરી હતી. તેના કારણે પંજાબ અને આસપાસના પ્રદેશોમાં બૈશાખી સૌથી મોટો તહેવાર છે અને શીખો તેને સામૂહિક જન્મ દિવસના રૂપમાં ઉજવે છે. અમૃતસરમાં તે દિવસે એક મેળો સેંકડો વર્ષોથી યોજાતો હતો. તેમાં તે દિવસે પણ હજારો લોકો દૂર-દૂરના સ્થાનો પરથી ખુશીઓ વહેંચવા આવ્યા હતા. અંગ્રેજી હકુમતનું દમનકારી વલણ ૧૮૫૭ના પ્રથમ સ્વતંત્રતા સંગ્રામ બાદ શરૂ થઈ ચૂક્યું હતું. તેમ છતાં ભારતે પ્રથમ વિશ્વયુદ્ધમાં બ્રિટીશ હકુમતનો ખૂલીને સાથ આપ્યો હતો. પ્રથમ વિશ્વ યુદ્ધની સમાપ્તિએ આશા હતી કે ભારત સાથે બ્રિટીશ શાસન નરમાશથી વર્તશે. પરંતુ લોકોની ભાવનાથી વિપરીત બ્રિટીશ સરકારે મોન્ટેગુ-ચેમ્સફર્ડ સુધારા લાગુ કરી દીધા. પ્રથમ વિશ્વયુદ્ધ વખતે પંજાબના ક્ષેત્રોમાં બ્રિટીશરો સામે વિરોધ કંઈક વધારે પ્રમાણમાં સપાટી પર આવ્યો હતો. તેને દબાવવા માટે ભારતે પ્રતિરક્ષા કાયદો (૧૯૧૫) લાગુ કરીને તેને કચડી નાખ્યું હતું. ત્યારબાદ ૧૯૧૮માં એક બ્રિટીશ જજ સિડની રોલેટની અધ્યક્ષતામાં એક સમિતિની નિમણૂંક કરવામાં આવી હતી. આ સમિતિની જવાબદારી ભારતમા ખાસ કરીને પંજાબ અને બંગાળમાં બ્રિટીશરોનો વિરોધ કઈ વિદેશી શક્તિઓની સહાયતાથી થઈ રહ્યો હતો, તેનું અધ્યયન કરવાની હતી. આ સમિતિના સૂચનો પ્રમાણે, ભારત પ્રતિરક્ષા કાયદાનો વિસ્તાર કરીને રોલેટ એક્ટ લાગુ કરી દેવામાં આવ્યો હતો. રોલેટ એક્ટનો હેતુ આઝાદી માટે ચાલી રહેલા આંદોલન પર રોક લગાવવાનો હતો. રોલેટ એક્ટના કાળા કાયદા પ્રમાણે, સરકારને વધારે અધિકાર આપવામાં આવ્યા હતા. તેમાં તેઓ પ્રેસ પર સેન્સરશિપ લગાવી શકે, નેતાઓને કેસ વગર જેલમાં રાખી શકે, લોકોને વોરંટ વગર પકડી શકે, તેમના પર વિશેષ ટ્રીબ્યુનલોમાં જવાબદેહી વગર ચુકાદા ચલાવી શકાતા હતા. રોલેટ એક્ટ તે સમયે બ્રિટીશ હકુમતની દમનકારી નીતિઓનું વાહક બની ગયો હોવાથી તેની સામે વિરોધનું વાતાવરણ બની ગયું હતું. તેને કાળા

કાયદા તરીકે ઓળખવામાં આવતો હતો અને લોકો તેના વિરોધમાં ધરપકડ વહોરી રહ્યા હતા. ગાંધીજી ત્યારે દક્ષિણ આફ્રિકાથી ભારત આવી ચૂક્યા હતા અને ધીમે ધીમે તેમની લોકપ્રિયતા વધી રહી હતી. તેમણે રોલેટ એક્ટના વિરોધનું આહવાન કર્યું હતું. તેને કચડવા માટે બ્રિટીશ સરકારે વધુ નેતાઓ અને લોકોની ધરપકડો કરી હતી. જેનાથી જનતાનો આક્રોશ વધ્યો હતો અને લોકોએ રેલવે તથા તાર-ટપાલ સેવાઓને બાધિત કરી હતી. આંદોલન એપ્રિલના પ્રથમ સપ્તાહમાં તેની ચરમસીમા પર પહોંચ્યું હતું. લાહોર અને અમૃતસરની સડકો પર માનવ મહેરામણ ઉમટેલો રહેતો હતો. લગભગ ૫ હજાર લોકો જલિયાંવાલા બાગમાં ભેગા થયા હતા. બ્રિટીશ સરકારના ઘણાં અધિકારીઓ તેને ૧૮૫૭ની ક્રાંતિ અને તેમની દૃષ્ટિએ વિપ્લવના પુનરાવર્તન જેવી પરિસ્થિતિ લાગી રહી હતી. તેને ન થવા દેવા અને કચડવા માટે તેઓ કંઈપણ કરવા માટે તૈયાર હતા.

આંદોલનના બે નેતાઓ સત્યપાલ અને સૈફુદ્દીન કિચલુની ધરપકડ કરીને કાળા પાણીની સજા કરવામાં આવી હતી. ૧૦ એપ્રિલ, ૧૯૧૯ના રોજ અમૃતસરના ઉપ-કમિશનરના ઘર પર આ બંને નેતાઓને મુક્ત કરવાની માંગણી રજૂ કરવામાં આવી હતી. તે વખતના ઉકળાટભર્યા વાતાવરણમાં ૫ યુરોપીય નાગરિકોની હત્યા થઈ હતી. તેના વિરોધમાં બ્રિટીશ સિપાહીઓએ ભારતીય જનતા પર અંધાધૂંધ ગોળીબાર કરીને ૮થી ૨૦ ભારતીયોને મોતને ઘાટ ઉતારી દીધા હતા. આગામી બે દિવસ દરમિયાન અમૃતસર તો શાંત રહ્યું હતું પરંતુ પંજાબના અન્ય ક્ષેત્રોમાં હિંસા ફેલાઈ ગઈ હતી અને અન્ય ૩ યુરોપીય નાગરિકોની હત્યા થઈ હતી. આ પ્રકારની પરિસ્થિતિને કચડવા માટે પંજાબના મોટાભાગના વિસ્તારમાં માર્શલ લૉ લાગુ કરી દીધો હતો.

બૈશાખીના દિવસના રોજ અમૃતસરના જલિયાંવાલા બાગમાં એક સભા રાખવામાં આવી હતી. તેમાં કેટલાક નેતાઓ ભાષણ આપવાના હતા. શહેરમાં કરફ્યુ લાગેલો હતો. તેમ છતાં તેમાં સેંકડો લોકો એવા હતા કે જે બૈશાખી જોવા માટે પરિવાર સાથે મેળો જોવા આવ્યા હતા અને શહેર જોવા આવ્યા હતા. તેઓ પણ સભાની ખબર સાંભળીને સભા સ્થળ તરફ જઈ રહ્યા હતા. જ્યારે બાગમાં પડેલા ઉંચાણવાળા સ્થળેથી નેતા ભાષણ આપી રહ્યા હતા, ત્યારે બ્રિગેડિયર જનરલ રેજીનોલ્ડ ડાયર ૯૦ બ્રિટીશ સૈનિકો સાથે લઈને ત્યાં પહોંચી ગયા હતા. તેમના બધાના હાથમાં ગોળીઓ ભરેલી રાઈફલ હતી. નેતાઓએ સૈનિકોને જોયા, તો તેમણે ત્યાં ઉપસ્થિત લોકોને શાંતિથી બેસી રહેવા કહ્યું હતું. **સૈનિકોએ બાગને ઘેરીને કોઈપણ ચેતવણી આપ્યા વગર નિઃશસ્ત્ર લોકો પર ગોળીબાર કરવાના શરૂ કરી દીધા હતા. ૧૦ મિનિટમાં કુલ ૧૬૫૦ રાઉન્ડ ગોળીઓ ફાયર થઇ હતી.** જલિયાંવાલા બાગ તે સમયે મકાનો પાછળ ખાલી પડેલું એક મેદાન હતું. ત્યાં સુધી જવા અને આવવા માટે એકમાત્ર સાંકડો રસ્તો હતો અને ચારે તરફ મકાનો હતા. ભાગવા માટે કોઈ રસ્તો ન હતો. કેટલાક લોકો જીવ બચાવવા માટે મેદાનમાં રહેલા એકમાત્ર કૂવામાં કૂદી ગયા. પરંતુ જોતજોતામાં તે કૂવામાં લાશોનો ઢગલો થયો હતો.

જલિયાંવાલા બાગના હત્યાકાંડ બાદ ત્યાં રહેલા કૂવામાંથી ૧૨૦ લાશો કાઢવામાં આવી હતી. શહેરમાં કરફ્યુ લગાવવામાં આવ્યો હતો. જેના કારણે ઘાયલોને સારવાર માટે પણ ક્યાંય લઈ જઈ શકાયા ન હતા. લોકો સારવારના અભાવમાં તડપીને જીવ આપી રહ્યા હતા. **અમૃતસરના ડેપ્યુટી કમિશનરના કાર્યાલયમાં ૪૮૪ શહીદોની યાદી છે. જ્યારે જલિયાંવાલા બાગમાં કુલ ૩૩૮ શહીદોની યાદી છે.** બ્રિટીશ સરકારનો અભિલેખ આ ઘટનામાં ૩૭૯ લોકોના મોત અને ૨૦૦ લોકોના ઘાયલ થવાની વાતનો સ્વીકાર કરે છે. તેમના જણાવ્યા પ્રમાણે, માર્યા ગયેલાઓમાં ૩૩૭ પુરુષો, ૪૧ કિશોરો અને એક ૬ માસના બાળકનો સમાવેશ થતો હતો. **અનાધિકારીક આંકડા પ્રમાણે, ૧૦૦૦થી વધારે લોકો માર્યા ગયા હતા અને ૨૦૦૦થી વધારે લોકો ઘાયલ થયા હતા.** મુખ્યમથકે પાછા ફરીને બ્રિગેડિયર જનરલ રેજીનોલ્ડ ડાયરે પોતાના વરિષ્ઠ અધિકારીઓને ટેલિગ્રામ કરીને કહ્યું હતું કે તેમના પર ભારતીયોની એક ફોજે હુમલો કર્યો હતો. તેમાં બચવા માટે તેમને ગોળીબાર કરવા પડ્યા હતા. બ્રિટીશ લેફ્ટનન્ટ ગવર્નર માઈકલ ઓ ડાયરે તેના જવાબમાં બ્રિગેડિયર જનરલ રેજીનોલ્ડ ડાયરને ટેલિગ્રામ કરીને કહ્યું હતું કે તેણે યોગ્ય પગલું લીધું છે. તેઓ તેના નિર્ણયને અનુમોદન આપે છે. ત્યારે વાઈસરોય ચેમ્સફર્ડની સ્વીકૃતિ બાદ અમૃતસર અને અન્ય ક્ષેત્રોમાં માર્શલ લૉ લગાવી દેવામાં આવ્યો હતો. આ જઘન્ય હત્યાકાંડની દુનિયાભરમાં આકરી ટીકા થઈ હતી. તેના દબાણમાં ભારતના સેક્રેટરી ઓફ સ્ટેટ એડવિન મોન્ટેગૂએ ૧૯૧૯ના અંતમાં મામલાની તપાસ માટે હંટર કમિશનની નિમણૂંક કરી હતી. કમિશન સામે બ્રિગેડિયર જનરલ ડાયરે સ્વીકાર્યું હતું કે જલિયાવાલા બાગમાં ગોળીબાર કરીને લોકોને મારી નાખવાનો નિર્ણય તેણે ત્યાં જતા પહેલા જ કર્યો હતો. તે ત્યાં લોકોને મારી નાખવા માટે બે તોપો પણ લઈ ગયો હતો. પરંતુ રસ્તો સાંકડો હોવાથી તેને બહાર જ રાખવી પડી હતી. હંટર કમિશનના રીપોર્ટ બાદ જનરલ ડાયરને બ્રિગેડિયર જનરલમાંથી કર્નલ બનાવી દેવામાં આવ્યો હતો. તેને અપ્રિય અધિકારીઓની યાદીમાં રાખવામાં આવ્યો હતો. તેને ભારતમાં પોસ્ટ ન આપવાનો નિર્ણય કરાયો હતો અને તે સ્વાસ્થ્યના કારણોથી બ્રિટન પાછો ફર્યો હતો. બ્રિટનના હાઉસ

ઓફ કોમન્સે જલિયાંવાલા બાગ હત્યાકાંડની નિંદા કરીને પ્રસ્તાવ પારીત કર્યો હતો, પરંતુ હાઉસ ઓફ લોર્ડસે તેના વખાણ કરતો પ્રસ્તાવ પારીત કર્યો હતો. વિશ્વવ્યાપી નિંદાના દબાણમાં, બાદમાં બ્રિટીશ સરકારે તેનો નિંદા પ્રસ્તાવ પારીત કર્યો અને ૧૯૨૦માં જનરલ ડાયરે રાજીનામું આપવું પડ્યું હતું. ૧૯૨૭માં જનરલ ડાયરનું કુદરતી મૃત્યુ થયું હતું.

ગુરુદેવ રવિન્દ્રનાથ ટાગોરે આ હત્યાકાંડના વિરોધમાં 'નાઈટહુડ'નો ખિતાબ પાછો આપી દીધો હતો. આઝાદી માટે લોકોના જોશમાં આવી ઘટનાથી કોઈ ઓટ આવી ન હતી. જલિયાંવાલા બાગ હત્યાકાંડ બાદ લોકોમાં આઝાદીની આકાંક્ષા વધવા લાગી હતી. આ હત્યાકાંડની ખબર તે વખતના અપૂરતા સંચાર સાધનો છતાં જંગલમાં આગની જેમ દેશભરમાં ફેલાઈ ગઈ હતી. જલિયાંવાલા હત્યાકાંડ બાદ પણ લોકોની આઝાદી માટેની ચાહત જોઈને ગાંધીજીએ ૧૯૨૦માં અસહયોગ આંદોલનની શરૂઆત કરી હતી. **જ્યારે જલિયાંવાલા હત્યાકાંડ થઈ રહ્યો હતો ત્યારે તે સમયે સરદાર ઉધમસિંહ ત્યાં હાજર હતા અને તેમને પણ ગોળી વાગી હતી. તેણે નક્કી કર્યું હતું કે તેઓ જઘન્ય હત્યાકાંડનો બદલો લેશે. ૧૩ માર્ચ, ૧૯૪૦ના રોજ તેમણે લંડનના કેક્સટન હોલમાં ઘટના સમયે બ્રિટીશ લેફ્ટનન્ટ ગવર્નર માઇકલ ઓ ડાયરને ગોળી મારીને ઠાર કર્યો હતો.** ઉધમસિંહને ૩૧ જુલાઈ, ૧૯૪૦ના રોજ ફાંસીએ ચડાવી દેવામાં આવ્યા હતા. જલિયાંવાલા બાગના હત્યાકાંડે ૧૨ વર્ષની ઉંમરના ભગતસિંહના વિચાર પર ઘેરો પ્રભાવ પાડ્યો હતો. તેની માહિતી મળતા જ ભગતસિંહ પોતાની શાળાએથી ૧૨ માઇલ પગે ચાલીને જલિયાંવાલા બાગ પહોંચ્યા હતા અને અહીંની બલિદાની માટીને પોતાની સાથે ઘરે લઇ ગયા હતા. આ ભગતસિંહ પોતાના બે સાથીદારો સુખદેવ અને રાજગુરુ સાથે ૨૩ માર્ચ, ૧૯૩૧ના રોજ ફાંસીના માંચડે ચઢ્યા હતા. તેની પાછળ શહીદ ઉધમસિંહ, ભગતસિંહ, સુખદેવ, રાજગુરુ જેવા વીર શહીદોથી જ દેશને સાચી આઝાદી મળી હતી. તેમનું બદિલાન કદી પણ ભૂલી જવાય તેવું નથી.

'જય હિંદ', 'વંદે માતરમ' અને 'શહીદો અમર રહો' તેવા નારાથી મારો આ લેખ પૂરો કરું છું. હજી પણ બ્રિટીશના બુદ્ધિજીવીઓ ભારતમાં આવીને પોતાનો દોષ માને છે પણ માફી માંગવા તૈયાર નથી. ખરેખર તો બ્રિટીશ સંસદે એક માફીનો પ્રસ્તાવ પાસ કરવો જોઈએ. તેને બદલે હજી પણ રાબેતા મુજબ ભારતના આંતરિક મામલામાં પોતાનું માથું માર્યા કરે છે પણ સરકારની મજબૂત વિદેશ નીતિથી તેઓ નબળા પડે છે, એ પણ એક સારી બાબત છે.

મિત્રો, અનેક અખબારો અને પુસ્તકોમાં નામી અને અનામી લેખકોએ આ બનાવની સાચી વાતો લોકો સમક્ષ પ્રસ્તુત કરી છે તે સૌને મારા વંદન. નહિંતર આ ઈતિહાસ આપણી સમક્ષ આવ્યો જ ન હોત, તે પણ એક હકીકત છે.

*સંદર્ભ : ભારતનો ઈતિહાસ, વિવિધ અખબારી લેખો અને જલિયાંવાલા બાગનો ઈતિહાસ.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## રામ જાણે (છંદ : રમલ)

ખેર, સારું છે બધી ગત રામ જાણે,
નહિં તો શું શું થાત હરદમ રામ જાણે.

રાત જાગે ને નગર આખુંય ઊંઘે,
સૂર્ય શું કરતો હશે બસ રામ જાણે.

પાનખરના ત્રાસથી થઈ જાય ઠુંઠાં,
વેદના વૃક્ષોની આખર રામ જાણે.

કેટલા વરસો થયા પાંપણ મળ્યાને,
આ ઉઘાડી આંખનું દખ રામ જાણે.

જિંદગીના ભેદને જાણી શક્યા નહીં,
રામની કેવી કરામત રામ જાણે.

***કેશવ સુથાર - વાઘાસણ (બનાસકાંઠા)***
***મો. ૯૬૨૪૬ ૬૪૩૭૯***

## આગમન

*આજ અનેરો ઉજાસ હતો*
*સિતારાની આજ ચમક જુદી હતી*
*પૂરો માહોલ થઈ ગયો તરબતર*
*ગુલોની આજ મહેક જુદી હતી.*
*ખીલે છે પૂરબહાર મૌસમ*
*ચમનની આજ રોનક જુદી હતી*
*લહેરાતો હતો મંદ મંદ ગતિએ*
*સમીરની આજે ઝલક જુદી હતી*
*છૂપું સનમનું આગમન નથી રહેતું*
*નજર કરતાં નયનની ચમક જુદી હતી.*

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

# સ્મૃતિવન – ભુજ



વનરાજસિંહ જાડેજા

*"મારા દેશવાસીઓને ખૂબ નમ્રતા સાથે કહેવા માગું છું કે આપણું સ્મૃતિવન વિશ્વના અનુક શ્રેષ્ઠ સ્મારકો અને સંગ્રહાલયોની સરખામણીમાં એક ડગલું પણ પાછળ નથી. હું કચ્છના લોકોને વિનંતી કરવા માગું છું કે તમારા ઘરે જ્યારે કોઈ મહેમાન આવે, તો કૃપા કરીને સ્મૃતિવનની મુલાકાત લીધા વિના તેને જવા ન દેશો. હું કચ્છના શિક્ષણ વિભાગને પણ વિનંતી કરવા માગું છું કે જ્યારે પણ શૈક્ષણિક પ્રવાસનું આયોજન કરવામાં આવે ત્યારે શાળાના બાળકોને અહીં લાવવામાં આવે."* – આ શબ્દો છે ભારતના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના અને તેમના કહેલાં શબ્દોને લોકો સાકાર કરતા હોય તેમ ભારતના સૌથી મોટા સ્મારક અને મ્યુઝીયમ સ્મૃતિવન ભુજમાં ખૂબ જ ટુંકા ગાળામાં ૩ લાખથી વધુ મુલાકાતીઓ મુલાકાત લઈ ચૂક્યા છે.

કચ્છના ઐતિહાસિક વિરાસતના જતન, સંરક્ષણ, સંવર્ધન માટે ભુજીયા કિલ્લાનું ઐતિહાસિક મહત્ત્વ તથા તેનું ગૌરવ અને ગરિમા જળવાઈ રહે તે રીતે તેનો પ્રવાસન ધામ તરીકે વિકાસ કરવા કચ્છ ઇતિહાસ પરિષદ દ્વારા તા. ૧૭-૪-૨૦૧૦ના પત્ર દ્વારા સૌપ્રથમ માંગ તે સમયના કચ્છી મંત્રીશ્રી વાસણભાઈ આહિર સમક્ષ મૂકવામાં આવી. જે સંદર્ભે મંત્રીશ્રીએ તા. ૨૧-૪-૨૦૧૦ના પત્ર દ્વારા તે સમયના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આ અંગે કચ્છ ઇતિહાસ પરિષદના તા. ૧૭-૪-૨૦૧૦ના સંદર્ભ દર્શિત પત્રને ટાંકીને રજૂઆત કરી અને પરિણામે ભુજીયાને પ્રવાસન ધામ તરીકે વિકસાવવાની વિકાસગાથાની શરૂઆત થઈ.

આ સ્મૃતિવન પ્રોજેક્ટ તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન મા. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ હેઠળ આકાર પામ્યું છે. સ્મૃતિવનનું સંપૂર્ણ બિલ્ડિંગ માર્ગ અને મકાન વિભાગ અંતર્ગત કરવામાં આવ્યું છે. આર્કિટેક્ટ કાર્ય અમદાવાદના વાસ્તુ શિલ્પ કન્સલ્ટન્ટ દ્વારા થયેલ છે. જ્યારે ઓડિટોરીયમ અંદરના ઈન્ટીરીયર અને લાઈટિંગનું કામ દિલ્હીની ડિઝાઈન ફેક્ટરી ઈન્ડિયા લિમિટેડ દ્વારા કરવામાં આવ્યું છે. જેની દેખરેખ જીએસડીએમએ ના સંપૂર્ણ માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવેલ છે.

તા. ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના રોજ સવારે ૦૮.૪૬ વાગ્યાના અરસામાં દોઢ મિનિટ સુધી ચાલેલા ૬.૯ની તીવ્રતા ધરાવતા ગોઝારા ભૂકંપને બે દાયકા પૂર્ણ થઈ ગયા છે. બે દાયકા પૂર્વે આવેલી કુદરતી આફતે કચ્છને નામશેષ કરી નાખ્યું હતું અને અમીર-ગરીબ સૌ કોઈ એક કતારમાં આવી ગયા હતા. લોકો એટલા બધા શોકમાં આવી ગયા હતા કે રડી પણ નહોતા શકતા. એવા ધરતીકંપમાં ૧૩૮૦૫ લોકોએ જીવ ગુમાવ્યો હતો. એ તમામ દિવંગત આત્માઓની સ્મૃતિને કાયમ રાખવા મા. મોદીજીના ડ્રીમ પ્રોજેક્ટ હેઠળ સ્મૃતિવન આકાર પામ્યું છે. જ્યાં ભૂકંપ અંગેની સચોટ માહિતી આપતા પ્રકલ્પોનું નિર્માણ કરવામાં આવ્યું છે. મુલાકાતે આવતા લોકો માટે પ્રવાસની સાથે ભૂકંપલક્ષી ઝીણવટભરી જાણકારી આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

સ્મૃતિવન અથવા સ્મૃતિવન ભૂકંપ સ્મારક અને સંગ્રહાલય ગુજરાતના કચ્છ જિલ્લાના ભુજમાં ભુજિયા ડુંગર પર આવેલું ધરતીકંપના પીડિતોને સમર્પિત એક સ્મારક ઉદ્યાન અને સંગ્રહાલય છે. મ્યુઝીયમમાં સાત અલગ અલગ વિષયો પર આધારીત સાત પ્રદર્શન વિભાગો આવેલા છે. કચ્છના ઇતિહાસપ્રેમીઓની સંસ્થા એવી કચ્છ ઇતિહાસ પરિષદે તેના ૩૨મા સ્થાપના દિવસની પૂર્વ સંધ્યાએ તા. ૧૩-૦૧-૨૦૨૩ના મ્યુઝીયમની કચ્છ ઇતિહાસ પરિષદના પ્રમુખશ્રી સાવજસિંહજી જાડેજાના નેતૃત્વમાં ઉપપ્રમુખશ્રી શંભુલાલભાઈ જોશી, મહામંત્રીશ્રી પ્રમોદભાઈ જેઠી, મંત્રીશ્રી વનરાજસિંહ જાડેજા અને સહદેવસિંહ જાડેજા સાથે મળીને કુલ ૪૫ સંશોધક સભ્યોએ રિજિયોનલ સાયન્સ સેન્ટરની મુલાકાત લઈને અનેક બાબતોથી વાકેફ થયા હતા. જેમાં વિજ્ઞાન અને પ્રકૃતિ તથા તેના દ્વારા ઉત્પન્ન થતી ઊર્જાના તકનીકીની સરળ માહિતી દ્વારા સમજૂતી, નેવિગેશનને લગતા ટેકનિકલ સાધનો, દરિયામાં નાવિકો દ્વારા થતું કોમ્યુનિકેશન, દિશા જાણવાની સાંકેતિક ભાષા, બોન્સાઈ વૃક્ષો વિશેની માહિતી, ઊર્જાના સોર્સ, વોટરપ્રુફ અને બુલેટપ્રુફ જેકેટ, હલકા વજનની સાઈકલ, રેકેટ, બ્રહ્માંડ, આકાશગંગા,

સૂર્ય, ચંદ્ર, નક્ષત્રો, તારા, ગેલેક્સીઓ, સ્પેસ વિજ્ઞાન વગેરે વગેરે... અનેક બાબતો વિશે વાકેફ થયા અને સાથે સાથે કચ્છ ઈતિહાસ પરિષદ દ્વારા એવા સૂચનો પણ કરીને ત્યાંના વ્યવસ્થાપકોનું ધ્યાન દોરવામાં પણ આવ્યું. જેથી તેમના સૂચનો યોગ્ય જગ્યાએ પહોંચી શકે.

- **કચ્છ ઇતિહાસ પરિષદના સૂચનો :**

વિવિધ ગેલેરીઓમાં કચ્છનો લોકલ ઈતિહાસ પણ પ્રદર્શનમાં ઉજાગર થવો જોઈએ. મહારાવશ્રી ગોડજી પહેલા અને મહારાવશ્રી લખપતજી તથા મહારાવશ્રી પ્રાગમલજી બીજાએ વહાણવટાના વેપારને પ્રોત્સાહન આપેલ. કચ્છના મુખ્ય બંદરો માંડવી, મુંદ્રા, લખપત, જખૌ, ભદ્રેશ્વરની નોંધ પણ મૂકાય. તેમજ માંડવીના શિવજી ભૂદા જેવા વહાણોના મોડેલ બનાવેલ છે તેમના વિશેની માહિતી પણ મૂકાવી જોઈએ. કચ્છના મહારાવશ્રીની અંગત આગબોટ રંગમતી અને બીજી નાગમતી આઝાદી બાદ સરકારશ્રીને કંડલા સિસ્ટમ ડિપાર્ટમેન્ટને સુપ્રત કરવામાં આવી. જેના વિશે પણ ફોટા સાથે માહિતી ગેલેરીમાં પ્રદર્શિત થવી જોઈએ. તેમજ દરેક ગેલેરી પાસેનું લખાણ અંગ્રેજી અને હિંદીમાં છે તેમ પ્રાદેશિક ભાષા ગુજરાતીમાં પણ હોવું જોઈએ. નેવિગેશન ગેલેરીમાં પણ વાસ્કો-દ-ગામાને ભારત આવવાનો જળમાર્ગ બતાવનાર રામસિંહ માલમ, તેમજ મહારાવશ્રી ગોડજી અને મહારાવશ્રી લખપતજી કે જેમણે પોતાનું એક જહાજ બનાવી માંડવીથી લંડન મોકલેલ જે ઇ.સ. ૧૭૭૦માં જે ઇંગ્લેન્ડથી પરત ફરેલ જેની નોંધ ઈતિહાસમાં છે તો આવી અનેક કચ્છની લોકલ માહિતી, જે દેશ અને દુનિયાના ઈતિહાસ સાથે સંકળાયેલ છે તેવી માહિતી ગેલેરીમાં પ્રદર્શિત થવી જોઈએ. આમ, કચ્છ ઈતિહાસ પરિષદના ૩૨મા સ્થાપના દિનના અનુસંધાને યોજાયેલ કાર્યક્રમમાં કચ્છના લોકલ ઈતિહાસને પ્રાધાન્ય મળે તે સ્વરૂપે અનેક સૂચનો કરવામાં આવ્યા હતા.

સ્મૃતિવન મેમોરીયલમાં અત્યાધુનિક સ્મૃતિવન ધરતીકંપ મ્યુઝિયમ છે, જે સાત થીમ પર આધારિત સાત બ્લોકમાં વિભાજિત કરવામાં આવ્યું છે. પુનઃજન્મ, પુનઃશોધ, પુનઃસ્થાપિત, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનઃપ્રાપ્તિ અને નવીનીકરણ.

પ્રથમ બ્લોક પૃથ્વીની ઉત્ક્રાંતિ અને તેની દરેક વખતે કાબૂ મેળવવાની ક્ષમતા દર્શાવે છે. બીજો બ્લોક રી-ડિસ્કવર થીમ પર આધારિત, ગુજરાતની ટોપોગ્રાફી અને વિવિધ કુદરતી આફતો કે રાજ્ય સંવેદનશીલ છે તે દર્શાવે છે. ત્રીજો બ્લોક ધરતીકંપની તાત્કાલિક અસર દર્શાવે છે. જેમાં વ્યક્તિઓ તેમજ સંસ્થાઓ દ્વારા હાથ ધરવામાં આવેલા જંગી રાહત પ્રયાસોને સંબોધિત કરતી ગેલેરીઓ છે. ચોથો બ્લોક ગુજરાતનાં પુનઃ નિર્માણની પહેલ અને ૨૦૦૧ના ભૂકંપ પછીની સફળતાની વાતોનું પ્રદર્શન કરે છે. પાંચમો બ્લોક પુનઃ નિર્માણ થીમ પર આધારિત મુલાકાતીઓને વિવિધ પ્રકારની આપત્તિઓ અને નુકસાન તેમજ જાનહાનિ ઘટાડવા માટે ભવિષ્યની તૈયારી વિશે વિચારવા અને જાણવા માટે પ્રોત્સાહિત કરશે. છઠ્ઠા બ્લોકમાં 5-D સિમ્યુલેટર છે, જેનો ઉપયોગ કરીને મુલાકાતીઓ ભૂકંપના અનુભવને ફરી જીવંત કરી શકે છે અને આ સ્કેલ પર ઘટનાની વાસ્તવિક્તા જાણી શકે છે. સાતમો અને અંતિમ બ્લોક લોકોને યાદ કરવા માટે જગ્યા પ્રદાન કરે છે, જ્યાં તેઓ ખોવાયેલા આત્માઓને શ્રદ્ધાંજલી આપી શકે છે.

વર્ષ ૨૦૦૧માં આવેલા ભૂકંપમાં જીવ ગુમાવનારાઓની સ્મૃતિમાં આ વિશેષ વનનું નિર્માણ કરાયું છે. દેશ-વિદેશના મુલાકાતીઓ કચ્છની ખુમારીથી અભિભૂત થયા. સ્થાનિકો માટે હવે આ સ્થળ કલ્ચરલ હબ બની રહ્યું છે. રીયલ ટાઈમ ભૂકંપનો અનુભવ કરાવવા માટે મ્યુઝીયમમાં ખાસ થિયેટર બનાવવામાં આવેલ છે.

**૨૮ ઓગસ્ટ, ૨૦૨૨ના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ કચ્છના ભુજમાં સ્મૃતિવનનું લોકાર્પણ કર્યું હતું.** ૨૬ જાન્યુઆરી, ૨૦૦૧ના ત્રાટકેલા ગોઝારા ભૂકંપે કચ્છને ઘમરોળી નાખ્યું હતું અને તેમાં ભોગ બનેલા નાગરિકોના સન્માનમાં આ સ્મૃતિવનનું નિર્માણ કરવામાં આવ્યું છે.

- **૪૭૦ એકર વિસ્તારમાં સ્મૃતિવન પ્રોજેક્ટ**

ભુજના ભુજીયા ડુંગર પર ૪૭૦ એકર વિસ્તારમાં પ્રોજેક્ટ નિર્માણ પામ્યો છે. અહીં વિશ્વનું સૌથી વિશાળ મિયાવાકી જંગલ છે જેમાં ૩ લાખ વૃક્ષો છે. તે સિવાય ૫૦ ચેકડેમ છે. જેમાં શ્રદ્ધાંજલિ તરીકે કુલ ૧૨,૯૩૨ પીડિત નાગરિકોના નામની તક્તી અહીં ચેકડેમની દીવાલો પર મૂકવામાં આવી છે. તે સિવાય સન પોઈન્ટ, ૮ કિ.મી. લંબાઈના ઓવરઓલ પાથ વે, ૧.૨ કિ.મી. આંતરીક રોડ, ૧ મેગાવોટ ક્ષમતાનો સોલાર પાવર પ્લાન્ટ, ૩ હજાર મુલાકાતીઓ માટે પાર્કિંગ, ૩૦૦+ વર્ષ જૂના કિલ્લાનું નવીનીકરણ, ૩ લાખ વૃક્ષોનું વાવેતર, સમગ્ર વિસ્તારમાં ઈલેક્ટ્રીક લાઈટીંગ અને ૧૧૫૦૦ ચોરસ મીટરમાં ભૂકંપને સમર્પિત મ્યુઝીયમનો સમાવેશ થાય છે.

- **ભૂકંપનો અનુભવ કરવા માટે વિશેષ થિયેટર**

૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરવા માટે એક વિશેષ થિયેટરનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં ધ્રુજારી અને

ધ્વનિ તથા પ્રકાશના સંયોજનથી એક વિશેષ પરિસ્થિતિનો અનુભવ કરાવવામાં આવે છે. ૩૬૦ ડિગ્રી પર પ્રોજેક્શનની મદદથી ૨૦૦૧માં આવેલા ભૂકંપની અનુભૂતિ કરી શકાય છે. મ્યુઝીયમમાં કુલ આઠ બ્લોક છે જેમને પુનઃ સંરચના, પુનઃ પરિચય, પુનઃ પ્રત્યાવર્તન, પુનઃનિર્માણ, પુનઃવિચાર, પુનઃઆવૃત્તિ અને પુનઃસ્મરણ નામ આપવામાં આવ્યું છે. અહીં ઐતિહાસિક હડપ્પન વસાહતો, ભૂકંપને લગતી વૈજ્ઞાનિક માહિતી, ગુજરાતની કળા અને સંસ્કૃતિ, વાવાઝોડાનું વિજ્ઞાન, રીયલ ટાઈમ આપાતકાલીન સ્થિતિ અંગે કન્ટ્રોલ રૂમ દ્વારા સમજૂતી તેમજ ભૂકંપ બાદના ભુજની સાફલ્યગાથાઓ અને રાજ્યની વિકાસયાત્રા વર્કશોપ અને પ્રેઝન્ટેશન દ્વારા દર્શાવવામાં આવી છે.

- **ફીટનેસ, યોગ ક્લાસ અને સંગીતના કાર્યક્રમો**

ભુજ તેમજ રાજ્યના નાગરિકો એકસાથે આવી શકે તે હેતુથી અહીં યોગ ક્લાસ અને વર્કશોપ, ઓપન માઈક, સ્કેટીંગ કાર્યક્રમો, ઝુમ્બા ગેટ-ટુ-ગેધર, વોટીંગ માટેની જાગૃતિના કાર્યક્રમ, સંગીતના કાર્યક્રમ અને દીવાઓથી દિવંગતોની શાંતિ માટેના કાર્યક્રમ યોજાય છે. તેના લીધે સ્મૃતિવન એક સાંસ્કૃતિક કેન્દ્ર પણ બન્યું છે જેમાં ભુજ સહિત આસપાસના વિસ્તારોમાંથી લોકો આવી રહ્યા છે.

- **કાફે, ઓડિટોરીયમ અને ટોઈલેટ બ્લોક પણ ઉપલબ્ધ**

વનની અંદરના ભાગે ત્રણ એન્ટ્રી પોઈન્ટ આવેલા છે. જ્યાં ૩ એમિનિટીસમાં જિલ્લાના ૧૦ તાલુકા પ્રમાણે ૨૦૦૧ના ભૂકંપમાં જીવ ગુમાવનારા હતભાગીઓની યાદમાં તેમનાં નામ દર્શાવતી તક્તીઓ મૂકવામાં આવી છે. સાથે સાથે કાફે, ઓડિટોરીયમ અને ટોઈલેટ બ્લોક ઉપલબ્ધ છે. જેનો મુલાકાતીઓ ઉપયોગ કરી શકશે. જ્યારે ૨૩૫ લોકો બેસી શકે એ માટે ઓડિટોરિયમ સંકુલમાં લોકો કોઈપણ પ્રકારના કાર્યક્રમો યોજી શકે એની પણ સુવિધા ઊભી કરવામાં આવી છે.

- **૫૦ ચેકડેમ તૈયાર કરવામાં આવ્યા**

સ્મૃતિવનની વિશેષતાઓ પરની વાત કરવામાં આવે તો અહીં ૫૦ ચેકડેમ તૈયાર કરવામાં આવ્યા છે. જેમાં સ્પ્રિંક્યુલર પદ્ધતિ વડે પોણા ત્રણ લાખ રોપાઓ અને વૃક્ષોને પાણી પહોંચાડવામાં આવે છે. ચેક ડેમ અંદર વરસાદી પાણીનો સંગ્રહ પણ કરવામાં આવશે.

- **૧ મેગા વોટ સાથેનો સોલર પ્લાન્ટ તૈયાર**

વનની અંદર ૧ મેગા વોટ સાથેનો સોલર પ્લાન્ટ તૈયાર કરવામાં આવ્યો છે. જેના દ્વારા મળતી વીજળીની બચત વનની લાઈટીંગમાં ખર્ચ થતી વીજ ઉર્જા માટે ઉપયોગી બની રહેશે. તો પાર્કમાં આવનાર સહેલાણીઓ માટે વિશાળ પાર્કિંગ સુવિધા પણ ઊભી કરવામાં આવી છે.

- **પોસ્ટકાર્ડ અને દીપોત્સવ**

અનેક યુવાનોના પથદર્શક અને સમગ્ર દેશમાં અંગદાન જાગૃતિના પ્રણેતા તેમજ સવાયા કચ્છી એવા સામાજિક કાર્યકર્તા શ્રી દિલીપભાઈ દેશમુખની પ્રેરણાથી કચ્છની જનતા દ્વારા સ્મૃતિવન બાબેત મોદીજીનો આભાર માનતા ૨૭૦૦૦ પોસ્ટકાર્ડ લખવામાં આવ્યા. તો તેમના માર્ગદર્શનથી દિવાળીના પર્વ ઉપર ભૂકંપમાં દિવંગત થયેલ આત્માઓને શ્રદ્ધાંજલી રૂપે ૧૧૦૦૦થી ઉપર દિવડાઓની હારમાળા કરવામાં આવી. જેમાં આજુબાજુના વિસ્તારો અને ગામડાંઓમાંથી અનેક વ્યક્તિઓ અને સંસ્થાઓના પ્રતિનિધિઓ પણ આ કામમાં જોડાયા.

- **જાણીતી હસ્તીઓ મ્યુઝીયમથી અભિભૂત થઈ**

ખ્યાતનામ દિગ્ગજોએ ભુજીયા ડુંગર પર નિર્માણ કરાયેલા આ મ્યુઝીયમની પ્રશંસા કરી છે. તેમાં જાણીતા રાજનેતાઓ, સશસ્ત્ર દળના અધિકારીઓ, સફળ સીઈઓ, ક્રિકેટર્સ, અભિનેતાઓ, ભૂતપૂર્વ મુખ્યમંત્રી, આર.બી.આઈ.ના ગવર્નર, જી-૨૦ દેશના પ્રતિનિધિઓ અને અન્ય મહાનુભાવોનો સમાવેશ થાય છે.

ભારતીય રીઝર્વ બેંકના ગવર્નરશ્રી શશીકાંત દાસજી સ્મૃતિવનની મુલાકાતના પ્રતિભાવમાં જણાવેલ છે કે : *"૨૦૦૧ના ધરતીકંપનો સાર જેટલી સારી રીતે અહીં ગ્રહણ કરવામાં આવ્યો છે, તે એક નમ્ર અનુભવ છે. તે આપણને પ્રકૃતિનો આદર કરવાનું શીખવે છે અને સાથે એ પણ શીખવે છે કે પ્રકૃતિ આપણા જીવનમાં કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે. જે જીવ આપણે ગુમાવ્યા છે, તે ખૂબ જ દુઃખની ક્ષણ હતી. ભૂકંપથી પ્રભાવિત થયેલા લોકોના પુનર્વસન માટે અથાક મહેનત કરનારી ટીમને હું અભિનંદન આપું છું. સ્મૃતિવનના નિર્માણમાં સંકળાયેલી ટીમની પણ હું પ્રશંસા કરવા માગું છું અને અસરગ્રસ્ત લોકોની સ્મૃતિને જાળવી રાખવા અને ભવિષ્યની પેઢીને આપત્તિની તૈયારીના મહત્ત્વ વિશે શિક્ષિત કરવા માટેના સંગ્રહાલયના પ્રયાસોને બિરદાવું છું.*

*મ્યુઝીયમના દરેક નાના ખૂણામાં એક વાર્તા છે, જેનો દરેક વ્યક્તિએ ઓછામાં ઓછો એકવાર અનુભવ કરવો જોઈએ. અવશ્ય મુલાકાત લેવી જોઈએ."*

***ભુજ, કચ્છ.***
***મો. ૮૮૪૯૧ ૮૪૦૧૧***

# માતાના મઢ ખાતે આશાપુરા માતાનું મંદિર

સંકલિત

કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજથી ૧૦૫ કિ.મી.ના અંતરે આશાપુરા માતાનું મંદિર આવેલું છે, જે ગુજરાતભરમાં તેમજ ગુજરાતીઓમાં 'માતાના મઢ' તરીકે પ્રસિદ્ધ છે. આ મંદિરની ચારેબાજુ નાની નાની ટેકરીઓ અને પર્વતો આવેલા છે. અહીં આશાપુરા માતાની છ ફૂટ ઊંચી અને છ ફુટ પહોળી સ્વયંભુ મૂર્તિ બિરાજમાન છે. માતાની મૂર્તિ મનુષ્યના શરીર કરતાં પણ ઊંચી છે પરંતુ તે માત્ર ગોઠણ સુધી જ છે.

એવું કહેવાય છે કે, આજથી લગભગ દોઢ હજાર વર્ષ પહેલા દેવચંદ નામનો મારવાડનો કરાડ વૈશ્ય (વાણિયો) કચ્છમાં વેપાર માટે ફરતો હતો. તે દરમિયાન તાજેતરમાં જ્યાં આશાપુરા માતાનું મંદિર છે તે જગ્યાએ તે વાણિયાએ આસો મહિનાની નવરાત્રી હોવાથી માતાજીની સ્થાપના કરી અને ખૂબ જ ભક્તિભાવપૂર્વક માતાની આરાધના કરી હતી. તેની ભક્તિને જોઈને માતા ખૂબ ખુશ થયા અને તેને સ્વપ્નમાં દર્શન આપીને જણાવ્યું કે, 'વત્સ, તે જે જગ્યાએ મારું સ્થાપન કર્યું છે તે જગ્યાએ મારું મંદિર બંધાવડાવજે. પરંતુ મંદિરના દરવાજા છ મહિના સુધી ઉઘાડતો નહીં.' વાણિયાએ ખુશ થઈને એવું જ કર્યું અને મંદિરની રખેવાળી કરવા માટે તે પોતાનું ઘર છોડીને અહીં આવીને વસવા લાગ્યો. પાંચ મહિના પૂરા થયા બાદ મંદિરના દ્વારા પાછળથી તેને ઝાંઝર અને ગીતનો મધુર અવાજ સંભળાયો. અંદર જઈને તેણે જોયું તો દેવીની ભવ્ય મૂર્તિના દર્શન થયા. પરંતુ તેને યાદ આવ્યું કે તેણે માતાજીએ આપેલા સમયના એક મહિના પહેલા જ મંદિરના દ્વાર ખોલી દીધા છે. જેને કારણે માતાજીની અર્ધવિકસિત મૂર્તિનું નિર્માણ થયું હતું. પોતાના આ કૃત્ય બદલ તેણે માતાજીના ચરણોમાં પડીને માફી માંગી. માતાજીએ તેની ભક્તિ પર પ્રસન્ન થઈને તેને માફી આપી દીધી અને તેને વરદાન માંગવા કહ્યું. વરદાનમાં તેણે પુત્ર રત્નની માંગણી કરી. પરંતુ માતાજીએ કહ્યું કે તારી ઉતાવળને લીધે મારા ચરણોનું પ્રાગટ્ય અધૂરું રહી ગયું.

૧૮૧૯માં કચ્છમાં આવેલા ભૂકંપ દરમિયાન આ મંદિરને ભારે નુકસાન થયું હતું. ત્યારબાદ પાંચ જ વર્ષમાં સુંદરજી શિવજી અને વલ્લભજીએ આ મંદિરને ફરીથી બંધાવી દેવડાવ્યું હતું. ત્યારબાદ ૨૦૦૧માં આવેલા ભૂકંપમાં ફરીથી આ મંદિરને નુકસાન થયું હતું. પરંતુ થોડાક જ સમયમાં આ મંદિરને ફરી બનાવાયું.

આશાપુરા માતા કચ્છના પ્રમુખ દેવી-દેવતાઓમાંના એક છે. તેમનું નામ સૂચવે છે તેમ આ દેવી છે, જે તેમના પર શ્રદ્ધા ધરાવનારા અને પૂજનારાઓની ઈચ્છાઓ પૂરી કરે છે એવી માન્યતા છે. આશાપુરા માતાની મોટાભાગની મૂર્તિ વિશેની વિશિષ્ટ વસ્તુ એ છે કે તેમાં આંખની ૭ જોડીઓ હોય છે.

તેમના મંદિરો મુખ્યત્વે ગુજરાત અને રાજસ્થાનમાં જોવા મળે છે. આશાપુરા માતાજી પૌરાણિક દેવી શાકંભરીનું સ્વરૂપ મનાય છે.

ઘણાં કચ્છી સમુદાયો તેમને કુળદેવી અથવા ઈષ્ટદેવી (કુળદેવીથી અલગ આરાધ્ય દેવી) માને છે જેમકે ચૌહાણ, જાડેજા રાજપૂતો, કચ્છ રજવાડું, નવાનગર રજવાડું, રાજકોટ, મોરબી, ગોંડલ રાજ્ય અને ધ્રોળના રાજવંશો તેમને ઈષ્ટદેવી માને છે. દેવીનું મુખ્ય મંદિર કચ્છમાં આવેલ માતાના મઢ ખાતે આવેલું છે. જ્યાં કચ્છના જાડેજા શાસકોની ઈષ્ટદેવી અને પ્રદેશની મુખ્ય ક્ષેત્રપાલિકા દેવી તરીકે તેમની પૂજા થાય છે. કચ્છના ગોસર અને પોલડિયા સમુદાયો તેમને કુળદેવી માને છે.

સિંધી સમુદાયના ખીચડા કુળના લોકો આશાપુરા માતાની કુળદેવી તરીકે પૂજા કરે છે. ગુજરાત જૂનાગઢના દેવચંદાની પરિવાર તેમના કુળદેવી તરીકે પૂજા કરે છે. જૂનાગઢમાં ઉપરકોટની બાજુમાં તેમનું મંદિર છે.

ગુજરાતમાં પણ ઘણા ચૌહાણ, તરાળ (ઠાકોર), પુરબીય જેવા બારીયા રાજપુતો પણ તેમની કુળદેવી તરીકે પૂજા કરે છે. દેવડા રાજપૂતો પણ તેમને કુળદેવી તરીકે તેમની પૂજા કરે છે. બિલોર જેવા બ્રાહ્મણ જ્ઞાતિઓ, ગૌર (લાટ), ઠાંકી, પંડિત અને દવે પુષ્કર્ણા, સોમપુરા સલાટ પણ તેમને કુળદેવી તરીકે પૂજે છે. વૈશ્ય સમુદાયમાં, જેમ કે વિજયવર્ગીય જ્ઞાતિ તેમની પૂજા કરે છે. બ્રહ્મક્ષત્રિય જાતિ પણ તેમની કુળદેવી તરીકે ઉપાસના કરે છે.

રાજકોટ, ધ્રાફા, સુરતના રઘુવંશી લોહાણાઓનો સોઢા તરીકે ઓળખાતો સમુદાય પણ તેમની કુળદેવી તરીકે પૂજા કરે છે.

આશાપુરા માતાનું મુખ્ય અને મૂળ મંદિર, કચ્છના માતાના મઢમાં આવેલું છે. જ્યાં કચ્છના જાડેજા શાસકો તેમની કુળદેવી અને

(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૦ ઉપર)

# રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, **અગ્નિશમન દિન અથવા રાષ્ટ્રીય અગ્નિશમન સેવા દિન ભારત દેશમાં દર વર્ષની ૧૪મી એપ્રિલના દિવસે મનાવવામાં આવે છે.** ૧૪મી એપ્રિલ, ૧૯૪૪ના દિવસે મુંબઈના બંદર ખાતે ફોર્ટ સ્ટીકેન નામના માલવાહક જહાજમાં રૂ ની ગાંસડીઓ, વિસ્ફોટકો તેમજ યુદ્ધસામગ્રી ભરેલ હતી. આ જહાજમાં અકસ્માતે આગ લાગી હતી. તેમાં અકસ્માતે આગ લાગતાં અગ્નિશમન સેવાના કર્મચારીઓ આગ હોલવવાનું કાર્ય કરતા હતા. આ દરમિયાન જહાજમાં વિસ્ફોટક સામગ્રી હોવાને કારણે અગ્નિશમન સેવાના ૬૬ કર્મચારીઓ આગની લપેટમાં આવી વીરગતિ પામ્યા હતા. આ શહીદોને શ્રદ્ધાંજલિ અર્પણ કરવા તેમજ આગથી બચવાના ઉપાય માટે જનજાગૃતિ લાવવાના હેતુસર દેશભરમાં આ દિવસ મનાવવામાં આવે છે.

મિત્રો, સુરત ટ્યુશન ક્લાસમાં ગોઝારી આગ લાગવાની ઘટનામાં નાના ભૂલકાઓ હોમાઈ ગયા હતા. તેના કારણે તમામ ટ્યુશન ક્લાસમાં ફરજિયાત ફાયર સેફ્ટીના સાધનો લગાડવાનું જે તૂત ઉપડ્યું હતું તેનો અમલ હજી સુધી કોઈએ કર્યો નથી. કદાચ બીજી કોઈ ઘટના બને તેની રાહ તંત્ર કે લોકો જોતા લાગે છે.

આગ લાગવા માટે મુખ્ય ત્રણ વસ્તુ જવાબદાર છે : બળતણ, ઓક્સિજન (હવા) અને ગરમી.

***આગનું વર્ગીકરણ આ પ્રમાણે છે :***

| ક્લાસ | પદાર્થ | ઉદાહરણ | આગ ઓલવવાના ઉપાય |
|---|---|---|---|
| ક્લાસ A | ઘન પદાર્થ | લાકડું, કપડાં | રેતી, પાણી, $CO_2$ |
| ક્લાસ B | પ્રવાહી પદાર્થ | પેટ્રોલ, ડીઝલ | રેતી, ફોમવાળું પાણી |
| ક્લાસ C | વાયુ પદાર્થ | LPG, CNG | DCP |
| ક્લાસ D | મેટલ પદાર્થ | કોપર, એલ્યુમિનિયમ | $CO_2$, DCP, CTC, HALON |
| ક્લાસ E | ઈલેક્ટ્રીકલ આગ | ટ્રાન્સફોર્મર, પેનલ બોર્ડ | DCP, CTC, HALON |
| ક્લાસ F | કિચન ફાયર | ખાદ્ય ચરબી, તેલ, ઘી | પાણી, ધાબળો |

આગ ઓલવવા માટે વપરાતું DCP પ્રકારનું ફાયર એક્સ્ટીંગ્યુશર કોઈ પણ પ્રકારની આગ ઓલવવા માટે વપરાય છે. તેનું પૂરું નામ Dry Chemical Powder છે. તેમાં પાવડર તરીકે મોનોમોનિયમ ફોસ્ફેટ અને એમોનિયમ સલ્ફેટ વપરાય છે. ઈલેક્ટ્રીકલ આગ માટે ખાસ હેલોન પ્રકારનું ફાયર એક્સ્ટીંગ્યુશર વપરાય છે. તેમાં કેમિકલ તરીકે બ્રોમો ક્લોરોડીફ્લોરો મિથેન (BCF), કાર્બન ટેટ્રા ક્લોરાઈડ (CTC) વપરાય છે. આ ફાયર એક્સ્ટીંગ્યુશર ઉપર અત્યારે પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે કારણકે તેનાથી ઓઝોનના લેયરને બહુ જ નુકસાન થાય છે. આગ લાગે ત્યારે પાણીને બદલે રેતી અને ભીનું કપડું નાખવું હિતાવહ છે. આગની ગૂંગળામણથી બચવા જ્યાં સુધી કોઈ મદદ ન આવે ત્યાં સુધી નાક પર ભીનું કપડું ઢાંકી રાખવું. તમારી ચારેય બાજુ આગ હોય ત્યારે સૌથી પહેલા ડરી ના જવું પણ તરત જ આગથી કઈ રીતે બચવું એ વિચારો. જો તમે ડરી જશો તો તમે ખોટા નિર્ણયો લેશો એ સ્વાભાવિક છે. તરત જ ગભરાયા વગર આગથી દૂર બહાર જવા માટેનો

કોઈ રસ્તો હોય (બારી, બારણું) તો ત્યાંથી બચવા માટે વિચારી લો. જો તમારી આજુબાજુમાં પાણી હોય તો તમારા કપડા પાણીથી ભીના કરી દો. જેથી આગ સામે તમારા શરીરને રક્ષણ મળે. રૂમાલ અથવા કાપડનો ટુકડો તમારી પાસે હોય તો એને ભીનો કરી નાક પર રાખીને પછી શ્વાસ લેવાથી ધુમાડો શ્વાસમાં આવતો નથી. જ્યારે આગ લાગે છે ત્યારે આગ કરતાં પણ વધારે લોકો ધુમાડાના કારણે મૃત્યુ પામે છે. કોઈ પણ જગ્યાએ ધુમાડો ઉપરની તરફ હોય છે. તો પહેલા સૂઈ જવું. જેથી નીચે તરફ શ્વાસ લેવામાં તકલીફ નહીં પડે કારણકે નીચેની તરફ ધુમાડો ઓછો હોય છે. સૂઈને ક્રાઉલિંગ કરતા કરતાં બહાર જવા માટેના રસ્તા તરફ જાઓ. જો તમે ઘરમાં હો, તો બાથરૂમ તરફ જાવ અને પાણી ચાલુ કરી દો. જેનાથી તમને આગ સામે રક્ષણ મળશે. અગ્નિશામક સાધનના તમે જાણકાર ના હોવ તો તેનાથી આગ ઓલવવા માટેના પ્રયત્નો કરી સમય ના બગાડી ત્યાંથી દૂર જતા રહેવું. બિલ્ડિંગમાં આગ લાગી હોય ત્યારે નીચે તરફ જવા માટે કોશિશ કરો કારણકે ઉપર તરફ આગ અને ધુમાડો વધારે ફેલાય છે. આગથી બચી શકાય એવો રસ્તો ના બચ્યો હોય અને કૂદવા સિવાય બીજો કોઈ રસ્તો ના હોય ત્યારે જે તરફ ખૂલ્લી જગ્યા હોય એ તરફ કૂદો. કૂદતી વખતે પગ નીચેની સાઈડ આવે એ રીતે કૂદવું. નીચે પહોંચતા જ પગ ઘુંટણથી વાળી દો અને ગુલાંટ મારી જશો એવા વિચાર સાથે કૂદો. વીજળી અને વીજળીના ઉપકરણોને કારણે લાગી શકનારી આગમાં નીચે પ્રમાણે સાવધાની રાખવી જરૂરી છે. કામ થયા પછી વીજળીના ઉપકરણોની ચાંપ બંધ કરીને ડટ્ટો (પ્લગ) કાઢી રાખો. જો વીજળીના ઉપકરણો સમારકામ કરવા માટે ખોલ્યા હોય તો તારની જોડણીઓ સજ્જડ (મજબૂત) હોવાની ખાતરી કરો. દુરસ્તી કુશળ તંત્રજ્ઞ પાસેથી જ કરાવી લો. વીજળીથી ચાલતા ઉપકરણો, ખાસ કરીને આ ઉપકરણોના ચલન યંત્રો (મોટર) સ્વચ્છ રાખો. તેના પર ધૂળ, તેલ અથવા ગ્રીસ જામવા દેશો નહીં. કારખાનામાં વપરાતા વીજળીના હાથ-દીવા (હેન્ડ લેમ્પ) પર લાંબી વાયર જોડી હોવાથી તે ગમે ત્યાં, જોઈએ તેમ હલાવી શકાય છે. હાથ દીવા પર કાચનું આવરણ હોવું આવશ્યક છે કારણકે દીવાની ઉષ્ણતાને લીધે તેલવાળા પદાર્થોને આગ લાગી શકે છે. વીજળીના ઉપકરણો / ચાંપ (બટન) પાસે જ્વલનશીપ પદાર્થો મૂકશો / સંઘરશો નહીં. ફયુઝની તાર બળી જાય તો યોગ્ય ક્ષમતા ધરાવતી તારનો ઉપયોગ કરો. કોઈપણ વીજળીના ઉપકરણમાંથી બળી ગયા જેવી અથવા અનૈસર્ગિક વાસ આવે તો તે તરત જ બંધ કરીને તપાસી લો. બળેલી વાસ આવવી, એ આગ લાગી હોવાનું પ્રાથમિક લક્ષણ છે. કોઈપણ ઉપકરણ ઉપર અથવા વીજળીના ચાંપ પર તેની ક્ષમતા કરતાં વધારે વિદ્યુતભાર નાંખશો નહીં. વીજળીના તારની પાણી અથવા ઉષ્ણ ભાગમાં ગોઠવણ કરશો નહીં. ભૂમિ પરથી જાજમ નીચેથી (કાર્પેટ નીચેથી), બારણા / બારીમાંથી ગોઠવણ કરશો નહીં. ભીના હાથે વીજળીના ઉપકરણોને સ્પર્શ કરશો નહીં. વીજળીના તારના જોડાણ ખુલ્લા મૂકશો નહીં. યોગ્ય પ્રકારની વીજવાહક ન હોય તેવી પટ્ટીથી (ઈન્સ્યુલેટીંગ ટેપથી) તે ઢાંકો. રસોડામાંની ગોઠવણ સુરક્ષાની દૃષ્ટિએ યોગ્ય એવી કરો. રસોઈ કરતી વેળાએ ઢીલા, ઘેરવાળા કપડાં પહેરશો નહીં. સાડીનો છેડો સરખો બાંધી લેવો. સ્ટવ પરથી તાપેલું વાસણ ઉતારતી વેળાએ હંમેશાં સાણસી અથવા ચીપિયાનો ઉપયોગ કરો. એ માટે ટૉવેલ, કપડું કે સાડીનો છેડો વાપરવો અત્યંત જોખમકારક હોય છે. ઘરગથ્થુ ઉપયોગમાં લેવાતા વાયુની સગડી, સ્ટવ અથવા ઑવન ચાલુ હોય ત્યારે ઘરની બહાર જશો નહીં. ઘરમાં કોઈ ન હોય ત્યારે અથવા સૂઈ જતી વેળાએ મીણબત્તીઓ, તેલના દીવા ઓલવી નાખો. ઘરગથ્થુ ઉપયોગમાં લેવાતા વાયુની સગડી અથવા સ્ટવ હંમેશાં ઊંચાઈ પર રાખો. લાદી પર રાખશો નહીં. સગડી પર મૂઠ રહેલું વાસણ મૂકતી વખતે મૂઠ અંદરની બાજુએ રાખો. લાકડાનું કબાટ, પાટીયા, પડદા, કપડા ઇત્યાદિ જ્વલનશીલ વસ્તુઓ સગડી / સ્ટવથી દૂર મૂકો. નાના બાળકોને રસોડામાં રમવા દેશો નહીં. માઈક્રોવેવ ઑવનનો ઉપયોગ કરતી વેળાએ કાળજી લો. તે બાહ્યતઃ ભલે ઠંડા જણાતા હોય, તો પણ અંદરના પદાર્થોનું તાપમાન વધારે હોઈ શકે. ઑવનમાંના પદાર્થોને જો આગ લાગે તો વીજળી પુરવઠો તરત જ બંધ કરો અને આગ ઓલવાય નહીં ત્યાં સુધી ઑવન ખોલશો નહીં. દિવાસળી સળગાવતી વેળાએ શરીરથી દૂર રાખો. બળતી દિવાસળી ફેંકવા પહેલાં તે પૂર્ણ રીતે ઓલવાઈ ગઈ હોવાનું નિશ્ચિત કરો. ચોખ્ખાઈ, એ આગ ટાળવાની ઉપાય - યોજનાનો પાયો છે. આમ સાવધાની રાખવી જરૂરી છે. જાન હૈ તો જહાંન હૈ - તે કહેવતને આધારે પોતાનું અને બીજાનું રક્ષણ કરવું જરૂરી છે. નવો ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેજર એક્ટ ૨૦૧૩ લાગુ કરવામાં આવ્યો છે. જે હેઠળ હાઈરાઈઝ બિલ્ડિંગોમાં ફાયર સેફ્ટીની સવલતો બાબતે યોગ્ય પગલા લેવામાં આવશે. રાજ્ય સરકારના ફાયર અને સેફ્ટી અંગેના બંને કાયદાઓ ૧૯મી ઓગસ્ટ ૨૦૧૪થી અમલમાં આવ્યા છે.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ,***
***ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧.***
***મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

# વિશ્વ પુસ્તક દિવસ "કોપીરાઈટ ડે" તરીકે પણ ઓળખાય છે



ડૉ. મિહિર એમ. વોરા

મિત્રો, આ વર્ષે થીમ 'તમારો' વિશ્વ પુસ્તક દિવસ છે. કોરોના અને લોકડાઉનના દિવસો વચ્ચે જો કોઈ માનુષનો સાચો મિત્ર બન્યો હોય તો તે છે પુસ્તક. સાચું જ્ઞાન અને સાચો માર્ગ, સાચા મિત્રો અને સાચા સારા પુસ્તકો જ આપી શકે છે.

જાણીતા ગુજરાતી ચિંતકે કહ્યું છે તેમ, 'જે ઘરમાં પાંચ સારા પુસ્તક ના હોય તે ઘરમાં દીકરી ના આપશો' – તે ઉક્તિ પુસ્તકનું મહત્ત્વ વ્યક્ત કરે છે. વ્યક્તિની વિચાર દુનિયા વિકસાવવા અને સાચો માનવ બનાવવા પુસ્તક એ જ્ઞાનનું પહેલું પગથિયું છે.

ગાંધીજીએ કહ્યું છે કે પુસ્તકનું મૂલ્ય રત્ન કરતાય અધિક છે. બતાવે ચમક બહારની રત્ન. પુસ્તક અંદરની ચમક કરે છે. **૨૩ એપ્રિલ સમગ્ર વિશ્વમાં "વિશ્વ પુસ્તક દિવસ" તરીકે ઉજવાય છે.** આ દિવસ મહાન લેખક અને નાટ્યકાર વિલિયમ શેક્સપિયરનો જન્મ દિવસ અને મરણ દિવસ છે. આ દિવસ કોપીરાઈટ ડે તરીકે પણ મનાવાય છે. યુનેસ્કો, પબ્લિશિંગ તથા કોપીરાઈટના પ્રચાર હેતુ મિત્રો લોકડાઉનમાં ખરેખર પુસ્તકો જ સાચા મિત્રો બન્યા છે. ઉપરાંત એ પુસ્તક પણ સાચું મિત્ર બન્યું છે.

આ દિવસની ઉજવણી થાય છે અને લોકોમાં પુસ્તકો વાંચવા પ્રત્યેની જાગૃતિ આવે એ વિશ્વ પુસ્તક દિનની ઉજવણીનો હેતુ છે. સમગ્ર વિશ્વમાં વિશ્વ પુસ્તક દિનની ઉજવણીમાં પ્રકાશકો પણ ભાગ લે છે અને લેખકો પ્રત્યેની તેમની લાગણી પ્રદર્શિત કરે છે. જીવનમાં પુસ્તકો ખૂબ જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે.

વિવિધ સંસ્કૃતિઓનો પરિચય આપણે પુસ્તકો વડે જ પ્રાપ્ત થાય છે. કંઈક નવું શીખતા રહીએ છીએ, જ્યારે આપણે પુસ્તકોના સહવાસમાં આવીએ છીએ. આજે બધા લેખકોના પુસ્તકો ઈન્ટરનેટમાં છે. યુવા લેખક નીરવ શાહ બહુ સરસ વાત કરે છે કે આજે આંગળીના એક ટેરવે અસંખ્ય પાનાઓ ઈન્ટરનેટ પર વિનામૂલ્યે મળે છે પણ હાથમાં પુસ્તક પકડીને આંગળીને જીભ વડે ભીની કરીને પાના ફેરવવાની મજા આ સ્ક્રીન પરના પુસ્તકોમાં નહીં જ આવે. ટેકનોલોજી સામેનો કોઈ વિરોધ નથી પણ પેલા પુસ્તકોમાંથી આવતી સુગંધનો અધિકાર કોમ્પ્યુટર સ્ક્રીન ક્યારેય નહીં આપે. વાંચતા વાંચતા પાનાને ચોપડીઓના પુસ્તકો વાંચતા વાંચતા આપણે મનમાં એક પોતાનું ભાવ વિશ્વ ઊભું કરીએ છીએ. અને પછી એની સાથે વિચારીએ છીએ. ક્યારેક રડીએ છીએ, ક્યારેક છલોછલ હસીએ છીએ તે દગો નથી આપતા. એ વર્ષો પહેલા અને વર્ષો પછી પણ પોતે કહેલા શબ્દો જ કહે છે. એ સહેજ પણ બદલાતા નથી. જરૂરિયાતની પ્રાથમિક જિંદગીની વાત ગુજરાતી પુસ્તકોની હોય કે બીજી કોઈ પણ ભાષાની. શરત એ છે કે એ પુસ્તકો વંચાવા જોઈએ.

રતિલાલ બોરીસાગર, ભોળાભાઈ પટેલ, ઈશ્વર પેટલીકર, કનૈયાલાલ મુન્શી, પ્રેમચંદ, ગોવર્ધનરામ ત્રિપાઠી, કવિ ઉમાશંકર જોશી, રાજેન્દ્ર શુક્લા, ચંદ્રકાંત બક્ષી, વિનોદ ભટ્ટ, શેક્સપિયર, રમેશ પારેખ અને ગુણવંત શાહ જેવા અનેક રચનાકારની રચનાઓ વાંચીએ છીએ ત્યારે સમજાય છે વાસ્તવિક જિંદગીની એ કેટલી લગોલગ છે. પુસ્તકો હંમેશાં નહીં જ પણ માત્ર આ દિવસ માટે જ ખરીદાય, વંચાય, વહેંચાય અને તેની ચર્ચા થાય એ ખૂબ જ જરૂરી છે. 'ગુજરાત વાંચે આજે' અને 'પુસ્તક પરબ'થી આજે દરેક ઘરમાં પુસ્તકો પહોંચાડવામાં સફળ રહ્યા છીએ. સમારંભમાં બુકેને બદલે બુક આપવાની પ્રથા હવે ચાલુ થઈ છે એ સોનેરી સવારની નિશાની છે.

મિલ્ટને કહ્યું છે, 'પુસ્તકોમાં આત્માનું જીવન છે કેમકે એમાં જીવનનો વિચાર સાર રહેલો છે.' ગ્રંથો સજીવ છે એટલે જ મિલ્ટને એમ પણ કહ્યું છે, 'પુસ્તકોમાં આત્મા છે. તેનો કદી નાશ નથી થતો.' સિસરોએ કહ્યું છે, 'ગ્રંથ વગરનું ઘર આત્મા વગરના શરીર જેવું છે.' એટલે કે ઉત્તમ પુસ્તકોને અભાવે મનુષ્ય જ્ઞાનથી વંચિત રહે છે.

પ્રગતિશીલ જીવન માટે પુસ્તકોનો સાથ ઘણો જરૂરી છે કેમકે પુસ્તકો દ્વારા જ જીવનનું માર્ગદર્શન અને પ્રેરણા પ્રકાશ મળે. ઉચ્ચ પુસ્તકોમાં ઉત્તમ વિચારો, ઉચ્ચ ભાવનાઓ અને ઉત્તમ કલ્પનાઓ હોય છે.

તિલકે કહ્યું છે, 'હું નરકમાં પણ ઉત્તમ પુસ્તકોનું સ્વાગત કરીશ કેમકે તેમનામાં એવી શક્તિ છે કે તે જ્યાં ગયા હશે ત્યાં

*પરિશ્રમ એ જીવનની સફળતાનું મુખ્ય રહસ્ય છે.*

આપોઆપ સ્વર્ગ ખડું થશે.' સ્વર્ગનું અસ્તિત્વ કોઈએ જોયું નથી.

ઉત્તમ પુસ્તકોનું સાંનિધ્ય મનુષ્યની બુદ્ધિને જ્યાં પ્રાપ્ત થાય છે ત્યાં એને સ્વર્ગની અનુભૂતિ થવા લાગે છે. સાચો સ્વાર્થ રહિત આત્મીય મિત્ર મળવો મુશ્કેલ છે. પુસ્તકો આપણે સાચો રસ્તો અને દિશા અને દશા બદલવામાં મદદરૂપ થાય છે. એટલે જ આપણા સાચા મિત્રો લેખાય છે. ગાંધીજી કહે છે કે, 'સારા પુસ્તકો આપણી પાસે હોય તો તે પરોપકારી મિત્રોની ગરજ સારે છે.'

પુસ્તકો મનને એકાગ્ર કરવા અને સંયમિત બનાવવા માટેનાં સરળ સાધન છે. એકવાર મહાન ક્રાંતિકારી લોકમાન્ય તિલકનું ઑપરેશન થઈ રહ્યું હતું. એના માટે એમને ક્લોરોફોર્મ સુંઘાડીને બેભાન કરવાના હતા. પરંતુ એના માટે તેમણે ડૉક્ટરને ના પાડી અને કહ્યું, 'મને એક ગીતાનું પુસ્તક લાવી આપો. હું એને વાંચતો રહીશ અને તમે ઑપરેશન કરી નાખજો.'

લોકમાન્ય તિલક વાંચનમાં એવા તલ્લીન બની ગયા કે ડૉક્ટરોએ ઑપરેશન કર્યું ત્યાં સુધી જરા પણ હાલ્યા પણ નહીં. યાદ રાખો કે પુસ્તકો જાગૃત દેવતા છે. એના અધ્યયન, ચિંતા, મનન દ્વારા પૂજા કરીને તરત વરદાન મેળવી શકાય છે. આથી ઉત્તમ પુસ્તકોના એકાગ્રપૂર્વક વાંચનને જીવનનું જરૂરી અંગ બનાવવું જોઈએ. આમ, આવો, આજે પુસ્તકો વાંચી અને તેને સાચા મિત્રો બનાવીએ અને તેના સંસ્કારોનું સિંચન આવનારી પેઢીઓમાં કરીએ.

*સંદર્ભ : વીકિપીડિયા અને વિવિધ જાણીતા લેખકોના બ્લોગ અને અખબારી અહેવાલો.*

***"પરમેશ્વરી", પ્લોટ નં.-૧૬૫, વિજયનગર એરીયા, હોસ્પિટલ રોડ, ખાવડા મેસુક ઘરની સામે, ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. મો. ૯૪૨૮૦ ૭૭૨૯૫***

## માતાના મઢ ખાતે આશાપુરા માતાનું મંદિર

**(અનુસંધાન : પાના નં. – ૧૬ ઉપરથી ચાલુ)**

પ્રદેશના મુખ્ય વાલી દેવતા તરીકે પૂજે છે. આ મંદિર ભુજથી ૮૦ કિ.મી. દૂર આવેલું છે. તેનું બાંધકામ ઈ.સ. ૧૩૦૦ની આસપાસ તે સમયના કચ્છના રાજવી લાખો ફુલાણીના દરબારના કરાડ વાણિયા મંત્રીઓ દ્વારા કરાવવામાં આવ્યું હતું. તે દેવીના આશિર્વાદ મેળવી યુદ્ધ જીત્યા બાદ જાડેજા શાસકો દ્વારા કુળદેવી તરીકે સ્વીકારવામાં આવ્યા હતા.

દર વર્ષે માતાના મઢમાં નવરાત્રીમાં મેળો ભરાય છે. જેમાં સમગ્ર ગુજરાત અને મુંબઈથી લાખો ભક્તો તેમના આશિર્વાદ લેવા ઉમટે છે. તેમનું અન્ય એક મંદિર ભુજ ખાતે કોટની અંદર આવેલું છે. અન્ય જાડેજા બહુમતી ધરાવતા ક્ષેત્રો જેમકે રાજકોટ, જસદણ, મોરબી, ગોંડલ, જામનગર, ઘુમલીમાં પણ તેમના મંદિરો જોવા મળે છે. કચ્છમાંથી સ્થળાંતર કરી જ્યાં જાડેજાઓએ વસવાટ કર્યો, ત્યાં તેમના મંદિરો બાંધ્યા.

એક કથા એવી છે કે અમુક એક સતીની વિનંતી કરવાથી શક્તિએ બરડા ટેકરીઓ ઉપર ઘુમલીમાં એક દૈત્યનો નાશ કર્યો. તે સતીએ મા શક્તિને ત્યાં જ રહેવા વિનંતી કરી અને તે સ્થળે મંદિર બનતાં તેમને આશાપુરા મા એવું નામ આપ્યું. આ મંદિરને માતાજીનું પ્રથમ મંદિર મનાય છે.

અમરેલી જિલ્લાના ગાધકડા ગામમાં પણ તેમનું મંદિર છે. નવરાત્રીના પ્રથમ દિવસે અહીં ઘણા લોકો માતાજીના યજ્ઞમાં ભાગ લેવા આવે છે. રાજસ્થાનમાં પોખરણ, મોદ્રણ અને નાડોલમાં તેમના મંદિરો છે. મુંબઈમાં પણ આશાપુરા માતાનું પ્રખ્યાત મંદિર છે. ■


**શ્રી કચ્છી સમાજ - અમદાવાદ : માસિક મુખપત્ર 'કચ્છશ્રુતિ' માટે જાહેરાતના માસિક દર**

| ક્રમ | વિગત | કલર | આખુ પાનું રૂા. | અડધું પાનું રૂા. | ૧/૪ પાનું રૂા. | અંદર બોટમ પટ્ટી |
|---|---|---|---|---|---|---|
| ૧. | અંકની અંદરનું પાનું | મલ્ટી કલર | ૫,૦૦૦/- | ૩,૦૦૦/- | ૨,૦૦૦/- | — |
| ૨. | અંદરનું સાદુ પાનું | બ્લેક એન્ડ વ્હાઈટ | ૨,૦૦૦/- | ૧,૫૦૦/- | ૧,૦૦૦/- | — |
| ૩. | અંદર બોટમ પટ્ટી ૭'' x ૧'' | બ્લેક એન્ડ વ્હાઈટ | — | — | — | ૫૦૦/- |

(૧) એક સાથે **૧૨** મહિનાની જાહેરાત આપનારને **૧૦ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૨) એક સાથે **૦૬** મહિનાની જાહેરાત આપનારને **૭.૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.
(૩) એક સાથે **૦૩** મહિનાની જાહેરાત આપનારને **૫ ટકા** ડિસ્કાઉન્ટ આપવામાં આવશે.

**વિઝિટિંગ કાર્ડ સાઈઝ જાહેરાતની વિગત** — **જાહેરાતની સાઈઝ** : ૯૦ mm x ૬૦ mm ● **કલર** : મલ્ટી કલર

■ કવર પેઈજ નં.-૪ : રૂા. ૨૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૩ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ કવર પેઈજ નં.-૨ : રૂા. ૧૫,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)
■ અંદરનું પાનું : રૂા. ૧૦,૦૦૦/- (વિઝિટિંગ કાર્ડ સાઈઝ)


*સ્વપ્ના સેવો, તેને સાકાર કરો અને જિંદગીની સફળતાનો આનંદ માણો.*

# વર્લ્ડ ગ્લુકોમા વીક

સંકલિત

દર વર્ષે 'વર્લ્ડ ગ્લુકોમા વીક' માર્ચના બીજા સપ્તાહમાં આંખને લગતી વિકૃતિઓના જૂથ વિશે જાગૃતિ લાવવા માટે મનાવવામાં આવે છે. 'જે આંખના જ્ઞાનતંતુને પ્રગતિશીલ નુકસાન પહોંચાડે છે, જે દૃષ્ટિ ગુમાવે છે અને જો સારવાર ન કરવામાં આવે તો અંધત્વમાં પરિણમે છે.' સમય જતાં. આ વર્ષે સપ્તાહની થીમ 'બીટ ઇનવિઝીબલ ગ્લુકોમા' (બીઆઈજી) છે. જ્યારે આંખના આગળના ભાગમાં પ્રવાહી (જલીય રમૂજ) મુક્તપણે બહાર નીકળી શકતું નથી ત્યારે ગ્લુકોમા સામાન્ય રીતે આંખના દબાણમાં વધારો સાથે સંકળાયેલું હોય છે. ગ્લુકોમા એ વિશ્વભરમાં બદલી ન શકાય તેવા અંધત્વનું મુખ્ય કારણ છે. પરંતુ સામાન્ય રીતે ખૂબ ગંભીર ન થાય ત્યાં સુધી એસિમ્પટમેટીક રહે છે. તેથી તેને 'દૃષ્ટિનો શાંત ચોર' પણ કહેવામાં આવે છે.

ભારતમાં આંકડા દર્શાવે છે કે ૧.૧૨ કરોડ વ્યક્તિઓ આ ડિસઓર્ડરથી પ્રભાવિત છે અને વિકસિત વિશ્વમાં ૪૦-૬૦%ની સામે નિદાન ન થયેલા ગ્લુકોમા કેસનો દર ૯૦% છે. દેશમાં આ રોગ વિશે જાગરૂકતાનો ગંભીર અભાવ છે અને જ્યારે દર્દીને ખબર પડે કે તેને આંખની સમસ્યા છે, ત્યારે આંખની ચેતા રીપેર કરવા ઉપરાંત નુકસાન પામે છે.

*ગ્લુકોમાને આ રીતે વર્ગીકૃત કરવામાં આવે છે :*

***પ્રાથમિક ઓપનિંગ એંગલ ગ્લુકોમા :*** પ્રાથમિક કોણ બંધ ગ્લુકોમા. ગૌણ ગ્લુકોમા ઇજાને પગલે, કેટલીક દવાઓનો ઉપયોગ અથવા અન્ય રોગોના ભાગરૂપે ગ્લુકોમા માટેના કેટલાક જોખમી પરિબળોમાં વૃદ્ધાવસ્થા, રોગનો પારીવારીક ઇતિહાસ, આંખના દબાણમાં વધારો, સ્ટીરોઈડ્સનો ઉપયોગ, ડાયાબિટીસ મેલીટસ અને બ્લડ પ્રેશર, અન્યો વચ્ચે.

ગ્લુકોમા સામાન્ય રીતે એસિમ્પટમેટીક હોય છે. કેટલાક લોકો રંગીન હોલો જોવાની અથવા વાંચવાના ચશ્મા વારંવાર બદલવાની ફરિયાદ કરી શકે છે.

વિઝ્યુઅલ ફિલ્ડ નુકસાન પેરીફેરલ અને અસમપ્રમાણ છે.

બીજી આંખના દૃશ્ય ક્ષેત્રના ઓવરલેપિંગથી વળતર લક્ષણો જોવામાં વિલંબ કરે છે.

એંગલ ક્લોઝર ગ્લુકોમાનો તીવ્ર હુમલો એ કટોકટી છે અને અંધત્વ ટાળવા માટે તાત્કાલિક ધ્યાન આપવાની જરૂર છે. દર્દી સામાન્ય રીતે પીડા અનુભવે છે, અસરગ્રસ્ત આંખમાં દૃષ્ટિની અસ્પષ્ટતા સાથે લાલાશ, માથાનો દુઃખાવો, ઉબકા અને ઉલટી સાથે. તે સામાન્ય રીતે દવાઓ સાથે આંખના દબાણને ઘટાડીને અને લેસર પેરીફેરલ ઇરિડોટોમી દ્વારા સંચાલિત થાય છે. જો એંગલ ક્લોઝર ગ્લુકોમા માટે લેસર પેરીફેરલ ઇરિડોટોમી સમયસર કરવામાં આવે તો રોગને અટકાવી શકાય છે.

ગ્લુકોમા પણ બાળપણના તમામ અંધત્વના ૪.૨ – ૭% માટે જવાબદાર છે. ગ્લુકોમાવાળા શિશુઓ અને બાળકો પુખ્ત વયના લોકોની સરખામણીમાં અલગ અલગ ચિહ્નો અને લક્ષણો દર્શાવે છે.

***ગ્લુકોમાનું નિદાન :*** એપ્લેનેશન ટોનોમીટરના ઉપયોગથી આંખના દબાણનું માપન આંખમાં ડ્રેનેજ પેસેજની તપાસ. આ પછી ઓપ્ટીક નર્વની તપાસ કરવામાં આવે છે. સ્વચાલિત પરીમિતિનો ઉપયોગ કરીને દૃષ્ટિના ક્ષેત્રની પરીક્ષા.

***સારવાર :*** સામાન્ય રીતે નીચેના પગલાં દ્વારા આંખના દબાણને ઘટાડવા માટે લક્ષિત કરવામાં આવે છે.

***તબીબી સારવાર :*** તેમાં આંખના ટીપાનો ઉપયોગ સામેલ છે, જે કાં તો જલીય રમૂજનું ઉત્પાદન ઘટાડે છે અથવા આંખમાંથી જલીય રમૂજના પ્રવાહને સરળ બનાવે છે. જેનાથી આંખનું દબાણ ઓછું થાય છે.

***દવાઓ પાંચ કેટેગરીમાં આવે છે :*** પેરાસિમ્પેથોમિમેટીક્સ, બીટા બ્લોકર્સ, આલ્ફા એડ્રેનર્જીક એગોનિસ્ટ્સ, કાર્બોનિક એનહાઇડ્રેઝ ઇન્હિબીટર્સ, પ્રોસ્ટાગ્લાન્ડિન એનાલોગ.

***લેસર સારવાર :*** વિવિધ પ્રકારના ગ્લુકોમામાં વિવિધ પ્રકારના લેસરોનો ઉપયોગ થાય છે. એંગલ ક્લોઝર ગ્લુકોમા ધરાવતી વ્યક્તિઓમાં લેસર પેરીફેરલ ઇરિડોટોમી સૌથી સામાન્ય છે. અન્ય લેસર ટ્રેબેક્યુલોપ્લાસ્ટી અને લેસર ઇરિડોપ્લાસ્ટી છે.

***શસ્ત્રક્રિયા :*** ગ્લુકોમા ગાળણક્રિયા શસ્ત્રક્રિયા ગ્લુકોમા ડ્રેનેજ ઉપકરણો સાયક્લોડિસ્ટ્રક્ટીવ પ્રક્રિયાઓ એ સમજવું અગત્યનું છે કે સારવાર રોગને આગળ વધતો અટકાવવાનો છે. સામાન્ય રીતે ગ્લુકોમાનો કોઈ ઈલાજ નથી! ■

*વિઝન એટલે સ્પષ્ટ સ્વપ્નું. એટલું સ્પષ્ટ કે તેને કોઈ ભૂંસી ન શકે કે ચોરી ન શકે.*

# કર્મયોગી : ડૉ. ખીમજીભાઈ ધરોડ



પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર

ભારતને રાજકીય સ્વાતંત્ર્ય ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭ના પ્રાપ્ત થયું. પણ દેશમાં સામાજિક, શૈક્ષણિક, આર્થિક સ્વરાજ અંગે આર્ષદૃષ્ટા મહાત્મા ગાંધી સતત ચિંતન કરતા રહેતા. અંગ્રેજી સાપ્તાહિક 'યંગ ઈન્ડિયા' (૧૯૧૯થી ૧૯૩૧) અને અંગ્રેજી સાપ્તાહિક 'હરિજન' (૧૯૩૩થી ૧૯૪૮) જેવા સામયિકોમાં તેમના મનોમંથન પ્રગટ કરતા લખાણો પ્રકાશિત થતા. આ પ્રકારના લેખોનું સંપાદિત પુસ્તક છે : "મારા સ્વપ્નનું ભારત." જેમાં ગાંધીજી જણાવે છે કે, 'દરેક ગામ એક નાટકઘર, નિશાળ અને સભાગૃહ નિભાવશે. સૌને સ્વચ્છ પાણી મળે તેવી જોગવાઈ કરવામાં આવશે. અસ્પૃશ્યતાની ચડતી-ઉતરતી શ્રેણીઓવાળી જ્ઞાતિ વ્યવસ્થા નહીં હોય અને ગામના કેન્દ્રમાં પોતાના ગામને સારું ખપી જવાને હરહંમેશ તત્પર એવી વ્યક્તિ હશે.'

ગુજરાતમાં ગાંધીજીની આ ભવ્ય કલ્પનાને સાકાર સ્વરૂપ આપવા કેટલાક મુઠ્ઠી ઊંચેરા માનવીઓએ જે ગજબનાક પુરુષાર્થ કર્યો છે તેની રોચક કથા મારે પ્રસ્તુત કરવી છે. કચ્છમાં મુંદ્રા તાલુકાનું ૨૩૦૦ની વસતી ધરાવતું ગામ પત્રી. ભુજથી ૪૦ કિ.મી. અને તાલુકા મથકથી ૧૨ કિ.મી.ના અંતરે આવેલું નાનકડું પણ સેવાભાવી સજ્જનોની ઉમદા પરંપરાને પરિણામે ગાંધીજીના સપનાઓને મૂર્તિમંત સ્વરૂપ આપનારું ગામ. અહીં શિક્ષણ, આરોગ્ય, સફાઈ, સ્વચ્છ પાણી, સહકાર, પંચાયત, ખાદી ગ્રામોદ્યોગ, વ્યક્તિત્વ વિકાસ, હરિજન વિકાસ દરેક ક્ષેત્રે સ્થાપિત થઈ છે અદ્‌ભુત અવરચના અને એ પણ સરકારી ખર્ચે નહીં, નિસ્બત ધરાવતા સુખી લોકોના સહયોગથી.

પત્રીનો ઈતિહાસ તપાસીએ. ઈ.સ. ૧૨૯૩માં જેસર લોકોએ આ ગામની સ્થાપના કરેલી. ઈ.સ. ૧૩૦૯થી વીસા ઓસવાળ જૈન અહીં વસવાટ કરવા લાગ્યા. પ્રારંભે ૨ કુટુંબ, અત્યારે ૩૦૦ પરિવાર. કચ્છમાં અનુભવાતા વારંવાર દુષ્કાળ, અછતના વર્ષોને પરિણામે ખેતીની નીચી ઉત્પાદકતા, ઉદ્યોગોનો અભાવ. તેથી મોટાભાગના કુટુંબો મુંબઈ અને દેશના અન્ય વિસ્તારોમાં વિવિધ વ્યવસાયમાં પ્રવૃત્ત છે. લખમશીભાઈ ગોગરી, શિવજીભાઈ છેડા કે મોનશી મુરજી જેવા અગ્રણીઓ વસે મુંબઈ, પણ દરેકનું હૃદય ધબકતું હોય પોતાના માદરે વતન માટે. ૧૯૧૫માં ગાંધીજીના ભારત આગમન પછી તેમના વ્યાખ્યાનો - ચર્ચાઓ અને લખાણોથી અન્ય દેશવાસીઓની જેમ કચ્છી માડુઓ પણ પ્રભાવિત.

તેથી પત્રીના સ્થાનિક પરિવારોને સુવિધાઓ પૂરી પાડવા, જનજાગરણના શ્રીગણેશ કરવા અને વંચિતોને સમર્થન આપવા જેવા ઉદ્દેશો સાથે મુંબઈ મુકામે 'શ્રી પત્રી વીસા ઓસવાળ જૈન હિતવર્ધક સમાજ'ની તા. ૨૬-૧૦-૧૯૨૭ના સ્થાપના થઈ. પ્રથમ પેટ્રન પ્રમુખ તરીકે વરણી થઈ લખમશી ભીમશી ગોગરીની. સંસ્થાના નામમાં જૈન સમાજનો ઉલ્લેખ હતો પણ તેના કેન્દ્રમાં હતા સૌ ગ્રામવાસીઓ, કોઈ જ્ઞાતિ-જાતિના ભેદભાવ વિના. સમયાંતરે હૈદ્રાબાદ નિવાસી અગ્રણી ઉમદા ઉદ્યોગપતિ ટોકરશીભાઈ કાપડિયાની દરખાસ્તને લીધે તા. ૨૦-૧૧-૧૯૪૯ના રોજ સમાજનું નામાભિધાન થયું "શ્રી પત્રી સર્વોદય સમાજ." આ સમાજની ૯૫ વર્ષની રોમહર્ષક યાત્રા વિશે ક્યારેક સ્વતંત્ર લેખ લખીશું.

આ લેખમાં ૧૯૩૦માં ૧૯ વર્ષની યુવાન વયે સમાજના સ્થાનિક મંત્રી તરીકે જોડાયેલા અને ગુજરાતમાં પંચાયતી રાજની રચના થઈ તે પૂર્વે જુલાઈ ૧૯૫૪માં ગ્રામ પંચાયતના સરપંચ તરીકે વરણી પામેલા લોકનાયક ડૉ. ખીમજીભાઈ ધરોડના પ્રેરણાદાયી, દૂરગામી પ્રદાન વિશે ચર્ચા કરીશું. માતા ગોમીબાઈ અને પિતા જેવતભાઈના સંતાન ખીમજીભાઈનો જન્મ ૧૯૧૧માં. ગામની દરબારી શાળામાં પ્રાથમિક શિક્ષણ સંપન્ન થયું. કાકા ડૉ. શિવજીભાઈ પાસે તબીબી વિજ્ઞાનનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી રજિ. મેડિકલ પ્રેક્ટીશનરનું સર્ટીફિકેટ મેળવ્યું. તેમને આયુર્વેદ તેમજ એલોપથી વિજ્ઞાનનું જ્ઞાન. બંને પ્રકારની દવાઓ રાખે. જરૂરિયાત પ્રમાણે આપે. વિંછી કરડે ત્યારે પોતાની પાસે રહેલી એક વનસ્પતિ, કરડેલા અંગ પર ફેરવે. પીડાનું શમન થઈ જાય. તેમન દીકરી શાંતાએ ૧૯૬૧માં પોદ્દાર કોલેજ ઓફ મુંબઈમાં આયુર્વેદ, એલોપથીના મિશ્ર અભ્યાસ કરી જી.એફ.એ.એમ.ની પદવી પ્રાપ્ત કરેલી. પત્રીના તેઓ પ્રથમ મહિલા તબીબ.

ખીમજીભાઈ સ્વભાવે નીડર. ઘરમાં સાપ નીકળે તો લાકડીમાં દોરી વિંટી પોતે બહાર મૂકી આવે. ચોર-લૂંટારાથી સ્વબચાવ કરવા પિસ્તોલ રાખતા. તેઓને ગાંધી સાહિત્યના વાંચનમાં રસ-રૂચિ, ચિંતનના ફળસ્વરૂપ નિષ્ઠાવાન તબીબની સાથે 'ગ્રામસેવા એ જ રાષ્ટ્રસેવા' સૂત્રને આત્મસાત્ કરી, ગાંધીજીના આદર્શ પ્રમાણે

*મન જે કંઈ ધારે અને હૃદય તેને સ્વીકારી લે તો તે ધારેલી વસ્તુને તમે સિધ્ધ કરી શકો છો.*

સમાજને સમર્પિત થઇ, પ્રજાઉત્થાન માટેની વિવિધ પ્રવૃત્તિઓમાં ખૂંપી ગયા.

કચ્છમાં દેશી રાજ્ય પણ અહીં પ્રજાની ભાગીદારી સાથે રાજતંત્ર જવાબદાર હોવું જોઈએ એ માંગણી પરિપૂર્ણ કરવા 'કચ્છી પ્રજાકીય પરિષદ'ની સ્થાપના થયેલી. ખીમજીભાઈ તે આંદોલનમાં સક્રિય.

આઝાદી પછી રાજસભા માટે કચ્છના એક પ્રતિનિધિ ચૂંટવા ૧૯૫૧માં ૨૦ સભ્યોના મતદાર મંડળ 'ઇલેક્ટ્રોરલ કોલેજ'ની રચના થયેલી. આ મંડળમાં તેઓ ભદ્રેશ્વર વિભાગમાંથી ચૂંટાયેલા. છેક ૧૯૫૩માં માધ્યમિક શિક્ષણ માટે નાનકડા પત્રીમાં સરકારી હાઈસ્કૂલની મંજૂરી મેળવવા તેમની કુનેહ કામે લાગેલી. ભૂદાન આંદોલન સમયે રવિશંકર મહારાજ પત્રી આવેલા ત્યારે તેમની સાથે રહેલા અને પોતાની થોડી જમીન પણ અર્પણ કરેલી.

તા. ૧૭-૭-૧૯૫૪થી તા. ૨૭-૧૧-૧૯૫૭ અને તા. ૨૧-૨-૧૯૬૧થી તા. ૧૨-૭-૧૯૬૫ના સાત વર્ષના સમયગાળામાં તેમણે દષ્ટિસંપન્ન સરપંચ તરીકેની વિશિષ્ટ કામગીરી બજાવેલી.

૧. તમામ પરિવારને સ્વચ્છ, શુદ્ધ પીવાનું પાણી પ્રાપ્ત થાય તે માટે વોટર વર્કસવાળી યોજના આજથી ૬૦ વર્ષ પૂર્વે ૧૯૬૧-૬૨માં અમલી બનાવી. પાણીની સ્ટોરેજ ટેંક, સ્નાન ઘાટ, ધોબીઘાટ, પશુઓ માટે હવાડો અને ઘેર ઘેર નળ કનેક્શન.
૨. જે સમયે વીજળીની સગવડ શક્ય નહોતી ત્યારે દરેક શેરીમાં ૮૧ ફાનસ દ્વારા રાત્રે અજવાળાની વ્યવસ્થા.
૩. દર સપ્તાહે ૩ વખત સમગ્ર ગામની સફાઈ.
૪. ગામ સંરક્ષણ માટે બે નેપાળી ગુરખા - ચોકીદાર.
૫. સૌ ગ્રામજનો આકાશવાણી દ્વારા ભજન, ગીતો, સમાચાર સાંભળી શકે, ખેડૂતો ખેડૂત મંડળ દ્વારા ખેતી વિષયક માર્ગદર્શન મેળવી શકે તે હેતુથી સમૂહ શ્રવણ રેડિયો.
૬. દાતાઓના રૂપિયા ૩.૬૭ લાખના દાનથી પંચાયત દ્વારા દીકરીઓ માટે નવેમ્બર ૧૯૬૨માં દેવકાબાઈ કન્યા વિદ્યાલય, પ્રાથમિક શાળા માટે બે રૂમ.
૭. ૧૯૨૮માં પ્રારંભિત વાંચનાલયમાં વ્યવસાયલક્ષી વાંચન વિભાગ માટે મદદ.
૮. ગ્રામ પંચાયત માટે ઉંમરબહેન ઉમરશી ધરોડ પંચાયત ઘર.
૯. પંચાયત કાયદાની જોગવાઈ અનુસાર ન્યાય પંચાયત. ભાનુમતીબેન કાપડિયા પ્રમુખ. ખીમજીભાઈ તાલુકા પંચાયતની શિક્ષણ સમિતિમાં પણ સક્રિય સભ્ય રહ્યા હતા.

ગામના લોકોપયોગી કામો માટે ૧૯૭૦માં પ્રેમજીભાઈ નરસિંહભાઈના અધ્યક્ષપદે ''જનકલ્યાણ મંડળ''ની રચના થઇ. ખીમજીભાઈ તેમાં અગ્રણી. ૩૨૨થી વધુ સભ્યો અને ૧૯૭૬માં નવનિર્મિત સંકુલ ધરાવતા આ મંડળના ઉપક્રમે થયેલ પ્રવૃત્તિઓ...

૧. વાજબી ભાવે ચીજવસ્તુઓના વિતરણ માટે જનતા સ્ટોર.
૨. મફત છાશ કેન્દ્ર.
૩. મફત દૂધ કેન્દ્ર. રેડક્રોસ સોસાયટીએ મર્યાદિત સમય માટે દૂધના પાવડરની વ્યવસ્થા કરી.
૪. માંદગીમાં સારવાર, દવા માટે આર્થિક રાહત. ડિસેમ્બર ૧૯૭૬માં નિદાન કેન્દ્ર.
૫. ગરીબોને રોટલા, છાશ, ગોળ આપવા રોટી કેન્દ્ર.

તેમને હરિજનો માટે અપાર સ્નેહ. શ્રી કુંવરજીભાઈ કાપડિયાના સહયોગથી હરિજનો માટે શાળાની શરૂઆત કરેલી. તેમના આવાસો માટે પૂરા પ્રયત્નશીલ. વર્ષો સુધી તેમની ફ્રી સારવાર કરેલી. પ્રેમજીભાઈ નરસિંહભાઈને સાથે રાખી મહિલા મંડળની સ્થાપના કરી. તેના ઉપક્રમે સીવણવર્ગ કાર્યરત. ગામમાં વડીલોને શુદ્ધ, સાત્વિક આહાર મળી રહે તે માટે ભોજનશાળાના પ્રેરણાસ્રોત. લોકોમાં ધાર્મિકતા દ્વારા માનવતા લાવવાના પ્રયાસરૂપે તેમણે અંબાજી સેવાશ્રમની સ્થાપના કરેલી છે. અહીં દૈવી પ્રકૃતિના સાકરબાની સમાધિ છે. ખીમજીભાઈનું વિવિધ સંસ્થાઓ દ્વારા સમયોચિત સન્માન કરવામાં આવ્યું હતું, જે પૈકી ઉલ્લેખનીય છેઃ

૧. 'કચ્છ જિલ્લા લોકલ બોર્ડ' તરફથી ગ્રામ પંચાયતને શ્રેષ્ઠ કામગીરી બદલ 'વિજય પદ્મ શિલ્ડ' પ્રસંગે એપ્રિલ ૧૯૫૭માં 'પત્રી સર્વોદય સમાજ' મુંબઈના ઉપક્રમે તત્કાલીન મુંબઈ રાજ્યના પંચાયત મંત્રી રતુભાઈ અદાણીના અધ્યક્ષપદે સન્માન.
૨. ફેબ્રુઆરી ૧૯૬૫માં પત્રીમાં તેમની તન, મન, ધનથી અર્પણ ૩૦ વર્ષની સેવાઓ માટે પત્રીની વિવિધ સંસ્થાઓ, ગ્રામજનો દ્વારા બહુમાન.
૩. ૧૯૮૫માં પત્રી ગ્રામ પંચાયત દ્વારા સન્માનપત્ર.
૪. ૧૯૮૮માં 'પત્રી સર્વોદય સમાજ' મુંબઈ દ્વારા 'આપ્તજનોમાં આદ્ય' તરીકે પુરસ્કૃત.
૫. જાન્યુઆરી ૧૯૯૩માં મુંબઈવાસી 'પત્રી પરિવાર સન્માન સમિતિ' તરફથી રૂા. ૮૧૦૦૦ની થેલી સાથે જીવન ગૌરવ પુરસ્કાર.

સર્વાંગી ગ્રામોત્કર્ષ માટે આજીવન પ્રવૃત્ત, કર્તવ્યનિષ્ઠ, સહૃદયી, કરુણાવાન, પારદર્શક ખીમજીભાઈનું નિષ્કામ જીવન સૌ કચ્છવાસીઓને નિત્ય પાથેય પૂરું પાડતું રહેશે.

*૨૦૨, 'ઓર્કિડ', તસ્કીન સોસાયટી,*
*શુક્લનગર ચાર રસ્તા, સમા, વડોદરા-૩૯૦ ૦૦૨.*
*મો. ૯૪૨૬૪ ૬૧૦૯૦*

# શુદ્ધ સોના જેવી સેવાભાવી પ્રતિભા : હેમરાજ શાહ



ડૉ. કાંતિ ગોર 'કારણ'

સંસ્કૃત સાહિત્યનું એક પુસ્તક યાદ આવે છે. બાલ માનસને વ્યક્ત કરતી બાલ કેળવણીની અદ્‌ભુત વાર્તાઓનો એ ગ્રંથ 'પંચતંત્ર' વિશ્વવિખ્યાત છે. દુનિયાની અનેક ભાષાઓમાં આ વાર્તાઓ અનુવાદિત થઈ છે, રૂપાંતરીત થઈ છે. આ પુસ્તક યાદ આવવાનું એક કારણ એના સર્જક વિષ્ણુ શર્મા નામના પંડિત છે.

એક રાજાના ચારેય પુત્રો મૂર્ખ હતા. એ એનું રાજ્ય સાચવી પણ નહીં શકે અને ચલાવી પણ નહીં શકે એવી એને ચિંતા થઇ. એણે એની રાજસભામાં પંડિતોને પડકાર કર્યો કે એવો કોઈ સમર્થ વિદ્વાન છે, જે એના પુત્રોને નીતિશાસ્ત્રમાં પારંગત કરી શકે. ત્યારે વિષ્ણુ શર્મા નામના એક પંડિતે ઊભા થઇને કહ્યું કે મારી ૮૦ વર્ષની ઉંમર છે અને હું આ રાજકુમારોને છ મહિનામાં રાજનીતિમાં નિપુણ બનાવી દઈશ. આ પંડિત વિષ્ણુ શર્માની પ્રતિભાનો ખ્યાલ તો જેમને પંચતંત્રનો પરિચય છે તેમને છે જ. અત્યારે પંચતંત્ર વિશે લખવાનો ઉદ્દેશ નથી પણ ૮૦ વર્ષની જૈફ વયે ચાર મૂર્ખ રાજકુમારોને બુદ્ધિમાન બનાવવાનો આવો પડકાર ઝીલનાર વિષ્ણુ શર્મા જ મનમાં વિચારોનું આંદોલન સર્જે છે. ૮૦ વર્ષની ઉંમરે માણસ માનસિક રીતે થાકી ગયો હોય. નવું કશું કરવાને બદલે પોતાની દૈનિક ક્રિયાઓ કરવા માટે પણ બીજાઓ પર આધારિત થઈ ગયો હોય, પોતાની પ્રવૃત્તિઓ સમેટવાની શરૂઆત કરી દીધી હોય ત્યારે વિષ્ણુ શર્માની જેમ નવું સાહસ કરી શકે એવો કોઈ અનુભવવૃદ્ધ નજરે ચડે છે?

આવા વિચારોમાં એક નામ મનમાં જાણે સુવર્ણ અક્ષરે લખાતું હોય તેમ ચમક્યું. એ નામનો પ્રથમ જ શબ્દ 'હેમ!' હેમ એટલે સુવર્ણ. સોનાને ક્યારેય કાટ ન લાગે. એટલે તો આપણા ભજનિકો ગાતા હોય છે, 'સોનાને ક્યાંથી લાગે કાટ, સંસારી મનવા સોનાને ક્યાંથી લાગે કાટ!' વળી સોનું એમને એમ સોનું સાબિત થતું નથી. એને ચાર પ્રકારની પરીક્ષામાંથી પસાર થવું પડે છે.

*યથા ચતુર્ભિઃ કનંક પરીક્ષ્યતે નિર્ઘષણચ્છેદન તાપતાડનૈઃ ।*
*તથા ચતુર્ભિઃ પુરુષઃ પરીક્ષ્યતે ત્યાગેન શીલેન ગુણેન કર્મણા ॥*

સુવર્ણની પરીક્ષા ચાર રીતે થાય છે. એને ઘસીને, કાપીને, કૂટીને તથા તપાવીને એની શુદ્ધિ અને યોગ્યતા ચકાસવામાં આવે છે. તેમ માણસની પરીક્ષા પણ ત્યાગ, ચારિત્ર્ય, ગુણ અને એના કર્મોથી – એમ ચાર રીતે થાય છે.

પોતાના અનેકવિધ યશસ્વી કાર્યોથી વૈશ્વિક ક્ષેત્રે યશસ્વી સિધ્ધ થયેલા હેમરાજ શાહ ૮૨ વર્ષની વયે પણ શુદ્ધ સુવર્ણની જેમ ચમકી રહ્યા છે, ઝળકી રહ્યા છે. એમના નામમાં પણ 'હેમ' સાથે 'રાજ' શબ્દ જોડાયેલો છે. રાજ શબ્દ પણ અનેકાર્થી છે. રાજ એટલે શોભાયમાન, કીર્તિમાન કે યશસ્વી સત્તાધીશ વગેરે અનેક અર્થ છે. બાળપણમાં એમનું નામકરણ કરનાર એમના વડીલોને કલ્પના પણ નહીં હોય કે આ બાળક એના નામને આ રીતે સાર્થક કરી બતાવશે.

હેમરાજભાઈએ પણ એમના વિશિષ્ટ ગુણોને એમના કાર્યથી પ્રમાણિત કર્યા છે. આ બધું કંઈ એમને એમ નથી થયું. એમનો પ્રચંડ પુરુષાર્થ, ઇચ્છાશક્તિ, નિર્ધારિલું કાર્ય કોઈ પણ ભોગે પૂર્ણ કરવાને માટે ક્યારેય હાર ન સ્વીકારે તેવું અતૂટ મનોબળ, નિષ્ફળતાને પણ સફળતા માટેનું સોપાન બનાવવાની ક્ષમતા, અવસાદને અવસરમાં ફેરવવા માટેની કાબેલિયત – આવી અનેક બાબતો એમણે આ આઠ દાયકાની એમની સફરમાં સાબિત કરી છે.

કચ્છ જેવા પ્રમાણમાં અવિકસિત અને દૂરના વિસ્તારમાં સામખિયાળી જેવા એ વખતના નાનકડા ગામમાં જન્મીને માત્ર ગુજરાત કે મહારાષ્ટ્ર નહીં પણ વૈશ્વિક ક્ષેત્રે પોતાની પ્રતિભાનો ડંગો વગાડનારા હેમરાજ શાહ ૮૨ વર્ષની વયે પણ એટલા જ સક્રિય છે. એમના કાર્યો માત્ર પોતાની વ્યક્તિગત સિદ્ધિઓ પૂરતા સીમિત નથી રહ્યા. એમણે 'સ્વ'નો નહીં પણ 'સર્વ'નો વિચાર કર્યો છે.

પ્રારંભિક તબક્કે સામખિયાળીમાં યુવક મંડળની સ્થાપનાથી એમની સામાજિક સક્રિયતાની શરૂઆત તો ૧૯૬૫માં થયેલ ભારત - પાકિસ્તાનના યુદ્ધ સમયે જ થઈ ગયેલી. એ વખતે જાહેર કાર્યક્રમ યોજીને એમણે સંરક્ષણ ફાળો એકઠો કરીને

*સ્વપ્નામાં આપણી શક્તિને પ્રબળ કરવાની અને નિંદા તથા નકારાત્મક વિચારોથી રક્ષણ કરવાની તાકાત છે.*

સરકારને મોકલાવેલો. દેશ પ્રત્યેની ફરજ અને દેશપ્રેમનું ઉદાહરણ તો એ ઘટનાથી જ મળી ગયેલું. પછી તો એમની પ્રતિભા, ગુજરાતી સમાજ, મહારાષ્ટ્ર ગુજરાતી સમાજથી આગળ વધીને વિશ્વ ગુજરાતી સમાજ સુધી વિસ્તરી છે.

'વર્લ્ડ બુક ઓફ સ્ટાર રેકોર્ડ', 'લાઈફટાઈમ એચિવમેન્ટ ઍવોર્ડ', માનદ્ ડૉક્ટરેટ પદવી જેવા અનેક ઍવોર્ડથી સન્માનિત હેમરાજભાઈએ એમના ઉત્તમ કાર્યોથી ઍવોર્ડ પ્રાપ્ત જ નથી કર્યા, પણ ઍવોર્ડ આપ્યા પણ છે. ૧૯૮૦ના વર્ષથી હેમરાજ શાહ, 'કચ્છ શક્તિ'ના નેજા હેઠળ દર વર્ષે અષાઢી બીજના દિવસે, કચ્છી નવા વર્ષની ગીત-સંગીત અને વિશ્વભરમાંથી પસંદગી પામેલી કચ્છી બહુમુખી પ્રતિભાઓને 'કચ્છ શક્તિ રાષ્ટ્રીય ઍવોર્ડ' આપી સન્માન કરતા રહ્યા છે. અત્યાર સુધી તેમણે એક હજારથી વધારે ભાઈ-બહેનોને આ ગૌરવ પ્રદાન કર્યું છે. ૪૨ વર્ષથી કચ્છી નવા વર્ષની ઉજવણી કરવાનું આયોજન કરનાર હેમરાજ શાહને કેનેડાની 'બ્રોમ્પ્ટન યુનિવર્સિટી' તરફથી માનવતા અને સામાજિક કાર્ય બદલ ડૉક્ટરેટની પદવી આપી સન્માનિત કર્યા હતા.

સતત જાગૃતિ, ઉત્તમ કાર્યો કરવાની સભાનતા, સમાજે જે આપ્યું છે તે સમાજને અનેકગણું કરીને પાછું આપવું, સમયને વેડફ્યા વગર પ્રવૃત્ત રહેવું, અરે સમયથી આગળ રહેવું – આ બધી બાબતો એમના માટે સહજ બની ગઈ છે. સાથે એમને એમની અંદર રહેલ સર્જનાત્મક્તાને જરા પણ ઓસરવા દીધી નથી. એના પરિણામે ૬૦થી વધારે પુસ્તકો એમના નામે બોલે છે. હેમરાજ શાહ સંપાદિત પુસ્તક 'વાર્તા વિશેષ'ના વિમોચન કાર્યક્રમ પ્રસંગે પર્યાવરણ અને પ્રદૂષણ વિભાગના તત્કાલીન પ્રધાન આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે, હેમરાજભાઈ હાલતી-ચાલતી લાઈબ્રેરી જેવા છે. પ્લાસ્ટીક બંધીની ચળવળ મેં શરૂ કરી ત્યારે પણ તેમણે પ્લાસ્ટીક બંધી વિશે પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. એમની આ સામાજિક જાગૃતિ અને જવાબદારીને નિભાવવાની તત્પરતા એમને અન્યોથી જુદા પાડે છે.

શ્રી હેમરાજભાઈ સર્વદા નિરામય રહે, સક્રિય રહે એવી પરમાત્માને પ્રાર્થના અને અભિનંદન.

*પ્રથમ કુલપતિ,*
***ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી***
*ભુજ, કચ્છ*

*આંખો બંધ થાય તે પહેલા "ઉઘડી" જાય*
*તો આખો જન્મારો સુધરી જાય.*

## પરમાર્થનું દાન

**(અનુસંધાન : પાના નં. – ૩૧ ઉપરથી ચાલુ)**

એક દાણાનો વ્યાજ સાથે હિસાબ અહીં હું પરત કરીશ.

થોડા સમય પહેલા મારો બંગલો વેચાયો. તેની રકમની વ્યવસ્થા માટે મેં જ્યારે મારા પુત્ર કુણાલને યુ.એસ.એ. ફોન કર્યો ત્યારે તેણે માત્ર એટલું જ કીધું... પપ્પા, આપણો પરિવાર ધરતીકંપ વખતે બચી ગયો હતો, એ કોઈ કુદરતી સંકેત સમજી લ્યો. આપણે ન બચ્યા હોત તો આ મિલ્કત લાવારીસ જ પડી રહેત. જેણે બચાવ્યા તેને અર્પણ કરી દ્યો.'

જે સંસ્થાનું આપણે ખાધું હતું, તે સંસ્થાને પાછું આપીને તમારું ૠણ ઉતારો પપ્પા...! અહીં ભગવાને મને ઘણું આપ્યું છે. પુણ્યનું ભાથું ભરી લ્યો. મોડું ન કરતા.

જ્યોત સે જ્યોત જલે.

સેવાભાવી સંસ્થાઓને કોઈ આપશે તો સંસ્થા ચાલશે.

બેટા, હવે જાત ચાલતી નથી. કાયમ માટે હું યુ.એસ.એ. જાઉં છું. આજે આ સંસ્થાને આપેલ વચન પૂરું કરી હું હળવો થઈ ગયો છું...!

અહીં આવતા દરેક વ્યક્તિ દુઃખી, લાચાર અથવા કુદરતી આપત્તિનો ભોગ બનેલ હોય છે. આવી વ્યક્તિઓ સાથે માનવતાભર્યું વર્તન અને વ્યવહાર કરજો. કુદરત રૂઠી હોય ત્યારે આવી વ્યક્તિઓ સાથે મજાક ન કરાય...

ચલ બેટા, જય જિનેન્દ્ર!

દાદા ઊભા થયા... સાથે આખો સ્ટાફ બે હાથ જોડી ઊભો થયો.

★

મિત્રો, મોત માટે તો કોઈ કારણ નિમિત્ત બને છે. એ તો કોઇ પણ સ્વરૂપે આવે છે. મારનાર સાથે તારણહાર ઉપર પણ વિશ્વાસ મૂકવો જોઈએ. આપણી નજર હંમેશાં કોઈ પણ ઘટના વખતે કેટલા મર્યા એ સંખ્યા ઉપર જ હોય છે. પણ કેટલા બચ્યા તેની ઉપર જતી નથી. જો મારનાર માટે ઈશ્વર જવાબદાર હોય, તો બચાવનાર માટે કેમ નહીં?

પરમાર્થ કરવા નીકળ્યા હો, કોઈ ભૂખ્યાનું પેટ ઠારવા નીકળ્યા હો ત્યારે તમારા મોબાઈલથી ફોટા ન પાડતા નહિંતર તમારા કપડા જ્યારે ખેંચાશે ત્યારે પ્રભુ ફોટા પાડતો હશે.

દરેક પ્રસંગે સમાજને ચોક્કસ યાદ રાખજો કારણકે તકલીફ હોય ત્યારે સમાજ / સંસ્થા તમારી સાથે જ ઊભી હોય છે. ■

# મનના નકારાત્મક વિચારો પર વિજય પ્રાપ્ત કરવા સ્વામીશ્રી ચિદાનંદજી મહારાજે અલભ્ય રીત દર્શાવી



પ્રા. સૂર્યકાંત ભટ્ટ

પરાપૂર્વથી માનવ તન-મનની સુખાકારી માટે સંતો, મહાત્માઓ, ગુરૂજનો અહર્નિશ સેવાકાર્ય કરી રહ્યા છે. જેમાં પશ્ચિમના દર્શનશાસ્ત્રીઓ એરીસ્ટોટલ, પ્લેટો, સોક્રેટીસ, નિન્સે આદિનું પણ યોગદાન રહ્યું છે. આજે ભારતમાં અનેક સંપ્રદાયો આ ક્ષેત્રે અવિરત કાર્ય કરી પોઝીટીવ અર્થાત્ હકારાત્મક વિચારો કરવા વણથંભ્યા પ્રયાસો કરી રહ્યા છે. જેનાથી પ્રજામાં સુખ, આશા, તન-મનની સ્વસ્થતા, વૃદ્ધિ પામી રહી છે.

આવું અભય તત્ત્વયુક્ત વિચારોનું સામ્રાજ્ય સ્વામી શિવાનંદજીએ ૨૩મી જાન્યુઆરી, ૧૯૩૬, મકર સંક્રાંતિના પર્વ અનુસંધાને, "THE DIVINE LIFE SOCIETY"ની સ્થાપના કરી. આજનો માનવી પોતાનું ધાર્યું કાર્ય પાર ન પડતાં, કોઈ કાર્યમાં અસફળતા મળતાં, ગૃહકલેશ, બેકારી, દેવા જેવી અર્થાત્ કરજ આદિ દુઃખોથી છૂટવા નકારાત્મક્તા વહોરી લઈને આત્મહત્યા સુધી પહોંચી, કુદરતે આપેલા જીવનનો સ્વયં નાશ કરી દે છે.

જીવનને આનંદયુક્ત, સુખમય બનાવવા પૂ. શિવાનંદ સ્વામીએ અલભ્ય ઉપદેશ કહો કે સાદી અને મન-બુદ્ધિમાં ઉતરી જાય તેવી નકારાત્મક વિચારોને હાંકી કાઢવા ઉપદેશ આપ્યા છે. જેની વિગતો સંક્ષિપ્તમાં નીચે મુજબ રજૂ કરું છું.

- **પ્રાર્થનાનું પ્રાબલ્ય :**

પ્રાર્થના થકી મન ઈશ્વરમાં પરોવાય છે. પ્રાર્થનાની અસર અથાગ હોય છે. પ્રાર્થના સન્નિષ્ઠાવાળી અને અંતરના ઉંડાણમાંથી કરવામાં આવે ત્યારે તે ઈશ્વરના હૃદયને પીગળાવી નાંખી શકે છે. દ્રૌપદીની પ્રાર્થના સાંભળી ભગવાન શ્રીકૃષ્ણ પરમાત્મા દ્વારકાથી દોડી તેણીની મદદે પહોંચેલા. ભક્ત પ્રહલાદને રક્ષવાનું દૃષ્ટાંત શાસ્ત્રોમાં મોજૂદ છે. પ્રાર્થનાથી દૈવી શક્તિ - દૈવી જ્ઞાન સંપન્ન થાય છે. સાધકને જીવન વ્યતીત કરવાનું નવું બળ મળે છે. નિરાશા ખતમ થઈ જાય છે.

- **એકાંતની અનન્યતા :**

સંસારમાં રહ્યા છતાં રાજા જનક અને એકનાથે આત્મ સાક્ષાત્કાર કર્યો હતો. ભગવાન જીસસ અઢાર વર્ષ સુધી એકાંતમાં સંસારથી દૂર વિચર્યા હતા. સ્વામી રામતીર્થ બ્રહ્મપુરી જંગલમાં એકલા અટુલા બે વર્ષ રહેલા. મહર્ષિ અરવિંદ પણ સંસારથી અલિપ્ત એકાંતમાં રહેલા. શાંતિ અને ઈશ્વર દર્શન માટે એકાંત અનન્ય છે. એકાંતમાં ધ્યાન - ભજન - સ્મરણ - નામ જપ સુખેથી થઈ શકે છે.

- **મૂલ્યવાન મૌન**

માયાનું જબરદસ્ત હથિયાર આપણી વાક ઈન્દ્રિય છે. તકરારો - મતભેદો - ઝઘડાઓ જીભથી જ થાય છે. તેથી તત્ત્વજ્ઞાનીઓ, સંતો, મહંતો, ગુરૂજનો મૌન પાળવાનો ઉપદેશ આપે છે. મૌનથી ઈચ્છાશક્તિ વધે છે. સંકલ્પ - વિકલ્પમાં રૂકાવટ આવી શકે છે. વાણીના મિથ્યા પ્રલાપ પર દાબ આવે છે. મનને શાંતિ - સહિષ્ણુતા મળે છે.

- **મૃત્યુની મહત્તા**

જીવનમાં મૃત્યુ એટલે શું? મહાભારતમાં સનત સુજાતના પ્રસંગમાં કહેવાયા મુજબ, આપણા જીવનમાંથી પ્રમાદ એ જ મૃત્યુ છે. આળસ અને પ્રમાદ દૂર કરવા મનુષ્યે સદાય તત્પર રહેવું જોઈએ. આ હૃદયના ધબકારા અને આપણા શ્વાસનું ચક્ર કેવું અવિરત ચાલી રહ્યું છે. આપણા સતત રક્ત ભ્રમણથી રોમ રોમ ભરાય છે. પરમાત્મા પોતની શક્તિ થકી આપણને જીવન બક્ષી રહ્યા છે.

ઈશાવાસ્ય ઉપનિષદમાં પ્રારંભે આવતા શ્લોક મુજબ, સમગ્ર સૃષ્ટિ, સમગ્ર બ્રહ્માંડ ઈશ્વરથી ઓતપ્રોત જ છે. પ્રત્યેક જીવન ઈશ્વરમાં વસે છે. જીવનનો પ્રત્યેક અંશ ઈશ્વરથી સભર છે. સમગ્ર જગત બ્રહ્મમય છે. પૂજ્ય સ્વામીશ્રી શિવાનંદજી મહારાજના આ અલભ્ય, અલૌકિક, દિવ્ય ઉપદેશો જીવાત્માની નકારાત્મક્તા અવશ્ય દૂર કરે છે.

*ભુજ, કચ્છ-૩૭૦ ૦૦૧. ● મો. ૯૮૨૫૨ ૩૪૩૪૬*

**મુક્તક**

*તમે ધારો છો એટલો ખરાબ નથી*
*નશામાં છું પણ પીધો શરાબ નથી.*
*મને ઓળખવામાં ભૂલ કરશો નહીં*
*અસલી ચહેરો છું, પહેર્યો નકાબ નથી.*

**રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ**
**મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦**

*આ જગત પરની બધી જ સિધ્ધિઓ અને સમૃદ્ધિનાં મૂળિયાં એક વિચાર કે સ્વપ્નામાં રહેલા છે.*

# નશો માંગે દેશવટો

નિખિલ એચ. ઠક્કર

વર્તમાન સમયમાં ખાસ કરીને આપણા કચ્છ જિલ્લામાં છેલ્લા થોડા સમયથી દરિયાઈ કાંઠાળ પ્રદેશ પરથી કેફી દ્રવ્યો પકડાય છે, જે માત્ર કચ્છ જિલ્લા માટે જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે ચિંતાનો વિષય બન્યો છે. આવા કેફી દ્રવ્યો, નશાકારક પદાર્થો પકડાય ત્યારે થોડા દિવસ હલચલ મચે, પછી ઠેરના ઠેર!! ત્યારે નશાકારક કેફી દ્રવ્યો શા માટે લેવાય છે? નશો એ નાશનું મૂળ છે, એમ કહેવાય છે ત્યારે નશા વિશે, કેફી દ્રવ્યોનું સેવન કરવાથી થતી બરબાદી વિશે લખવાનું મન થાય છે.

નશાકારક કેફી દ્રવ્યો વ્યક્તિ શા માટે લે છે? નશો કરનાર વ્યક્તિ પોતાની જિંદગીમાં દુઃખી હોય એની પાસે પૈસા હોય તો એ ઘણી વખત અંગત સોબતમાં આવી જઈને દુઃખને ભૂલાવવા નશો કરે છે. ઘણી વખત ગરીબ માણસો પણ પોતાની પાસે પૈસા ન હોય છતાં જેમતેમ મજૂરી કરી, રાત્રે કમાયેલ પૈસામાંથી રાત્રે દારૂ કે દેશી દારૂની કોથળી પી લઈને રાતગુજારો કરી નાખે છે. ઘણા ધનવાન વ્યક્તિઓ પોતાના શોખ ખાતર, બીજા ધનવાન અમીર દોસ્તોને ખાતર પણ નશો કરતા હોય તેવું સાંભળ્યું છે.

આ નશામાં કેફી દ્રવ્યો જેવા કે ચરસ, ગાંજો, અફીણ, બીડી, સિગારેટ, દારૂ અને હવે તો ઘણા વખતથી તમાકુ-પાન, માવા, ગુટકા ખાવાના શોખીનો દિવસે નહીં એટલા રાતે વધતા જોયા છે, એનો અફસોસ થાય છે!! આવા નશાકારક કેફી દ્રવ્યોથી દેશનું યુવાધન વિનાશને માર્ગે જાય છે, એ એક મોટી ચિંતાનો વિષય છે!! પૂ. ગાંધીના ગુજરાતમાં આવું બને છે, તે હકીકત છે. જે આપણા સૌ માટે શરમજનક છે. નશાથી કેવા કેવા પ્રકારની અને કેટલી કેટલી નુકસાની થાય છે તે સમજુ અને સુશીલ ચારિત્ર્ય ધરાવનારને સમજાવવાનું ન હોય. તેમ છતાં દુઃખ સાથે કહેવું પડે છે કે, આજે સુશીલ અને સમજદાર લોકો પણ છાનેછપને જઇને પરિવારના લોકોને ખબર ન પડે તેમ શરાબ પાર્ટીઓમાં જઇને ધન દોલત અને પોતાના આરોગ્યને અજબ-ગજબનું નુકસાન પહોંચાડે છે, તે વાસ્તવિક્તા છે.

નશાખોર વ્યક્તિને ધન-દોલત, પૈસાની તો હાનિ થાય જ છે, પરંતુ આજે પણ સમાજમાં આવા નશાખોર વ્યક્તિઓની ઈજ્જત રહેતી નથી. શ્રદ્ધાળુઓ, ધાર્મિક વૃત્તિના લોકો આવી વ્યક્તિઓને આદર સન્માનની દૃષ્ટિએ જોતા નથી, તે હકીકત છે. પૈસાની બરબાદી, ઈજ્જત - આબરૂની બરબાદી, તેમજ આવો નશો કરનાર વ્યક્તિની તબિયત આરોગ્યની પણ બરબાદી થાય છે, જે અત્યંત શોચનીય બાબત છે. 'શરીરં ખલુ ધર્મ સાધનમ્' એ આપણા ઋષિમુનિઓ કહી ગયા છે. નશાખોર વ્યક્તિ શરીરથી બરબાદ થાય છે તો પછી એ ધર્મનું, માનવધર્મનું આચરણ તો કેવી રીતે કરી શકે? બહુ જ વિચાર માંગી લે તેવી વાત છે ને?

સૌથી વધુ અગત્યની વાત છે કે, આવા નશાખોર વ્યક્તિઓ અને હવે તો ઘરમાં ટી.વી. કે મોબાઈલના જાદુઈ યંત્રો આવી જતાં મહિલાઓ પણ નશો કરતી થઈ ગઈ છે, એવું પણ જાણવા મળે છે. હદ થઇ ગઈને? જે દેશમાં 'નારી તું નારાયણી' કહેવાય છે, તે દેશમાં હવે પુરુષ સમોવડી બનવાની હોડમાં મહિલાઓ પણ નશો કરતી થઈ છે. જે ગૃહિણી ઘર સંભાળે ને હવે વ્યવસાય - નોકરી કરતી થઈ છે, ભલે કરે, બિલકુલ વાંધો ન હોય એ સામે! પણ નશો? વાહ રે મારા ભારત, વાહ!

ઘર પરિવારની શાંતિ આપણા આ કેફી દ્રવ્યોનું સેવન કરનારાઓએ હણી નાખી છે. ઘરમાં મારામારી થાય છે. દારૂ કે ચરસ, ગાંજો પીનારા પૈસા લેવા માટે પતિ કે પુત્ર, પત્ની કે માતા સાથે મારામારી કરીને ઘરમાં પૈસા ઝુંટવીને પણ નશાકારક કેફી દ્રવ્યોનું સેવન કરે છે! છે ને કરુણતા! ઘરમાં પિતા-પુત્ર વચ્ચે કુસંપ, પતિ-પત્ની વચ્ચે કુસંપ, બસ એક જ વાત — પૈસા લાવ, દેશી પીવો છે! પોતાનું સર્વસ્વ ગુમાવીને પણ નશો કરનાર વ્યક્તિ સાવ પાયમાલીના પંથે જઈ શકે છે ત્યારે અક્કલ નથી આવતી અને મોતને હવાલે થયાના સમાચાર શું આપણે અખબારો - ટી.વી. કે હવે તો મોબાઈલ ફોનમાં નથી વાંચતા, સાંભળતા કે જોતા?

કોઈક તો રોકો, ભારતના આ વિનાશના પંથે જનારાઓને! નશો કરનાર વ્યક્તિના સંતાનો પ્રેમના અભાવે ખરાબ રસ્તે ચડી જતા જોયા છે. અરે! એવું પણ જોયું છે કે, બાપ પોતાના દીકરાને તેના હાથમાં બીડીની ઝુડી આપીને કહે, લે બેટા લગાવ દમ! હવે ક્યાં જવું? ઈશ્વર કરે ને જેમ ગુજરાતમાં દારૂબંધી છે તેમ ભારતમાં દારૂબંધી થાય. જેવી ભારત માતાની મરજી!

*જય હિંદ — જય ભારત — જય કચ્છ.*

*ઉજ્જવળ ભવિષ્ય એ લોકોનું છે કે જેઓ પોતાના સ્વપ્નામાં સૌંદર્યને જોઈ શકે છે.*

# અંતના સગાં

'પપ્પા, ત્રણ લાખ રૂપિયાની જરૂર છે. બસ, એટલો બીજો ખર્ચ થતા સુધીમાં તો નીલેશ સંપૂર્ણ સ્વસ્થ થઈ જશે.' આરોહી એના પપ્પા વિનયભાઈને વિનંતી કરતા બોલી.

દિકરીની વિનંતીના પ્રત્યુત્તરમાં વિનયભાઈ સવિનય એટલું જ કહી શક્યા : 'બેટા આરોહી, તું તારા ભાઈ આયુધને આ બાબતે પૂછી જો. મારી પાસે તો હવે અંગત માયા મૂડી ક્યાં છે?'

ત્યાં જ અત્યાર સુધી આરોહીને ધ્યાનપૂર્વક સાંભળી રહેલ તેના મમ્મી ગુણવંતીબેન બોલ્યા, 'શું ક્યારની તારા બાપને હેરાન કરી રહી છે છોકરી? તારા ભાઈ પાસેય ક્યાં લાખોનો દલ્લો ભર્યો છે? જા. ગામડે તારા સાસુ-સસરા હજી કડેધડે છે. એમની પાસે જમીનેય છે ને નીલેશકુમાર એમનો એકનો એક દીકરો છે. ના પાડે તો કેસ ઠોકી દે એમની ઉપર. અમે તને આ બાબતમાં સંપૂર્ણ ટેકો આપીશું.'

સાસુ ગુણવંતીબેનની વાત પ્રથમવાર મીઠી મધ જેવી લાગી હોય તેમ વાત સાંભળીને રસોડામાંથી ઝડપભેર આવીને આયુધની પત્ની સુરભી બોલી, 'મમ્મીની વાત સો ટકા સાચી છે, આરોહીબેન. આમેય તમારા ભાઈ તો નીલેશકુમારના અકસ્માતમાં આર્થિક રીતે ખાસ્સા ઘસાયા છે અને તમે જુઓ છો કે, તમારા ભત્રીજા-ભત્રીજીના ઇંગ્લીશ મીડિયમના અભ્યાસ પાછળ અને ઘરખર્ચમાં અમારેય ક્યાં કશું લાંબુ વધે છે? મમ્મીએ કહ્યું તેમ તમારી સાસરીમાં આંટો મારી આવો.'

ગુણવંતીબેન અંતમાં બોલ્યા, 'જો આરોહી! ક્યાંય ફ્લેટ વેચી ના દેતી. નીલેશકુમાર તો હમણાં સાજા થઈને નોકરીએ ચડીને કમાતા થઇ જશે. અને છેલ્લે તો હું બેઠી જ છું. મારા દાગીના ગીરવે મૂકીનેય તને રૂપિયા અપાવીશ. પણ હાલ અમે કીધેલ વાતમાં પાછી ના પડતી.'

આરોહી થોડી ઢીલી થઈ ગઈ. એણે કહ્યું, 'નીલેશનો બાર વાગે પાટો બદલવાનો છે, હું જાઉં છું.' કહીને એ ઝડપભેર ફ્લેટના પગથિયા ઉતરી ગઈ. એ દરેક પગથિયા પરનો આરોહીનાં પગલાંનો અવાજ વિનયભાઈના હૃદય પર ઘાવ દઈ રહ્યો હતો. આખરે તો એ બાપનું દિલ હતું ને! પરંતુ એ સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયેલ અને મહિને પચ્ચીસ હજાર રૂપિયાનું પેન્શન મેળવતા સજ્જન પાસે બોલવાનો કોઈ અવકાશ નહોતો. પગના વા થી ત્રસ્ત એ પરાધીન જેવા બની ગયેલ માનવી પોતાના સ્વાર્થી પરિવાર સામે કંઈ કહેવા માટે સાવ લાચાર હતા.

આરોહી ઝડપભેર એક્ટીવા પર સવાર થઇને હોસ્પિટલે પહોંચી ગઈ.

આઠ વર્ષની દીકરી ધ્રુવી અને દીકરો શ્રુત મમ્મીની દોઢેક કલાકથી રાહ જોઈ રહ્યા હતા. એણે ઝડપથી નજીકની હોટલ પરથી નાસ્તો લાવીને બંનેને જમાડ્યા. અડધા કલાક પછી નીલેશનો પાટો બદલાયો.

હવે ડોક્ટરોએ નીલેશને થોડું બોલવાની છુટ આપી હતી. જો કે હજી બંને ફ્રેક્ચરવાળા હાથના પાટા અકબંધ હતા. નર્સ આવીને બંને હાથની મુઠ્ઠીઓ ખોલબંધ કરાવવાની પ્રેક્ટિસ કરાવતી હતી.

આજે અકસ્માત થયાને અગિયાર દિવસ થઈ ગયા હતા. અગિયાર દિવસ પહેલાં રવિવારે સાંજે નીલેશ સહ પરિવાર હોટલમાં જમવા જઈ રહ્યો હતો. નીલેશ કાર ચલાવી રહ્યો હતો. આરોહી અને બંને બાળકો પાછલી સીટમાં હતા. ચાર રસ્તા પર જમણી બાજુથી ઝડપભેર આવી રહેલા અજાણ્યા કારચાલકે નીલેશની કારને આગળના ભાગે જોરદાર ટક્કર મારી. નીલેશની કાર પલટી ખાઈ ગઈ. નસીબજોગે આરોહી અને બંને બાળકોના તો થોડા હાથપગ જ છોલાયા પરંતુ નીલેશ ગંભીર રીતે ઘવાયો.

બે ચાર દિવસથી ઈશારાથી સમજાવતા નીલેશની આંખોમાં આજે દડદડ આંસુ સરી પડ્યા. એ આંસુ ખરેખર તો હર્ષ સાથે વિષાદના હતા. પરંતુ એની ખબર હજી આરોહીને ક્યાં હતી?

નીલેશે ધીરેથી 'આરોહી' નામ ઉચ્ચાર્યું ને પછી બંને બાળકો સામે નજર ફેંકીને હાસ્ય સાથે તેમના નામ ઉચ્ચાર્યા. થોડીવાર રહીને નીલેશે દયામણી નજરે કહ્યું, 'આરોહી, મારા મમ્મી પપ્પાને જાણ કરી છે?'

આરોહી આ બાબતે પ્રથમવાર ઝંખવાઈ. તેનાથી બોલાઈ

*પ્રભુ, સારી વાક્છટા નહીં આપે તો ચાલશે, ખરાબ બોલતા પહેલા ડરતા શીખવાડજે.*

ગયું, 'સોરી નીલેશ, મારી ભૂલ થઈ ગઈ છે. મેં હકીકત મમ્મી પપ્પાને જણાવી નથી. એટલે હવે ફોન દ્વારા નહીં પરંતુ રૂબરૂ જઈને એમને બોલાવી લાવું છું. બે ત્રણ કલાકમાં જ એ લોકોને લઈને આવી પહોંચું છું. ધ્રુવી અને શ્રુત અહીં છે ને હમણાં મારા ઘરેથી કોઈક તો આવશે જ. આપણી ગાડી તો રીપેરીંગમાં છે પરંતુ પ્રાઇવેટ ટેક્સી કરીને જાઉં છું. નર્સને ભલામણ કરતી જાઉં છું. તમે ચિંતા ના કરતા.'

પત્નીના બદલાયેલ સ્વભાવને નીલેશ સમજી તો ના શક્યો પરંતુ એના ચહેરા પર ખુશી હતી અને એ ખુશી આંખોમાંથી ટપકતી હતી.

આરોહી નીલેશ સામે નજર ફેંકીને બાળકોને સમજાવીને સડસડાટ ચાલી નીકળી. જતાં જતાં નર્સને ભલામણ કરતી ગઈ. ધ્રુવી અને શ્રુત તો આમેય પોતાનો અગિયાર દિવસથી અભ્યાસ બગાડીને વહાલા પપ્પા આગળથી એક મિનિટેય ક્યાં અળગા થયા હતા? આરોહીએ સ્કૂલે જવા માટે ઘણાંય સમજાવ્યા હતાં પરંતુ બંને બાળકોનો એક જ જવાબ હતો : 'જ્યાં સુધી પપ્પા નહીં બોલે ત્યાં સુધી અમે સ્કૂલે નહીં જઈએ.' આજે પપ્પા બોલ્યા એનો આનંદ તો બંનેના મોં પર સ્પષ્ટ વરતાતો હતો. એ આનંદ તો આરોહીના મોં પર પણ ક્યાં નહોતો? પરંતુ આર્થિક પળોજણના ભાર તળે એ દબાઈ ગયો હતો.

ટેક્સી કરીને સિત્તેર કિલોમીટર દૂર આવેલ સાસરીમાં આરોહી નીકળી ગઈ. રસ્તામાં વિચારોની ઝડી સવાર થઈ ગઈ એના મગજ પર. આજે એને એના ભાઈ-ભાભી અને સગી મા ની વિચારસરણી પર નફરત થઈ રહી હતી. પપ્પાની પરાધીનતા પર એને અનુકંપા જાગી. પીયરપક્ષના સ્વાર્થભર્યા વ્યવહારે એને ગમગીન બનાવી દીધી. એણે પીયર પક્ષનું મૂલ્યાંકન કરી લીધું હતું. સગા ભાઈ આયુધની પત્ની સુરભીના શબ્દો 'તમારા ભાઈ તો આર્થિક રીતે ખાસ્સા ઘસાયા છે' એને આંખમાં કણાની જેમ ખૂંચી રહ્યા હતા. કયો ખર્ચ કર્યો આયુધે? એક બે વાર દવા લેવા મોકલ્યો અને ચાર પાંચ વાર હોટલમાંથી ટિફીન લાવ્યો એટલું માત્ર હતું. નીલેશની કંપનીના માલીક હોસ્પિટલમાં આવીને બે લાખ રૂપિયા આપી ગયા હતા. તો નીલેશના મિત્રોએ બે લાખનો ટેકો કર્યો. ચાર લાખ તો નીલેશની બચત હતી તો પાંચ લાખનાં ઘરેણા વેચ્યા. પંદર લાખનો હોસ્પિટલ ખર્ચ અને એક લાખ અન્ય ખર્ચમાં હવે ત્રણ લાખની જ જરૂર હતી અને એના માટેય પીયર પક્ષની આનાકાની?

આરોહીને એક બીજી મોટી ભૂલનો પણ પસ્તાવો થઈ રહ્યો હતો. નીલેશના અકસ્માતના પાંચ દિવસ પહેલા જ મેડિક્લેઈમ પોલીસી પૂરી થઈ ગઈ હતી. શુક્રવારની રજા મૂકાવીને ત્રણ દિવસના માથેરાન પ્રવાસ માટે આરોહી નીલેશને સહ પરિવાર ખેંચી ગઈ હતી. રવિવારે બપોર પછી ચારેક વાગે ઘેર આવ્યા અને રવિવારની સાંજે જ અકસ્માત સર્જાયો. પ્રવાસની દોડધામમાં પોલીસી લેવાનું ભૂલાઈ ગયું.

એનું મન એને ડંખી રહ્યું હતું. એને સતત થયા કરતું હતું કે એણે સાસુ સસરા સાથે અન્યાય કર્યો છે. બે વિઘા જમીનના માલીક સસરા પરાગભાઈ પાસે કઈ સંપત્તિ હોય? એમણેય નીલેશને ભણાવી ગણાવીને પગભર કર્યા એ શું મફતમાં થયું હશે? વગર વાંકે એ લોકો સામે નફરત ઘુંટીને મેં અન્યાય નથી કર્યો તો બીજું શું? મારી મોટાઈએ એ લોકોને દીકરાના ઘરને પગથિયે પણ ચડવા ના દીધા. ગામડાં ગામના મેલા ઘેલા માવતરની મને શરમ આવતી હતી કે શું?

એનું મન પોકારી ઉઠ્યું. જો આરોહી, અત્યારે તારી હેસિયત શું છે? આરોહીની આંખમાં આંસુ આવી ગયા. મોઢામાંથી ડૂસકું નીકળતા નીકળતા રહી ગયું. આધેડ ઉંમરના ટેક્સી ડ્રાઈવરે ગડમથલ સાથે કહ્યું, 'દીકરી, તારી ચિંતાની તો મને ખબર નથી. પરંતુ મારો આત્મા કહે છે કે, સૌ સારા વાના થશે. ચિંતા ના કરીશ.'

કોઈએ રૂંધાતા શ્વાસમાં પ્રાણવાયુ પૂર્યો હોય તેમ આરોહીને થોડી શાતા મળી. એણે ટેક્સી ચાલકનો 'થેંક્યુ અંકલ' કહીને આભાર માન્યો. આજે આરોહી પોતાની જાતને ખોટી માની રહી હતી પરંતુ સાથે સાથે સાસુ સસરાનો દીકરા પ્રત્યે કેટલો પ્રેમ છે એના પર હજી એનું મન આડોડાઈ કરી રહ્યું હતું.

એક વાત સ્વિકારવી રહી કે, આરોહીને નીલેશ પ્રત્યે અઢળક પ્રેમ હતો. અગિયાર દિવસમાં એને કેટલા ઉપવાસ થયા? આજે તો સવારથી લઇને અત્યાર સુધી અન્નનો દાણો પણ મોઢામાં મૂક્યો નથી.

સાસરીનું ગામ આવી ગયું. ટેક્સી ડ્રાઈવરને તો થોડું રોકાવાનું કહેલું જ હતું. આરોહી ઉતરીને ઝડપથી ઘરમાં ગઈ. સાસુ લતાબેન વાસણ માંજી રહ્યા હતા. આરોહીને જોતાં જ તેઓ ઊભા થઈ ગયા. આરોહીએ ઉતાવળે એમનું પાયલાગણ કર્યું. હાંફળા ફાંફળા થઈને લતાબેન બોલ્યા, 'વહુ, તમે એકલા? બાળકો અને નીલેશ કેમ નથી આવ્યા? છેલ્લા દસ બાર દિવસથી ફોન પણ નથી આવ્યો.'

સાસુની વ્યથા પામી જઈને આરોહી ફટાફટ બોલી, 'ચિંતા ના કરો મમ્મી. તમારા દીકરાને ગંભીર અકસ્માત થયો હતો પરંતુ અત્યારે તે એકદમ હેમખેમ છે. અકસ્માતને આજે અગિયાર

દિવસ થઈ ગયા. હવે બિલકુલ ચિંતા કરવા જેવું નથી. હું તમને લેવા આવી છું.'

છતાંય રઘવાયા થઈને લતાબેન બોલ્યા, 'સાચું બોલો છો ને વહુ? મારો દીકરો સાજો નરવો છે ને?'

'હા મમ્મી! તમારા દીકરાના સોગંદ ખાઈને કહું છું કે તેઓ હેમખેમ ને બોલતા ચાલતા છે.' કહીને આરોહી સાસુને ભેટી પડી.

પરાગભાઈ ખેતરે હોવાથી લતાબેન પાડોશમાં દિયરના ઘેર ગયા અને દિયરના છોકરાને કહ્યું, 'ઝડપથી તારા બાપાને ફોન કરીને ઘેર બોલાવ. નીલેશને અકસ્માત થયો છે પરંતુ અત્યારે સારું છે – એવું સંભાળીને કહેજે. એક તો ઢીલા હૃદયના છે ને આધેડ ઉંમર છે પાછી.'

આધેડ તો લતાબેન પણ ક્યાં નથી? છતાંય કેવા દોડીને ગયા દિયરના ઘેર! આરોહીને માની મમતાની આજે ખરી ખબર પડી. એની સાથે આરોહીને એની મમ્મીનાં ભડ ભડ બોલેલાં સ્વાર્થસભર વાક્યો પણ યાદ આવી ગયા.

પાંચેક મિનિટમાં નીલેશના અકસ્માતના સમાચાર આખા મહોલ્લામાં ફેલાઈ ગયા. પંદર મિનિટમાં તો પરાગભાઈ પણ ઘેર આવી ગયા. આવીને એમણે આરોહી પાસેથી દીકરાના બરાબરની ખરાઈ કરીને સમાચાર લીધા. એમણે ઝડપભેર લતાબેનને કહ્યું, 'ઘરમાં કેટલી રોકડ પડી છે?'

લતાબેને 'વીસ હજાર' કહીને ઉમેર્યું, 'મારા દાગીના શું કામ આવશે નીલેશના બાપુ! એય અઢી ત્રણ લાખના તો હશે. હું દાગીના સાથે લઈ લઉં છું.'

પરાગભાઈ બોલ્યા, 'ટાચક ટુચક દીકરાએ જ આપેલ બે લાખ જેવા તો મારા ખાતામાં હશે. એટીએમ કાર્ડ મારી પાસે જ છે.'

પરાગભાઈ, લતાબેન અને આરોહી ટેક્સીમાં બેસી રહ્યા હતા ત્યાં તો પરાગભાઈનો ભત્રીજો મયુર દોડતો દોડતો આવીને બોલ્યો, 'બાપા, હું પણ સાથે આવું છું. નીલેશભાઈએ મને કોલેજ વખતે બે વખત પચાસ પચાસ હજારનો ટેકો કરેલ છે એ લાખ રૂપિયા અને બીજા લાખ રૂપિયા મિત્ર પાસેથી ઉછીના લઈને આવ્યો છું. હું સાથે આવું તો કોઈ કામકાજમાં મદદ પણ કરી શકું. મારા પપ્પા, મારી મમ્મી, દિનેશકાકા અને કંચનકાકી આવતીકાલે વહેલી સવારે આવવા નીકળશે.'

સવારથી લઈને અત્યાર સુધી સસરાના ઘેર માત્ર એક ગ્લાસ પાણી પીધેલ આરોહીની આંખોમાંથી ટેક્સીમાં બેઠા પછી અચાનક આંસુઓની હેલી થવા લાગી.

લતાબેન, પરાગભાઈ અને મયુર અશુભ કુશંકાથી છળી ઉઠ્યા. લતાબેન આરોહીનો ખભો હચમચાવી નાખતા બોલ્યા, 'સાચું બોલો વહુ, નીલેશ હેમખેમ છે ને? તમને તમારા માવતરના સોગંદ છે.'

આરોહીને પરિસ્થિતિનું થોડું ભાન તો થયું પરંતુ તેના આંસુઓ બંધ થવાનું નામ નહોતા લેતા. એ રડતાં રડતાં જ બોલી, 'તમારા દીકરાની બિલકુલ ચિંતા ના કરો મમ્મી. મારા મા-બાપના સોગંદ ખાઈને કહું છું કે હવે તેઓ જોખમ બહાર છે અને બોલે ચાલે છે. બસ, મને રડવા દો. મને મારી ભૂલનો પસ્તાવો કરવા દો. મેં અભાગણીએ દેવતુલ્ય સાસુ-સસરાને તરછોડીને પુત્રવધૂના નામ પર કલંક લગાડ્યું છે. હું માફીની પણ હક્કદાર નથી. અંતનાં સગા કોણ હોય છે એ હવે મને સમજાય છે. મમ્મી, મને તમારા ખોળામાં માથું નાખીને રડવા દો ઘડીભર.'

લતાબેને આરોહીને બાથમાં લીધી. આરોહીએ ખરેખર એનું માથું સાસુના ખોળામાં નાખી દીધું. પાંચેક મિનિટ પછી ટેક્સી ડ્રાઈવરથી બોલ્યા વગર ના રહેવાયું. એ લતાબેન તરફ નજર ફેરવીને બોલ્યો, 'બહેન! આ દીકરીએ સવારથી કંઈ મોઢામાં મૂક્યું હોય એવું લાગતું નથી. જો તમારા ઘરે એ કંઈ જમી ના હોય તો વચ્ચે હોટલમાં એને ક્યાંક નાસ્તો કરાવો.'

'હે રામ! દીકરાના અકસ્માતની ચિંતામાં મેં વહુને ખાવાનું પણ ના પૂછ્યું.' લતાબેનના ચહેરા પર પસ્તાવાના ભાવ ઉપસી આવ્યા.

જેમ તેમ કરી મનાવીને લતાબેને મયુરે લાવેલ થોડાં બિસ્કીટ આરોહીને ખવડાવ્યા અને પાણી પાયું.

બરાબર સાડા ત્રણ કલાકે આરોહીએ સાસુ સસરા અને મયુરભાઈને નીલેશ અને બે બાળકો સામે ખડા કરી દીધા.

નીલેશના હૃદયમાં આનંદનો મહાસાગર ઘૂઘવાટા મારી રહ્યો હતો. એણે પ્રભુનો પાડ માન્યો. ધ્રુવી અને શ્રુતને મુક્ત મને દાદા-દાદીનો ખોળો ખુંદવાની મજા પડી હતી.

આરોહી તો પીયરપક્ષ અને સાસરીપક્ષ બંનેને સમજી ચૂકી હતી અને એ રીતે નવેસરથી જીવવાનું શીખી ગઈ હતી.

...તો અહીં આવ્યાને ત્રીજા જ દિવસે પરાગભાઈ ધ્રુવીની આંગળી પકડી અને લતાબેન શ્રુતની આંગળી પકડીને સ્કૂલ સુધી મૂકવા જઈ રહ્યા હતા. એ રળિયામણું દૃશ્ય આરોહી હૃદયથી પી રહી હતી... ■

*પ્રભુ, પ્રસિદ્ધિ નહીં આપે તો ચાલશે, કોઈ અજાણ્યાને પોતાનો ગણતા શીખવાડજે.*

# પરમાર્થનું દાન

**(સત્ય ઘટના આધારીત પ્રેરક પ્રસંગ)**

ઉપકાર કરવાની ભાવનાથી કરેલ કોઈપણ સત્કર્મની પ્રભુ નોંધ લેતો નથી.

એક વખત એક સેવાભાવી સંસ્થાની અંદર કુદરતી આફત વખતે સેવાકાર્ય ચાલી રહ્યું હતું.

આ દરમિયાન એક દાદા જૂની ધોતી ઉપર બંડી પહેરી રીક્ષામાંથી નીચે ઉતર્યા. એ કાર્યાલય તરફ આગળ વધતા હતા. એક હાથમાં લાકડી, બીજા હાથમાં ઝોળી, આંખે ચશ્મા, પગમાં જૂના ચંપલ છતાં ચાલમાં ખુમારી હતી.

એ કાર્યાલય તરફ આગળ વધ્યા એટલે ત્યાંની ઓફિસના કર્મચારીએ દાદાને રોક્યા... 'દાદા, લાઈનમાં ઊભા રહો અથવા અહીં બેસો. તમારો વારો આવે એટલે બોલાવશું.'

દાદા બાંકડા ઉપર બેસી લાઈનમાં ઊભેલા વ્યક્તિઓનું નિરીક્ષણ કરી રહ્યા હતા.

લોકો મોઢા ઉપર પોતાની ઓળખ છુપાવવા માટે રૂમાલ કે ઓઢણી ઢાંકી ટિફીન પકડી લાઇનમાં ઊભા હતા. કોઈ મોબાઈલથી વીડિયો ઉતારતા હતા, તો કોઈ ફોટા પાડી રહ્યા હતા. આવા સંકટ સમયે સંજોગોના શિકાર બનેલ વ્યક્તિઓના પણ ફોટા અને વીડિયો ઉતારી અમુક લોકો નીચ હરકતો કરી વિકૃત આનંદ મેળવી રહ્યા હતા.

અચાનક કોઈએ બૂમ પાડી : 'દાદા આવી જાવ, તમારું ટિફીન લઈને.'

દાદા નજીક ગયા. ઓફિસમાંથી અવાજ આવ્યો : 'દાદા વાસણ ઘરેથી લાવવાનું.'

દાદા બોલ્યા : 'બેટા, હું એ માટે નથી આવ્યો. મારે અગત્યની વાત કરવી છે.'

'...પણ અત્યારે દાદા, અમારી પાસે સમય નથી...' ઓફિસમાંથી અવાજ આવ્યો.

'અરે બેટા, ડોનેશન માટે વાત કરવી છે.'

ઓફિસના કર્મચારી દાદાને ઉપરથી નીચે સુધી જોવા લાગ્યા. પછી બોલ્યા, 'સારું, આવો...'

દાદા ઓફિસમાં ગયા. બોલ્યા : 'ડોનેશન લો છો?'

'હા દાદા, અત્યારે તો ખૂબ જરૂર છે. કેટલા રૂપિયાની રીસીપ્ટ ફાડું?'

દાદાએ ઝોળીમાં હાથ નાખી ચેકબુક કાઢી ચેક લખ્યો.

ચેક હાથમાં પકડતા જ સંસ્થાનો કર્મચારી ઊભો થઈ ગયો. બે વખત મીંડાઓ ગણવા લાગ્યો. દાદા સામે જોઈ બોલ્યો, 'દાદા, આ રકમ તમે તમારી જાગૃત અવસ્થામાં લખો છો? તમારા પરિવારને આ બાબતની જાણ છે? આ ચેકની રકમ બે કરોડ રૂપિયા છે, એ આપ જાણો છો?'

'હા બેટા, મારા પરિવારને ખબર છે અને ચેકની રકમ બે કરોડ રૂપિયા છે, એ પણ હું જાણું છું. વધારે ખાતરી કરવી છે? પણ આ ચેક સામે તમારે મને એક વચન આપવું પડશે.'

'બોલો દાદા...'

'આ સંસ્થામાં આવતી દરેક વ્યક્તિ પીડિત હોય છે. તે કોઈ પણ ખરાબ સંજોગોના શિકાર બનેલ હોય છે. આવી વ્યક્તિઓના ફોટા પાડવા - વીડિયો ઉતારવા યોગ્ય લાગે છે?'

'ના દાદા...'

'આ કોઈ કીર્તિદાન નથી બેટા તેથી... બસ, મારી એક નાની શરત છે. "આ સંસ્થામાં ફોટો તથા વીડિયો ઉતારવાની સદંતર મનાઈ છે" આટલું બોર્ડ મારી દેજો...!'

કાર્યાલયનો સ્ટાફ દાદાને હાથ જોડી બોલ્યા, 'દાદા, કોઈના પહેરવેશ ઉપરથી વ્યક્તિ વિશે અનુમાન ના બાંધવું જોઈએ. અમે તમને ઓળખવામાં ભૂલ કરી...!'

'દાદા, દાનની રીસીપ્ટ કોના નામે બનાવીએ?'

દાદા બોલ્યા, 'દાન નહીં બેટા, ભેટ બોલ. રીસીપ્ટની તો મારે જરૂર નથી. છતાં પણ આપવી હોય તો મારા નામની જગ્યાએ લખ... : "પ્રભુ અર્પણમ્."

બેટા, ધરતીકંપ વખતે તારી સંસ્થાનું ઘણું અમારા પરિવારે ખાધું હતું. ત્યારે જ મેં નિર્ણય લીધો હતો. સમય આવે એક

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૨૫ ઉપર)**

*પ્રભુ, ધનદૌલત નહીં આપે તો ચાલશે, પણ કોઈ ગરીબને પ્રેમથી ગળે મળતા શીખવાડજે.*

# ભૂલાયેલું પાકિટ

***આ એક જીવનનો બોધ આપતી સુંદર વાર્તા છે. એકવાર જરૂર વાંચજો. પૈસા અને માણસાઈ વચ્ચેનો ભેદ ખબર પડી જશે.***

રોજ સવાર પડે, એમ એ દિવસે પણ સવાર પડી. ઘરનું કામ આટોપી, ઓફિસે સમયસર પહોંચવા સ્વયં માટે ઓછામાં ઓછો સમય ફાળવ્યો. ટિફીન, ચાવીઓ અને ચશ્મા લીધાની ખાત્રી કરી ઘર બહાર પગ મૂક્યો. ત્યાં નાની દીકરીએ આવી જોરથી ભેટી, 'બાય મમ્મી, જલ્દી આવજે. લવ યુ...' કીધું અને મને દિવસ સાર્થક લાગ્યો. એનું વેકેશન શરૂ થયું હતું. તેથી આગલે દિવસે જ લાવવાની વસ્તુઓનું લીસ્ટ મને મળી ગયું હતું એ યાદ પણ કરાવી દીધું.

એ વિશે વિચારતાં જ રસ્તા પર આવી. રીક્ષા માટે હાથ કર્યો. રાબેતા મુજબ બે-ત્રણ રીક્ષાવાળાએ ના પાડી. છેલ્લે એક રીક્ષા મળી તો ઇંડરીયો ગઢ જીત્યા જેવી લાગણી થઈ. આવું તો ઘણીવાર થતું. તેથી નવાઈ નહોતી.

સમયસર હોવાનો ફાંકો હતો. તેથી આજુબાજુ નજર નાખતા ઓફિસ પહોંચી. પર્સમાં ફંફોળ્યું તો પાકીટ ગાયબ. ઘડી પહેલાનો રૂઆબ સાબુના ફીણની જેમ ઓસરી ગયો. મારી ગરબડ જોઈ રીક્ષાવાળાએ માપી લીધું કે મેડમ આજે નાણાં વિનાના છે. એણે કહ્યું, 'થાય આવું કદી. કાલે લઇ લઈશ પૈસા. મારો નંબર લઇ લો. તમારા એરિયામાં આવું જ છું, શાળાના બચ્ચાઓને મૂકવા, ત્યારે આપી દેજો. કોલ કરજો એટલે આવી જઈશ.'

ભોંઠપ ઓછી કરવાની એની કોશિશ પ્રશંસનીય હતી. મેં નંબર લેવા મોબાઈલ શોધ્યો તો એ પણ ગેરહાજર. એકાદ જૂનું બીલ શોધી નંબર લખવા પેન પણ એ સજ્જને આપી. પૈસા આપવાનું વચન આપી ઓફિસ પહોંચી તો લેટ માર્ક થવાની તૈયારીમાં. દોડતાં જઈ હાજરી પુરાવી તો ઉપરીના મોં પર સ્મિત તો મોનાલીસાના સ્મિત કરતાં ગૂઢ લાગ્યું.

ટેબલ પર પહોંચી અત્યંત જરૂરી કામ આટોપવાની કોશિશ કરી. સવારનો દીકરીનો ઉષ્માભર્યો આશ્લેષ બધી ગરબડમાં ધોવાઈ ગયો. એકવાર કામ શરૂ કર્યા બાદ ફરીથી પેલી 'ભોંઠપ' વિસારે પડી. પાકિટ ન લાવ્યાનું ભૂલાઈ ગયું! એક પછી એક કામ પતાવતા લંચ સમય થયો. આદત મુજબ નીચે ઉતરી. શાક, ફ્રુટ લેવાનું લીસ્ટ મનમાં યાદ કરતાં રોજના શાકવાળા પાસે જઈ ઊભી રહી.

મસમોટું લીસ્ટ એને ગોખાવી થેલો આગળ કર્યો. એની સાથે સ્ત્રી સહજ મોંઘવારીની ચર્ચા કરતાં ફરી પર્સમાં હાથ નાંખ્યો અને...! પાકિટ ભૂલી ગયાની વાત જાણી શિવશંકર (ફ્રુટવાળો) હસી પડ્યો અને બોલ્યો, 'ઉસમેં કૌન સી બડી બાત હૈ. હો જાતા હૈ ઐસા કભી કભી.' મેં શાક - ફ્રુટ કાલે લઇ જવાની વાત કરી. તો કહે, 'ના, ના, આપ બેજીજક લે જાઈએ. મૈં ને ઔર ભી થોડે પૈસે રખ દિયે હૈં, આરામસે રહિયે. ઉસસે ઔર કુછ ચાહિયે તો લે લીજીયે. જબ ચાહે લૌટા દેના. આપ કિસી ઔરસે માંગના મત.'

આ શાકવાળાને કંઈ કેટલીયવાર કાંટો બરાબર નથી, વધારે ભાવ લગાડવાના બહાને ભાંડ્યો હશે. આજે મને ઢાંકણીમાં પાણી લઈ ડૂબી મરવા જેવું લાગ્યું. આભાર માની હળવે પગલે ઓફિસમાં પહોંચી શાકનો થેલો ખાનામાં મૂકતાં જોયું તો સોની દસ નોટ થેલામાં.

ફરી કામે લાગી. હવે કામ પતાવી ઘેર જવાની ઉતાવળ. એક પછી એક ફોન, ફાઈલ, નોંધ કરવી... એટલામાં બોસે બોલાવ્યાની વરદી. કમને એમની કેબિન પાસે પહોંચી તો લંચ રૂમ પાસે પશાર થતા ગુસપુસ સાંભળી. અમારો પ્યુન વાલજી ચા વાળાને કહી રહ્યો હતો, 'આજે દીકરીનો જન્મ દિવસ. એને બાર્બી ડોલ લાવી આપવાનું વચન આપેલું ઘણા દિવસથી. પરમ દિવસે પડોશીને અકસ્માતમાં ફ્રેક્ચર થતાં એને પાંચસો આપ્યા. હવે આજે કોઈ પાસે જન્મદિવસ નિમિત્તે હાથ ફેલાવતા સંકોચ થાય છે.'

મને સો સો ની દસ નોટ યાદ આવી. ઝડપથી જઈ એમાંથી પાંચ નોટ લાવી વાલજીના હાથમાં મૂકી મુઠ્ઠી વાળી દીધી. એ કશું બોલે એ પહેલાં રૂમ છોડી નીકળી ગઈ. એના સજળ નયન મારી પીઠને જરૂર તાકી રહ્યા હશે. પાછા વળતા હું વિચારી રહી, 'કોના પૈસા, કોની શ્રીમંતાઈ!'

બોસની કેબિન પાસે પહોંચી તો એમના શબ્દો કાન પર પડ્યા

**(અનુસંધાન : જુઓ પાના નં. – ૩૪ ઉપર)**

*પ્રભુ, સફળતા નહીં આપે તો ચાલશે, નિષ્ફળતાને ધીરજથી પચાવતા શીખવાડજે.*

# માનસિક બીમારીઓ અંગે પ્રવર્તતી ગેરસમજ અને વૈજ્ઞાનિક સત્ય : ભાગ-૪

**(Mental Illness : Misunderstanding and Scientific Facts : Part-4)**





ડૉ. મણિલાલ ગડા
(મનોચિકિત્સક)

ડૉ. દીપ્તિ શાહ (ગડા)
(મનોચિકિત્સક તથા બાળ મનોચિકિત્સક)

આગળના લેખોમાં આપણે માનસિક બીમારીઓ વિશે વૈજ્ઞાનિક સત્યની જાણકારી મેળવી.

- **વૈજ્ઞાનિક સત્યો :**

૧. માનસિક બીમારીઓ ખરેખર બીમારીઓ છે. વ્યક્તિ ઢોંગ કે નાટક કરતો નથી.

૨. માનસિક બીમારીઓમાં બ્રેઈન - મગજમાં આવેલા અવયવોમાં શારીરિક ફેરફારો (કદ, રચના, ન્યુરોટ્રાન્સમિટર્સ - કેમિકલમાં) થાય છે.

૩. વધારે વિચારો આવવા, નકારાત્મક વિચારો આવવા, નિરર્થક શંકાઓ આવવી માનસિક બીમારીના લક્ષણો છે. આ વિચારો પર વ્યક્તિનો કાબૂ નથી હોતો. સ્વયં વિચારોને બદલી શકતો નથી.

૪. વ્યક્તિ થોડા સમયથી અયોગ્ય વર્તણૂંક કરતી હોય, પોતાની વાણી પર કાબૂ ન હોય તો વ્યક્તિ માનસિક બીમારીથી પીડાય છે.

ભૂત, ડાકલિયા કે બહારની કોઈ અસર નથી.

યોગ્ય નિદાન તથા સારવારની જરૂરત છે.

આ લેખમાં અન્ય ગેરસમજ તથા વૈજ્ઞાનિક સત્ય વિશે જાણકારી મેળવીએ.

## ગેરસમજ-૫

*"વ્યક્તિ ઢોંગ કરે છે, બીમારીનું નાટક કરે છે, જવાબદારીમાંથી છટકવું છે, હકીકતમાં બીમાર નથી."*

- **વૈજ્ઞાનિક સત્ય :**

જેમ શારીરિક બીમારીમાં લક્ષણોની વધઘટ થાય છે, બ્લડ પ્રેશરમાં વધઘટ થાય છે, ડાયાબિટીસમાં બ્લડ સુગરની વધઘટ થાય છે તેમ માનસિક બીમારીના લક્ષણોમાં વધઘટ થાય છે. આ લક્ષણોની વધઘટ થવી એ દર્દી (વ્યક્તિના) કાબૂમાં નથી. નીચે આપેલા કેસ પરથી સમજાશે.

## કેસ સ્ટડી-૩

૩૧ વર્ષની ગૃહિણી નીતાને (નામ બદલ્યું છે) વારંવાર માથાનો દુઃખાવો થઈ આવતો હતો. શરૂઆતમાં માથાનો દુઃખાવો ઓછો રહેતો હતો. માથું ભારે ભારે લાગતું હતું. માથાનો દુઃખાવો વધી જતો, સહન ન થતો ત્યારે નીતા સૂઈ જતી હતી. આનાથી ઘરના કામકાજ પર નકારાત્મક અસર થતી. ધીમે ધીમે દુઃખાવાનું પ્રમાણ (Degree) તથા દુઃખાવાના સમયમાં વધારો (Duration) થવા લાગ્યો. ઘરનું કામકાજ બાકી રહેવા લાગ્યું. મગજના સી.ટી. સ્કેન, એમ.આર.આઈ. સ્કેન નોર્મલ હતા. દર્દનાશક દવાની અસર પણ ઓછી થવા માંડેલી.

★ **પ્રસંગ-૧ :** પતિએ નિરીક્ષણ કર્યું કે જ્યારે કામનો બોજો વધારે હોય ત્યારે માથું વધારે દુઃખતું હતું. ઘરે મહેમાન જમવા આવવાના હોય ત્યારે માથું વધારે દુઃખતું હતું. એ સમયે વધારે પેઇન કીલર લેવી પડતી.

★ **પ્રસંગ-૨ :** એક વખત માથું સખત દુઃખતું હતું. તેથી નીતા સૂઈ ગઈ હતી. તે વખતે ભાઈ-ભાભી આવ્યા અને પિક્ચર જોવાનો કાર્યક્રમ બનાવ્યો. નીતાએ પિક્ચર જોવા આવવા માટે આનાકાની કરી. પરંતુ ભાઈએ ખૂબ આગ્રહ કરતાં પરાણે હા પાડી. પિક્ચર જોતી વખતે માથું દુઃખવાનું ઓછું થઈ લગભગ બંધ થઈ ગયું. ત્યારબાદ હોટલમાં જમવા ગયા ત્યારે નીતાનું માથું દુઃખવાનું બિલકુલ બંધ થઈ ગયું.

★ **પ્રસંગ-૩ :** બીજા એક પ્રસંગ વખતે નીતાનું માથું સવારથી દુઃખતું હતું. માથાના દુઃખાવાને લીધે બપોરના નીતા જમી પણ ન હતી. સાંજના એક રાસ-ગરબાની હરીફાઈનો કાર્યક્રમ હતો. કુટુંબીજનોને એમ હતું કે આજે નીતા કાર્યક્રમમાં ભાગ નહીં લઈ શકે. પરંતુ સૌના આશ્ચર્ય વચ્ચે નીતાએ રાસ-ગરબાની હરીફાઈમાં ભાગ લીધો તથા દર વખતની જેમ પ્રથમ પારિતોષિક મેળવ્યું.

ઉપરોક્ત પ્રસંગો પરથી પતિ તથા કુટુંબીજનોને લાગ્યું કે માથાનો દુઃખાવો એક બીમારીનું નાટક છે, ઢોંગ છે. નીતાને કામ કરવું નથી એટલે માથાનો દુઃખાવો થઈ આવે છે અને એટલે

સૂઈ જાય છે. જેથી કામ કરવું ન પડે.

જો સાચે જ બીમારી હોય તો શારીરિક તપાસ તથા બધા રીપોર્ટ નોર્મલ શા માટે આવે? મનગમતી પ્રવૃત્તિ વખતે માથાનો દુ:ખાવો ક્યાં ગાયબ થઈ જાય છે?

- **વૈજ્ઞાનિક સમજણ :**

માનસિક સ્ટ્રેસનું પ્રમાણ જ્યારે વ્યક્તિની ક્ષમતાથી વધી જાય છે ત્યારે માનસિક બીમારીનું પ્રમાણ વધી જાય છે, બીમારીના લક્ષણો વધી જાય છે. સ્ટ્રેસ હોરમોન્સ તથા સ્ટ્રેસ રસાયણો - કેમિકલ્સ શરીરમાં વધી જાય છે. આની અસર અવયવો પર થતાં બીમારીના લક્ષણો વધી જાય છે. સ્ટ્રેસનું પ્રમાણ ઘટતાં, સ્ટ્રેસ રસાયણો ઘટી જાય છે. અવયવો પર અસર ઓછી થતાં બીમારીના લક્ષણોમાં રાહત મળે છે.

ઉપરોક્ત કેસ સ્ટડીના માથાના દુ:ખાવાની વધઘટ માટેની મનોવૈજ્ઞાનિક સમજ નીચે પ્રમાણે છે.

**પ્રસંગ-૧ :** મહેમાન જમવા આવતા ત્યારે નીતાનો પતિ નીતાની રસોઈની ભૂલો મહેમાનની હાજરીમાં કાઢતો હતો. આથી સંવેદનશીલ નીતાનો માનસિક સ્ટ્રેસ વધી જતો. નીતાને ડર રહેતો કે રસોઈમાં ભૂલ થશે. આ ડરથી સ્ટ્રેસનું પ્રમાણ વધી જતું. તેના લીધે દુ:ખાવાનું પ્રમાણ ખૂબ જ વધી જતું.

**પ્રસંગ-૨ :** નીતાના સંબંધો એના ભાઈ-ભાભી સાથે સકારાત્મક હતા. એમની હાજરી નીતાને માનસિક હૂંફ આપતી હતી. હાજરી માત્ર નીતા માટે સ્ટ્રેસ બસ્ટર (Stress Buster) હતી. આથી માથાનો દુ:ખાવો બંધ થયો.

**પ્રસંગ-૩ :** નીતાને બચપણથી રાસ-ગરબા રમવાની હોંશ હતી. નાનપણમાં રાસ-ગરબાની હરીફાઈમાં અનેક ઇનામો મેળવ્યા હતા. મનગમતી પ્રવૃત્તિથી સ્ટ્રેસ ઓછો થયો તથા દુ:ખાવો મટી ગયો.

- **સારવાર :**

દવાઓ જોડે કાઉન્સેલિંગના સેશન્સમાં નીતાના પતિ તથા કુટુંબીજનોને મનોવૈજ્ઞાનિક સમજણ આપી. સાયકો એજ્યુકેશનની પદ્ધતિ અપનાવી. એમની વલણમાં ફેરફાર થયો. સકારાત્મક વલણ અપનાવી નીતાને સમજવાની કોશિશ કરી.

આથી માથાનો દુ:ખાવો મટી ગયો. ઘરે મહેમાનોને જમવા નીતા સામેથી બોલાવે છે.

- **માનસિક સ્ટ્રેસ :**

માનસિક સ્ટ્રેસ ઉત્પન્ન થશે કે નહીં એ પ્રસંગ કે બનાવ તથા પ્રસંગ પ્રત્યેની વ્યક્તિની પ્રતિક્રિયા તથા પ્રતિભાવ પર આધાર રાખે છે. વ્યક્તિનો સ્વભાવ, પ્રતિક્રિયા વધારે મહત્ત્વના છે.

શારીરિક બીમારી ડાયાબિટીસ, બ્લડ પ્રેશરમાં વધઘટ થાય ત્યારે દર્દી નાટક કરે છે, ઢોંગ કરે છે, એવું વલણ આપણે અપનાવતા નથી. દર્દી પ્રત્યે નકારાત્મક વલણ અપનાવતા નથી પરંતુ સહાનુભૂતિની લાગણી પ્રદર્શિત કરી યોગ્ય તબીબી સારવાર માટે દર્દીને પ્રોત્સાહિત કરીએ છીએ.

માનસિક રોગમાં વધઘટ થાય તો આપણે આ વધઘટ સ્વીકારતા નથી. નકારાત્મક વલણ અપનાવીએ છીએ. દર્દી નાટક કરે છે, ઢોંગ કરે છે એમ ખોટી રીતે સમજી બીમારીમાં વધારો કરીએ છીએ.

- **સારાંશ :**

માનસિક બીમારી તથા લક્ષણોમાં વધઘટ થવી એ બીમારીનો ભાગ છે. સહાનુભૂતિપૂર્વક આપણે દર્દીને સમજી યોગ્ય તબીબી સારવાર માટે દર્દીને પ્રોત્સાહિત કરીએ...

*(ક્રમશઃ)*

## ભૂલાયેલું પાકિટ

**(અનુસંધાન : પાના નં. – ૩૨ ઉપરથી ચાલુ)**

: 'એ જાતને તો માંગવાની ટેવ પડી ગઈ હોય. આજે પાકિટ ભૂલાઈ ગયું તો કાલે પાકિટ કપાઈ ગયું. વોચમેનની જાતનો કોઈ ભરોસો નહીં. એને ઉછીનાં આપવાની કોઈ જરૂર નથી. તને બધા પર બહુ દયા ઉભરાય છે. કામ બહુ છે, ફોન મૂકું છું.'

કેબિન બહાર ઊભા રહી મેં તો ત્રાજવે તોળી લીધી આજે મળેલી દરેક વ્યક્તિને. ત્યારબાદ કશું ન બન્યા હોવાનો અભિનય પાર પાડી કામ પતાવ્યું. સાંજે ઘેર જઈને સૌને "થાય એવું કદી કદી"ની ગાથા સંભળાવી.

મોબાઈલ હાથમાં લઇ પ્રથમ રીક્ષાવાળાનો મોબાઈલ નંબર નોંધી એના વ્યક્તિત્વને વંદી રહી. એણે ધાર્યું હોત તો અપશબ્દો કે કટુ વચનો વાપરી શક્યો હોત. એના બદલે એણે મને સહજતા બક્ષી, જેથી હું ઓફિસમાં નિર્વિકાર થઇ કામ કરી શકી. રાત્રે સૂતી વખતે... હું મહિને ખાસ્સુ કમાતી, છતાં મારી જાતને રીક્ષાવાળા, શાકવાળા શિવશંકર અને મારા બોસની સાથે તોલી રહી.

તે દિવસે 'ભૂલાયેલું પાકિટ' મને માણસાઈની ઘણી જાણી અજાણી ગલીઓમાં ભ્રમણ કરાવી આવ્યું. વાતે વાતે બેંક બેલેન્સ, સમાજમાં આગવા સ્થાન કે પ્રતિષ્ઠાને અસ્તિત્વની પારાશીશી ગણનાર આપણે, કદી આ સ્તરે મળનારી વ્યક્તિઓનાં ઉજળાં પાસાં વિશે વિચારીશું ખરા?

પાકિટ વિના શરૂ થયેલો મારો દિવસ મને શીખવી ગયો કે, 'તમારી શ્રીમંતાઈને પરખવી હોય તો વિના પાકિટે પરખો. ભરેલા ખિસ્સાએ એનો ખરો રંગ નહીં દેખાય!' ■

*ખરાબ સમયની પણ એક વાત સારી છે, જેવો શરૂ થાય એટલે વધારાના લોકો જીવનમાંથી ચાલ્યા જાય છે.*

# Thank You, શ્રુતિ



એમ. ડી. સોલંકી

શ્રુતિ, તમારા સાસુ સરોજબેનના મનમાં છેલ્લા દસેક દિવસથી ઉદ્‌ભવેલા એક સવાલનો જવાબ વારંવાર વિચારવા છતાંય એમને આજ સુધી મળ્યો જ નથી. એટલે એ મનોમન મૂંઝાયા જ કરે છે અને હવે તો આટલા લાંબા સમય પછી તો એ સવાલ સરોજબેનના મનોપ્રદેશમાં હવે તો માત્ર એક સવાલને બદલે એક જાતનો ‘રહસ્યમય કોયડો’ જ બની ગયો છે, જે સવાલના સર્જક તમે પોતે જ એટલે કે શ્રુતિ મનન તલસાણીયા છે.

એ દિવસે સવારે જ લેગીંગ ટોપમાં બાર્બીડોલની જેમ તૈયાર થઈને તમે તમારા સાસુ સરોજબેનને કહેલું, ‘મમ્મી, અમે બંને અપૂર્વ સાથે સાપુતારા તરફ ફરવા જઈએ છીએ. ચારેક દિવસમાં પાછા આવી જઈશું.’ અને આધુનિક પોશાકમાં સજ્જ થઇ હાથમાં લેટેસ્ટ ક્વોલિટીનું પર્સ ઝુલાવતા તમે દરવાજા તરફ નીકળ્યા હતા. શહેરની જાણીતી ફર્મમાં ઉચ્ચ હોદ્દો ધરાવતા તમારા પતિ મનન અને દીકરો અપૂર્વ અગાઉથી જ દરવાજે ઊભેલી કારમાં ગોઠવાઈને તમને બોલાવવા હોર્ન પર હોર્ન વગાડતા હતા.

શ્રુતિ, તમારા બોલાયેલા શબ્દો સાંભળીને સરોજબેને સહેજ માથું નમાવીને હકારમાં પ્રત્યુત્તર આપ્યો હતો. પરંતુ તમને દરવાજે ઊભેલી કાર તરફ જતા જોઈને એક ક્ષણ માટે એ પોતે પણ ભૂલી જ ગયેલા કે શ્રુતિ, તમે પાંચ વર્ષના અપૂર્વની મમ્મી છો! અને પછી તો ન જાણે કેટકેટલાય વિચારો એમના મનમાં ઊગીને આથમી ગયેલા!

છેલ્લા છ મહિનાથી શ્રુતિ, તમે તમારા પતિ મનન તલસાણીયાને કહેતા હતા – ‘મનન, આ એકધારી અને બીબાઢાળ જિંદગીમાં કંઈક નાવિન્ય આવે અને આપણા તન-મન રીચાર્જ થઇ જાય એ માટે કોઈક કુદરતી સૌંદર્ય ધરાવતા સ્થળે ફરવા જવું છે.’

આમ તો તમારી વાતમાં મનનની પણ પૂરેપૂરી સંમતિ તો હતી જ પરંતુ ઓફિસના જવાબદારીભર્યા કામમાંથી ફુરસદ જ નહોતી મળતી. બીજી બાજુ, બહાર ફરવા જવાની તમન્ના તમારા મનમાં બળવત્તર બનતી જતી હતી. એમ માનો કે શ્રુતિ, આ બાબતે તમે સાવ અધીરા જ બની ગયા હતા. પતિ સાથે સાપુતારાની સહેલગાહે જઈ આવેલી તમારી ભૂતકાળની અંતરંગ સહેલી સ્વરાએ ફોન પર આ હિલ સ્ટેશનના પ્રવાસની મધમીઠી વાતો કરેલી ત્યારથી જ તમે મનોમન નક્કી જ કરી દીધેલું કે બસ, એકવાર મનન અને અપૂર્વ સાથે સાપુતારા તો જવું જ છે. આજે તમારી એ અદમ્ય ઈચ્છા સાકાર થવા જઈ રહી હતી. ખરું ને શ્રુતિ?

તમને ત્રણેયને દૂરથી જ વિદાય આપીને પાછા વળેલા તમારા સાસુ સરોજબેનનો ચહેરો સાવ માંદલો અને ઉદાસ થઈ ગયો. કારણ? ચાર દિવસ સન્નાટાના સથવારે સાસુ-સસરાએ ઘરમાં એકલા જ રહેવાનું હતું.

‘તું નાહકની ખોટી ચિંતા કરે છે. સંતાન મોટા થાય એટલે એમને પણ સ્વતંત્રતા જોઈએ ને? એમાંય લગ્ન થઈ ગયા પછી તો આપણા સંતાનોને એમની રીતે જીવવાની છૂટ આપવી જોઈએ. હવે જમાનો બહુ બદલાયો છે. આપણે તો જૂની પેઢીના થયા!’ તમારા સસરા ભરતભાઈએ સરોજબેનના મનની બેચેની દૂર કરવા કહ્યું.

ચા નો કપ હાથમાં લઇ ઓસરીમાં જ ખુરશી પર બેઠેલા સરોજબેન વિચારતા હતા : ‘આધુનિક બની રહેલા જમાનામાં સમાજ અને કુટુંબમાં થઈ રહેલા આવા બદલાવને કેવો ગણવો? રીમોટથી બદલાતી ટી.વી. સિરીયલની માફક જ નવી પેઢીની વિચારધારા પણ દિન-પ્રતિદિન બદલાતી જ જાય છે. ખેર! શ્રુતિ તો પારકું લોહી છે પણ મારો પોતાનો દીકરો પણ અમને જૂના જમાનાના ગણીને ક્યારેક વિવેકહીન વર્તાવ કરી નાખે છે. એ પોતે પણ સાપુતારા જવાની વાત અમને અગાઉથી કરી શક્યો હોત! બે પેઢીઓ વચ્ચેનું આવું અંતર સરોજબેનને ઉંડી ખાઈ જેવું બની ગયેલું લાગ્યું.

‘શું થયું? ચા પીધી? અરે! કપમાં રહેલી ચા પણ ઠંડી થઈ જશે. આવી બાબતમાં બહુ ઉંડા વિચાર ના કરાય. હવે આપણે પણ થોડાં વ્યવહારુ બની જવું જોઈએ. સમય આવે ત્યારે થોડું જતું કરીએ તો વાંધો ના આવે.’ હંમેશની જેમ આજેય ભરતભાઈ સ્થિતપ્રજ્ઞની સ્થિતિમાં હતા.

‘કંઈ નહીં. બદલાયેલા આ સમયમાં આપણે સંતાનો માટે પ્રેક્ટીકલ નથી બની શકતા એ વાતનું દુઃખ છે.’ સરોજબેને ઉદાસ મનથી કહ્યું.

‘આવું બધું વિચારવાનું મૂકી દેવાનું. વહેતા સમયની રફતારમાં બધુંય બરાબર થઈ જશે.’ સવારના છાપાને બાજુમાં

મૂકતા ભરતભાઈ બોલ્યા.

ભરતભાઈની વાત સાંભળ્યા પછી સરોજબેન ઊભા થઈને ચાના ખાલી કપ-રકાબી મૂકવા રસોડામાં ગયા. આજે એમના મનની બેચેની તેમની સાડીના પાલવમાં ગાંઠની જેમ બંધાઈ ગઈ હતી. મનન આજે છવ્વીસની ઉંમરે પહોંચ્યો ત્યાં સુધી એનામાં કેટકેટલાય બદલાવ આવી ગયા હતા. હવે એ દરેક બાબતને પ્રોફેશનલ રીતે જોતો થઈ ગયો હતો. પાછું એને કંઈ કહેવા - સમજાવવા જઈએ તો એ કહેતો, 'મમ્મી-પપ્પા, હવે તમને એવી વાતોમાં સમજણ ના પડે. પ્લીઝ, નો ઈમોશનલ બ્લેક મેઈલ.'

ક્યારેક સરોજબેનને મનોમન થઈ આવતું – 'કંઈ નહીં. કદાચ અમે બંનેય ખોટા હોઈશું – એટલે જ તો જમાના પ્રમાણે અમે બદલાઈ શકતા નથી.'

ત્રીજા દિવસે સવારે તમારા સાસુ રસોડામાં ચા બનાવતા હતા ત્યારે જ એમને કમ્પાઉન્ડના દરવાજે ગાડીનો હોર્ન સંભળાયો. સરોજબેનને થયું, 'હમણાંથી મારું મન ચકરાવે ચઢેલું છે એટલે જ દરવાજે મને અમારી ગાડીના હોર્નનો અવાજ સંભળાવાની ભ્રમણા થઈ આવી! અમારી ગાડીના હોર્ન જેવો જ અવાજ બીજા કોઈની ગાડીનો પણ હોઈ શકે અને હજુ તો એમને સાપુતારા ગયે બે દિવસ જ થયા છે. એ તો બીજા બે દિવસ પછી આવશે.'

શ્રુતિ, મનન અને અપૂર્વ ગાડીમાંથી ઉતરીને ઘરમાં દાખલ થયા ત્યાં સુધી સરોજબેનને એમની આંખો અને કાન પર વિશ્વાસ જ નહોતો બેસતો. તમે ત્રણેય અંદરના ઓરડામાં જઈ બેગ-બિસ્તરા મૂકીને ફ્રેશ થયા બાદ બેઠકરૂમમાં આવ્યા તોય તમારા સાસુ સાવ અવઢવમાં જ હતા. તમને સાપુતારાથી વહેલા પાછા આવેલા જોઈને પ્રથમ તો એમના પેટમાં ફાળ પડેલી! પ્રવાસમાં મનન અને શ્રુતિ ઝઘડ્યા તો નહીં હોય ને? બેય વચ્ચે બોલાચાલી થઈ હશે એટલે જ એ વહેલા ઘરે આવી ગયા હશે. અને એટલે જ એમણે ધીમા સાદે તમને પૂછી નાખેલું – 'કેમ બેટા શ્રુતિ, તમે વહેલા પાછા આવી ગયા? તમારામાંથી કોઈની તબિયત બગડી હતી કે શું?'

'ના, ના મમ્મી, એવું કંઈ નથી. તબિયત તો ત્રણેયની સારી જ છે. પણ પ્રવાસના સ્થળે રોકાવાની હોટલો એટલી બધી મોંઘી હતી કે આપણને પોસાય જ નહીં અને એટલે જ અમે પ્રવાસ ટુંકાવીને પાછા ઘરે આવી ગયા. ' શ્રુતિ, તમે જવાબ આપતા કીધેલું.

શ્રુતિ, તમે આપેલો જવાબ તમારા સાસુએ સાંભળી તો લીધેલો પણ કોણ જાણે કેમ એમને તમારો જવાબ બરાબર સમજાયો જ નહીં! એટલે કે તમે આપેલા જવાબથી એમને સંતોષ ના થયો હોય તેમ એ સવાલ ધીમે ધીમે એમના મનમાં એક કોયડો બનીને રહી ગયો – 'ચાર દિવસના સાપુતારાના પ્રવાસે ગયેલા મનન-શ્રુતિ બે દિવસમાં જ ઘેર પાછા કેમ આવી ગયા હશે?' આ સવાલ કોઈ વણઉકલ્યા કોયડાની જેમ સરોજબેનના દિલો-દિમાગમાં સતત ઘુમરાતો જ રહ્યો.

જિંદગીની રફ્તારમાં હવે તમે સૌ તમારી રોજિંદી પ્રવૃત્તિ - કામમાં પરોવાઈ ગયા છો. સાપુતારાના તમારા પ્રવાસની વાત પણ ક્ષણ ક્ષણ બનીને કાળના ગર્ભમાં વિલીન થઈને ભૂતકાળ બની ગઈ છે. પરંતુ શ્રુતિ, તમારા સાસુના મનમાં સર્જાયેલ સવાલના 'કોયડા'નું રહસ્ય હજુ આજેય વણઉકલ્યું અને અકબંધ છે.

સરોજબેનના માનસપટમાં સર્જાયેલ સવાલના કોયડાનું પૂરેપૂરું 'રહસ્ય' આમ તો શ્રુતિ તમે પોતે બરાબર જાણો જ છો, ખરું ને? જો કે તમે એ 'રહસ્ય' સામે ચાલીને સરોજબેન, પતિ મનન કે પછી અન્ય કોઈનેય ક્યારેય કહેવાના તો નથી જ! પરંતુ શ્રુતિ, તમે એવું તો ક્યારેય માનશો જ નહીં કે સાપુતારાના પ્રવાસેથી વહેલા ઘેર પાછા આવી જવાનું એ 'રહસ્ય' એકમાત્ર તમે જ જાણો છો! ના શ્રુતિ, તમારી જેમ હું પણ એ રહસ્યને બરાબર જાણું છું. સાંભળો...

...'પાંચેક કલાકની કારની મુસાફરી પછી શ્રુતિ તમે ત્રણેય હિલ સ્ટેશન સાપુતારામાં પહોંચી ગયેલા. તમારા પતિએ અગાઉથી જ બુક કરાવેલી હોટલ લેકવ્યુમાં સર-સામાન મૂક્યા પછી ફ્રેશ થઈને તમે ત્રણેય સાપુતારાના દર્શનીય સ્થળોની મુલાકાતે નીકળી ગયેલા.

સૌ પ્રથમ તમે સાપુતારાના ધાર્મિક સ્થળ એવા નાગેશ્વર મહાદેવના દર્શને ગયેલા. જે મંદિર ભગવાન શિવને સમર્પિત છે. ત્યારબાદ લેઈક ગાર્ડન, મ્યુઝીયમ અને સ્ટેપ ગાર્ડન જોયા પછી બાકીના બીજા સ્થળો આવતીકાલે જોવાનું રાખીને તમે સનસેટ પોઈન્ટ પર પહોંચેલા.

સનસેટ પોઈન્ટની મજા માણીને તમે ત્રણેય હોટલ લેકવ્યુ માં પરત આવેલા ત્યારે સાંજ પડી ગયેલી. સાપુતારાના દર્શનીય સ્થળોને રૂબરૂ જોવાનો આનંદ તમારા સૌના તન-મનમાં બરાબરનો છલકાતો હતો.

સાંજે મનપસંદ વાનગીઓ જમ્યા પછી મનન અને અપૂર્વ ટી.વી. પર ચાલતી ક્રિકેટ મેચનું પ્રસારણ જોવા સોફા પર ગોઠવાઈ ગયા. હોટલના રૂમમાંથી બહાર ખુલ્લામાં આવીને ખબર-અંતર પૂછવા તમે તમારા મમ્મીને ફોન કરેલા. જવાબમાં તમારા મમ્મીએ રડતા રડતા કહેલું, 'બેટા શ્રુતિ, મને અને તારા પપ્પાને ઘેર એકલા મૂકીને તારા ભાઈ-ભાભી દસ દિવસની ટુર પર આંદામાન ગયા છે. અમે તો ઘરમાં સાવ એકલા! આખો દિવસ અમે ઘરમાં જ બેસી રહ્યા છીએ. તારા પપ્પાએ તો બપોરની ચા પણ પીધી

નથી. પછી જમવાની તો વાત જ ક્યાં કરવી?'

તમારા મમ્મી પાસેથી ફોન પર આવી વાત સાંભળતાં જ શ્રુતિ તમે બરાબરના ગુસ્સે થઇ ગયેલા. તમારા હસમુખા ચહેરાની રેખાઓ તંગ થઈ ગઈ. તમે મનોમન બોલેલા, 'મમ્મી-પપ્પાને આવી રીતે સાવ એકલાં મૂકીને ભાઈ-ભાભીથી પ્રવાસમાં જવાય જ નહીં. એમણે પ્રવાસે જતાં પહેલાં મમ્મી-પપ્પાનો તો થોડો વિચાર કરવો જોઈએ ને? હવે હું પીયર જઇશ ત્યારે ભાઈ-ભાભીની બરાબરની ખબર લઇ નાંખીશ. એ બંને એમના મનમાં શું સમજતા હશે? ચકરાવે ચડેલા તમારા મનમાં ગુસ્સાનો પારો ઊંચકાઈ જતા તમે ખિન્ન થઈને બાજુના બાંકડે બેસી ગયેલા.

થોડીવાર પછી શાંત થયેલા તમારા મનમાં અચાનક એક વાતનો ઝબકારો થઈ ગયો! મારા ભાઈ-ભાભીના આંદામાનના પ્રવાસે જવાથી મારા મમ્મી-પપ્પાની હાલત કફોડી બની હોય તો પછી મારા સાસુ-સસરાની હાલત પણ એમના જેવી જ હશે ને? અમે પણ એમને ઘેર એકલા મૂકીને ચાર દિવસ માટે સાપુતારા તરફ આવ્યા છીએ. અમારી ગેરહાજરીમાં સાસુ-સસરાને પણ અગવડત તો પડતી જ હશે ને?

બસ શ્રુતિ, તમારા માનસપટમાં થઈ ગયેલા એ ઝબકારાને કારણે જ તમે સમજદારીભર્યો નિર્ણય કર્યો. સાપુતારાના પ્રવાસને ટુંકાવીને પાછા પરત ઘેર આવી જવાના તમારા નિર્ણયથી તમારા પતિ મનન તો સાવ બેખબર હતો. પ્રવાસેથી વહેલા ઘેર આવી જવાનું 'ગોઠવી' રાખેલું કારણ તમે તમારા સાસુ સરોજબેનને કહી દીધું. બાકી 'મોંઘી હોટલો' તો એક બહાનું જ હતું, ખરું ને શ્રુતિબેન?

શ્રુતિ, તમારા સાસુ-સસરા પ્રત્યેની તમારી સાચી અને સમજણભરેલી ભાવના માટે મને તમારા પ્રત્યે માન છે. પુત્રવધૂ તરીકેની ફરજ તમે ઉમદા અને સીફતપૂર્વક બજાવી છે. એટલે તમે અભિનંદનના ખરા અધિકારી છો. આધુનિકતાના નામે ફૂંકાતા પ્રચંડ વાવાઝોડામાં હવે સમાજમાંથી સંયુક્ત કુટુંબો નામશેષ થવા જઈ રહ્યા છે. બદલાયેલી સમાજ વ્યવસ્થામાં જૂની પેઢી અને નવી પેઢી વચ્ચેની જનરેશન ગેપ દિન-પ્રતિદિન વધતી જ જાય છે. આવા સમયે અફાટ ખારા સમંદરમાં પણ ક્યાંક મીઠી વીરડીની જેમ હજુય કેટલાય સંયુક્ત કુટુંબો અડીખમ બનીને ઊભા છે. સંયુક્ત કુટુંબમાં રહેનારા સૌ કોઈ પરસ્પરની લાગણીઓ સમજીને તમારા જેવી જ સમજદારી દાખવશે તો વડીલોની આમન્યા જળવાઈ રહેશે. એમની સામાન્ય જરૂરિયાતો પણ પૂરી થશે. આવું થશે તો પછી એ ઘરનું વાતાવરણ પણ સ્વર્ગ સમોવડું બની રહેશે.

THANK YOU, શ્રુતિ.

*૩/૨૮, ઇન્દ્રપ્રસ્થ સોસાયટી, ધોળકા.*
*મો. ૯૦૯૯૯ ૪૧૨૪૦*

## મુક્તવાણી રામયુગજી

વર્તમાન ને, રામયુગજા ધાર ધાર મુક્ત વાણી વિચાર
અજ સામાન્યજન કુછે નતો કારણ કરે કીં પુરવાર
સમર્થકિ કીં દોષ નાય, ગરીબ કુછે નતો બાંફબાર
રામયુગમેં ધાગ લગાય ધોબી, ધુતે રાજ પરિવાર.
સુણો રામાયણ આધાર,
રામયુગજી વાણી સ્વતંત્રતા.
રામયુગજી વાણી સ્વતંત્રતા વ્યા રામયુગજા વિચાર
બેમિસાલ વાણી સ્વતંત્રતા રામયુગજી બાકી બેકાર
રાજાશાહીમેં લોકશાહી, અજીબ રામજો રાજવેવાર
રામાયણમેં વાંચ્યા મુક્ત વાણી સ્વતંત્રજા સાર
શ્રીરામજા વાણીવિચાર
યુગ યુગમેં ચર્ચાજે.
યુગ યુગમેં ચર્ચાજે, વાણીવિચાર કથાકાર આધાર
વેશ પલટે રાતજો, સુણે પ્રજાકે રામ ધણી દરબાર
રામ સુણેતા ધોબી ઘરમેં કરે બબાલ સીતા આધાર
એડી સીતાકે રામ રખે, આંઉ રખા ન તોકે, નકર બાર.
શ્રીરામ કે વ્યા ન ખાર,
સુણી સીતાતે ગાલ.
સુણી સીતાતે ગાલ, ધોબી તે ગુસ્સે થયા ન લગાર
કડાં ધોબી, કડાં રાજમાતા, ન્યાર મુક્ત વાણીવિચાર
ધોબીકે સજા કરેલા રામકે, ખપે ન કોર્ટજો આધાર
ગુનેગાર ધોબી બેખોફ ફરેતો, અયોધ્યાજી ભાજાર
નગરચર્ચા આધાર
રામ ચ્યોં સીતાકે
રામ ચ્યોં સીતાકે રાજા કરે રૈયત શંકાજો ઉપચાર
ધોબીવાણી થીયે ધૂળધાણી, સીતા ડીંયે સપૂત આધાર
ધોબી ચર્ચા સાર રામકે નાંય સીતા તે શક લગાર
કલંક ભૂંસેલા અગનતે હલેલા, સીતા થ્યા તૈયાર
બારે ઓબાર અયોધ્યાબાર
ડનો આધાર બેદાગજો
બેદાગ સીતમાતજો ધીધારકે, અયોધ્યાજો સંસાર
સતી સીતાજો સતીત્વ અભણ ધોબી સમજનું બાર
ધ્રા નાંય ધોબીકે, ઇ રામયુગજા મુક્ત વાણી વિચાર
કરે આગ પથ પાર, બેદાગ થઇ સીતાજી આયા બાર.
લોઢીયા વિચારે વેણ ઉચ્ચાર,
હી રામયુગ નાંય.

*હાજી મહમદ લોઢીયા - કોટડા (ચકાર)*

*બીજાઓથી ન થઈ શકે તે કરવું એનું નામ આવડત, પણ આવડતથી યે ના થઈ શકે તે કરવું એનું નામ પ્રતિભા.*

વાર્તા

# જિંદગી - જિંદગી



પૂજા ટોપરાણી

તૃપ્તિ અને રાજેશ બંનેનો ઉત્સાહ અને આનંદ આજે સાતમા આસમાને હતો અને હોય જ ને! તેમનો પુત્ર શ્રેય ચાર વર્ષ પછી અમેરિકાથી પાછો આવી રહ્યો હતો.

રાજેશ અને તૃપ્તિ, અમદાવાદના પાલડી વિસ્તારનું ગૌરવ; એક પરફેક્ટ કપલ! તેમનો એકમાત્ર પુત્ર શ્રેય તે પરફેક્ટ કપલને પરફેક્ટ ફેમિલીમાં ટ્રાન્સફોર્મ કરવાની બધી જ લાયકાતો ધરાવતો હતો.

ઉદ્યોગપતિ ભૂપેન્દ્ર શાહના પુત્ર રાજેશ શાહ વર્ષોથી પોતાની ઈન્વેસ્ટમેન્ટ કંપની દ્વારા અમદાવાદની આર્થિક પ્રગતિ માટે પ્રવૃત્ત હતા જ્યારે તૃપ્તિ શાહ ‘વિશ્વા’ નામના લોકલ મેગેઝીન દ્વારા અમદાવાદની યુવા પેઢીમાં સંસ્કાર સીંચી રહ્યા હતા. એક પરફેક્ટ કોમ્બિનેશન!

રસીલાબેન પણ આનંદમાં ભાગીદાર બનવા અને શ્રેયને ભાવતા વ્યંજનો બનાવવા રોજના સમય કરતાં કલાકેક વહેલા આવી ગયા હતા. ઉંમરમાં તૃપ્તિથી એકાદ-બે વર્ષ મોટા રસીલાબેનની ધગશ અને મહેનતને લીધે પોતાના કામમાં આખો દિવસ વ્યસ્ત રહેતું કપલ છેલ્લા પંદર વર્ષથી ‘ઈન હાઉસ મેનેજમેન્ટ’ની બાબતે નિશ્ચિંત હતું.

અમદાવાદમાં ગીતા મંદિરની બાજુમાં આવેલી મજૂર કોલોનીમાં રહેતી રસીલાના પતિનું પંદર વર્ષ પહેલાં કાર અકસ્માતમાં મૃત્યુ થયું ત્યારે તૃપ્તિ તેની સહાયમાં આવી હતી. રસીલાના પતિના અકસ્માત પછી મળેલી રકમને રાજેશે સારી જગ્યાએ ઈન્વેસ્ટ કરી આપી હતી. મળતા વ્યાજમાંથી રસીલાબેન સ્વમાનભરી જિંદગી જીવવા સક્ષમ બન્યા હતા. પોતાની એકમાત્ર પુત્રી પારૂલને પણ સારી સ્કૂલમાં દાખલ કરી હતી.

પોતાને મળેલા યોગ્ય સલાહ અને માર્ગદર્શનના બદલામાં રસીલાબેને રાજીખુશીથી રાજેશ અને તૃપ્તિના ઘરની જવાબદારી સ્વીકારી લીધી હતી. સવારના દસથી સાંજના છ વાગ્યા સુધી પારૂલ સ્કૂલમાં રહેતી, જ્યારે રસીલાબેન પાલડીમાં આવેલા બંગલામાં.

શ્રેયને નાનપણથી જ લખવા અને વાંચવા પ્રત્યે અભિરૂચિ હતી. સવારની સ્કૂલ હોવાથી બપોરના સમયે શ્રેયને રસીલાબેનનો સંગાથ મળતો. રસીલાબેન બધું કામ પતાવી શ્રેયની સાથે રહેતા અને તેને સારી વાર્તાઓ કહેતા. એક ગરીબ ઘરની સામાન્ય સ્ત્રીના સીધા સાદા વિચારોએ શ્રેયના ઘડતર પર સારો એવો પ્રભાવ પાડ્યો હતો. તેથી જ, કદાચ, આજકાલના યુવાનો કરતા શ્રેય ધીર ગંભીર અને સમજદાર હતો.

એસ.એસ.સી. પાસ કર્યા પછી કેરીયરની પસંદગી વિશે પપ્પાએ પૂછેલા સવાલના જવાબમાં શ્રેયે કહ્યું હતું : મારે તો મમ્મી સાથે જ કામ કરવું છે અને આપણા મેગેઝીનનો વ્યાપ વધારવો છે.

ત્યાર પછી શ્રેય આર્ટસમાં ગ્રેજ્યુએશન પૂરું કરી જર્નાલિઝમનો કોર્સ કરવા અમેરિકા ગયો અને ત્યાંની નોર્થ કોરોલીના યુનિવર્સિટીમાં ચાર વર્ષનો કોર્સ પૂરો કરી આજે તે પાછો ફરી રહ્યો હતો.

બપોરના લગભગ બે વાગે તેઓ ઘરે આવી ગયા ત્યારે રસીલાબેન ડાઈનિંગ ટેબલ પર થાળીઓ સજાવી રહ્યા હતા. નાનપણની ટેવ મુજબ જ શ્રેય રસીલાબેનને પાછળથી વળગ્યો અને ‘હાઉ’ કર્યું. રસીલાબેન તેના ઓવારણા લેતા બોલ્યા : ‘આવી ગયો, ભાઈ?’ લાંબા સમય પછી શ્રેયે ધરાઈને ખાધું.

બીજા દિવસે ‘વિશ્વા’ મેગેઝીનના કાર્યાલયમાં સહાયક તંત્રીની ખુરશીમાં શ્રેયે સ્થાન ગ્રહણ કર્યું ત્યારે સ્ટાફની બાર વ્યક્તિઓએ તાળીઓથી તેનું સ્વાગત કર્યું. તૃપ્તિની આંખોમાં અનાયાસે જ આંસુઓ ઉમટી પડ્યા, જે હર્ષ અને ગૌરવ પ્રતિબિંબિત કરતા હતા. તે આખો દિવસ કાર્યાલયમાં મિજબાની ચાલી.

મોડી સાંજે સહાયક તંત્રીએ જાહેરાત કરી : આપણે બધાએ ભેગા મળીને આ મીડિયા હાઉસને મલ્ટી લિમિટેડ કંપનીમાં ફેરવવાનું છે. તે માટે આપણું પહેલું લક્ષ્ય એ છે કે વિશ્વા મેગેઝીનનો વ્યાપ આ વર્ષના અંત સુધીમાં દસ લાખ સુધી પહોંચાડવો. દરેક વ્યક્તિએ તનતોડ મહેનત કરવાની છે. અને હા, વિશ્વાનો વિકાસ એ તમારા બધાનો વિકાસ બની રહેશે એવું હું વચન આપું છું. આ વાત શક્ય બને તે માટે તમારા સૂચનો પણ આવકાર્ય છે.

શ્રેયની નાનકડી જાહેરાતે અને તેના અભિગમે સ્ટાફમાં પ્રાણ પૂર્યા હોય તેમ બધા ઝુમી ઉઠ્યા. પછીનો અડધો કલાક

*ઓળખ ઊભી કરો, ઓળખાણની જરૂર નહીં પડે.*

બે-ત્રણ સ્ટાફ મેમ્બર્સના સૂચનો સાંભળવામાં ગયો.

છેવટે અમૃતકાકા ઊભા થયા. વર્ષોથી 'વિશ્વા' મેગેઝીન સાથે જોડાયેલા, અત્યંત અનુભવી અમૃતકાકાએ સૂચન આપવા માટે હાથ ઊંચો કર્યો ત્યારે તૃપ્તિ સહિત બધા જ ઊભા થઈ ગયા અને તાળીઓથી સ્વાગત કર્યું. જ્યારે જગ્યા શાંત થઇ ત્યારે તે બોલ્યા : 'બેટા, આજના દરેક મા-બાપ પોતાના સંતાનને સી.એ., એન્જિનિયર, ડૉક્ટર એવું જ બનાવવા ઇચ્છે છે કેમકે બધાને તેમાં કમાણી દેખાય છે. કોઈ એમ ઇચ્છતું નથી કે તે સારો લેખક કે લેખિકા બને. તેનું કારણ લોકોની ઉદાસીનતા છે. લોકો તેમની જગ્યાએ સાવ ખોટા નથી. આર્થિક સલામતીને કારણે લોકો કલમને ખોળે માથું મૂકતા અચકાય છે. આ માટે મારું સૂચન છે કે આપણે આપણા મેગેઝીન માટે સામાન્યમાં સામાન્ય વાચક વર્ગ ઊભો કરીએ અને તેના માટે માતબર પુરસ્કાર આપી સામાન્ય પ્રજામાંથી જ લેખક વર્ગ ઊભો કરીએ. યુરોપ, અમેરિકા કે રશિયાની સામાજિક પ્રગતિનું કારણ ત્યાંનો ક્રાંતિકારી લેખક ગણ છે કે જે આજના સમયમાં પણ કરોડો લોકોને વાર્તાઓ, સામયિકો કે વર્તમાનપત્રો વાંચવા માટે આકર્ષે છે.' અમૃતકાકાનું વ્યવહારુ તેમજ ક્રાંતિકારી સૂચન તાળીઓના ગડગડાટ વચ્ચે સ્વીકારવામાં આવ્યું.

બીજા દિવસે 'વિશ્વા' મેગેઝીનમાં જાહેરાત આપવામાં આવી : "વિશ્વા મેગેઝીન નવા લેખકો અને લેખિકાઓને આવકારે છે. કોઈપણ વ્યક્તિ પોતાની સ્વરચિત કૃતિ, કવિતા, લેખ, વાર્તા – કશું પણ અમરા કાર્યાલય પર હાથોહાથ કે પછી ઇ-મેઇલ પર મોકલી શકે છે અને તેના માટે તેમને સારામાં સારો પુરસ્કાર આપવામાં આવશે. એટલું જ નહીં, સતત વંચાતા લેખક / લેખિકાઓને નિયમિત વેતન આપવામાં આવશે."

અને પછી ઇતિહાસ રચાયો. વાચક વર્ગ અને લેખક વર્ગ બંનેએ આપેલો પ્રતિસાદ અદ્‌ભુત હતો. પાંચથી છ મહિનામાં જ વિશ્વા મેગેઝીન લોકલ મેગેઝીનના દાયરામાંથી નીકળી ગુજરાતનું ગૌરવવંતુ સામાયિક બની ગયું. પુરસ્કાર પામેલા લેખકો / લેખિકાઓનો આંકડો દસ હજાર વટાવી ગયો અને નિયમિત વેતન પામતી વ્યક્તિઓનો આંકડો હજારને પાર કરી ગયો. સારા આશયથી શરૂ કરેલું કાર્ય આપમેળે આગળ આવેલા સ્પોન્સરોને કારણે વધુ સરળતાથી આગળ વધ્યું. વર્ષ પૂરું થવાને એક મહિનો બાકી હતો અને મેગેઝીનના 'આજીવન સભ્ય'નો આંકડો ચાર લાખ પહોંચવા આવ્યો હતો.

વિશ્વા મેગેઝીનનું સૌથી આકર્ષક નજરાણું 'જિંદગી - જિંદગી' નામની છેલ્લા પાને ખાસ સ્ત્રીલક્ષી નિયમિતપણે છપાતી કોલમ હતી. નવાઈની વાત એ હતી કે પુરુષોને પણ આ કોલમે ઘેલું લગાડ્યું હતું. તેનાથી પણ નવાઈની વાત એ હતી કે છ મહિના પહેલા શરૂ થયેલી આ કોલમની લેખિકાએ 'અપરીચિત' ઉપનામ હેઠળ પોતાની કોલમ છપાય એવો આગ્રહ રાખેલો અને એટલું જ નહીં નિયમિત વેતન સ્વીકારવાની પણ વિવેકસહ ના પાડી હતી. લેખિકાએ બધો જ વ્યવહાર પત્ર કે રજિસ્ટર પોસ્ટ દ્વારા કર્યો હતો જેના પર દર વખતે 'ઇસનપુર પોસ્ટ ઓફિસ'નો સ્ટેમ્પ લાગેલો રહેતો. તે લેખિકાનો પહેલો લેખ નવા જ સહાયક તંત્રી બનેલા શ્રેયે છ મહિના પહેલા વાંચ્યો હતો ત્યારે તે ઝુમી ઉઠ્યો હતો અને તેને વિશ્વા મેગેઝીનના તેજોમય ભવિષ્યનો અંદેશો આવી ગયો હતો.

એક મહિના પછી રચાયેલા ઇતિહાસને ઉજવવાનો અવસર આવી પહોંચ્યો. પાલડી વિસ્તારમાં જ આવેલા નહેરુ ઓડિટોરીયમમાં પાર્ટી રખાઈ હતી. પાર્ટીમાં સ્ટાફ મેમ્બર, લેખક ગણ અને ખાસ મહેમાનોને નિમંત્રણ આપવામાં આવ્યું હતું. અપરીચિત લેખિકાને પણ તેના પત્ર વ્યવહારના સરનામે ખાસ આમંત્રણ પત્રિકા મોકલાઈ હતી.

મોડી સાંજ સુધી ચાલેલી પાર્ટી પૂરી થયા પછી એક પછી એક લેખક / લેખિકાને તંત્રીશ્રી તૃપ્તિબેન દ્વારા સ્ટેજ પર બોલાવીને સન્માન કરવામાં આવ્યું. દરેક લેખક / લેખિકા કૃતજ્ઞતા વ્યક્ત કરી પોતાનું સ્થાન ગ્રહણ કરવા લાગ્યા.

છેલ્લે તૃપ્તિબેને અપરીચિત લેખિકાને સ્ટેજ પર આવવા જણાવ્યું ત્યારે આખા ઓડિટોરીયમમાં નીરવ શાંતિ છવાઈ ગઈ. બધાની નજક લેખિકાને જોવા માટે આતુર હતી.

પરંતુ પાંચ મિનિટ સુધી કોઈ ઊભું ન થયું ત્યારે બધાનું કુતુહલ ચરમ સીમાએ પહોંચ્યું અને ત્યાં જ બધાના આશ્ચર્ય વચ્ચે શ્રેય ઊભો થયો અને મમ્મીના હાથમાંથી માઇક લઈ બોલ્યો : મિત્રો, બધાની આંખ વિશ્વા મેગેઝીનની સૌથી લોકપ્રિય બનેલી કોલમની અપરીચિત લેખિકાને જોવા વિહવળ બની હશે. પણ મને ખબર છે કે તે સ્ટેજ પર નહીં આવે. પરંતુ હું તે વ્યક્તિને ઓળખું છું; વર્ષોથી ઓળખું છું! તેની ઓળખાણ મને તેના દરેક લેખમાં મળતી આવી છે. અને પછી તે તરત જ બોલ્યો, મારા બચપણના સંગાથી અને રાહબર રસીલાબેન સ્ટેજ પર આવો, તમારો આ નાનો પુત્ર-તુલ્ય શ્રેય તમારી સાચી ઓળખાણ સમાજને આપવા માંગે છે.

આ સાંભળતા સમગ્ર ઓડિટોરીયમ થોડી ક્ષણો માટે સ્તબ્ધ બની ગયું અને પછી કેટલીયેવાર સુધી તાળીઓનો ગડગડાટ ગુંજતો રહ્યો. ■

# વિજ્ઞાન જગત / માહિતી જગત

● સંકલન : રસીકલાલ ખીમજી મહેતા ●

## એલ.સી.ડી. સ્ક્રીનનો શોધક : જેમ્સ ફર્ગ્યુસન

લિક્વિડ ક્રિસ્ટલ ડિસ્પ્લે (ટૂંકમાં એલ.સી.ડી.) સ્ક્રીનને આપણે સારી રીતે ઓળખીએ છીએ. તમને જાણીને નવાઈ લાગે પણ કેન્સરના નિદાન માટેના સ્ક્રીનની શોધ કરવાના પ્રયાસમાં એલ.સી.ડી.ની શોધ થઈ હતી. આજે તેનો વ્યાપક ઉપયોગ થાય છે. આ શોધ જેમ્સ ફર્ગ્યુસન નામના વિજ્ઞાનીએ કરેલી. તેણે ૧૫૦ જેટલી શોધો કરેલી.

જેમ્સ ફર્ગ્યુસનનો જન્મ ૧૨ જાન્યુઆરી, ૧૯૩૪ના રોજ અમેરિકાના મિસુરી રાજયના બાકેન્ડા ગામમાં થયો હતો. તેણે મિસુરી યુનિવર્સિટીમાં ફિઝીક્સની ડિગ્રી મેળવીને થોડો સમય લશ્કરમાં સેવા આપી હતી. ત્યારબાદ વેલ્ટીંગ હાસી લેબોરેટરીમાં સંશોધનો માટે જોડાયા હતા. ઈ.સ. ૧૯૬૬માં તેણે લિક્વિડ ક્રિસ્ટલ ઈન્સ્ટીટ્યુટમાં જોડાઈને સેમિનલ ક્રિસ્ટલની શોધ કરી. તેણે ૧૯૬૮માં લિક્વિડ ક્રિસ્ટલ બનાવવાની પોતાની ફેક્ટરી સ્થાપી અને વિશ્વની પ્રથમ એલ.સી.ડી. સ્ક્રીનવાળી ઘડિયાળો બજારમાં મૂકી હતી. ફર્ગ્યુસને ૧૫૦ જેટલી નાની મોટી શોધો કરીને અનેક સન્માનો મેળવેલા. ૨૦૦૮ના ડિસેમ્બરની ૯ તારીખે તેનું અવસાન થયું હતું.

## દેશનું સૌ પ્રથમ આઇસ્ક્રીમનું મ્યુઝીયમ

આઈસ્ક્રીમનું નામ લેતા જ સૌનો રડમસ ચહેરો ખીલી ઉઠે છે. સહુ આઈસ્ક્રીમ ખાવા પાછળ ઘેલા હોય છે. લોકોનો ગજબનો આઈસ્ક્રીમ પ્રેમ જોઈને આપણા દેશમાં આઈસ્ક્રીમનું મ્યુઝીયમ ઊભું કરવામાં આવ્યું છે.

દેશમાં પ્રથમ : દિલ્હીની પ્રખ્યાત નિરૂલા રેસ્ટોરાને આઈસ્ક્રીમનું મ્યુઝીયમ બનાવવાનો વિચાર આવ્યો. આ વિચારને અમલમાં મૂકતાં નોઇડા સ્થિત નિરૂલા આઈસ્ક્રીમ ફેક્ટરીના પરિસરમાં આઈસ્ક્રીમ મ્યુઝીયમ ઊભું કરવામાં આવ્યું છે. આપણા દેશનું આ પ્રથમ જ મ્યુઝીયમ છે.

૧૪ નવેમ્બર, ૨૦૦૭ના રોજ આ મ્યુઝીયમને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું. મ્યુઝીયમ જોવા આવતાં બાળકોને રોજના ૧૫ હજાર લીટર આઈસ્ક્રીમનું ઉત્પાદન અને પેકિંગ પ્રક્રિયા બતાવવામાં આવે છે.

આ વિશિષ્ટ અને અનોખા મ્યુઝીયમમાં આઈસ્ક્રીમ તૈયાર કરવાની સંપૂર્ણ રીતો ઉપરાંત એને લગતા રસપ્રદ તથ્યો રજૂ કરવામાં આવ્યા છે. બાળકો માટે કંઈ ખાસ કરવાના ઉદ્દેશથી આ મ્યુઝીયમ તૈયાર કરાયું છે.

વળી અહીં ફક્ત આઈસ્ક્રીમ જ મળે એવું નથી પણ આઈસ્ક્રીમ સાથે સંકળાયેલી મજાની માહિતી, જુદા જુદા દેશોનો આઇસ્ક્રીમનો ઈતિહાસ પણ જણાવવામાં આવ્યો છે. માહિતી ઉપરાંત સરસ મજાની ગેમ્સ બાળકોનું મનોરંજન કરે છે.

## જાત જાતની શિકારી વનસ્પતિ

જંગલી પ્રાણીઓ શિકારી હોય તે જાણીતી વાત છે. દરેક સજીવ ખોરાકની શોધમાં જાતજાતની રીત અપનાવે છે. વનસ્પતિ મૂળ દ્વારા જમીનમાંથી ખોરાક મેળવે છે. પરંતુ જાણીને નવાઈ લાગશે કે કેટલીક વનસ્પતિ મચ્છર જેવા જીવડાંનો શિકાર કરે છે. અલબત્ત, વનસ્પતિ શિકાર પાછળ દોડી શકે નહીં પરંતુ શિકાર આપોઆપ તેની પાછળ આવે તેવી તરકીબો હોય છે. વિશ્વમાં લગભગ ૪૦૦ જાતના સુંદર ફૂલછોડ આવા શિકારી છે. દરેકની શિકાર કરવાની રીત જુદી જુદી હોય છે.

પીચર પ્લાન્ટ શંખ આકારના પાન ધરાવે છે. ગોળાકાર શિંગડા જેવા પોલા પાનના દ્વાર ઉપર ચીકણું દ્રવ્ય હોય છે. મચ્છર જેવા જીવડા ઉડતા ઉડતા નજીક આવે એટલે તેમાં ચોંટીને તળીયે ઉતરી જાય છે.

સન ડ્યુ એ વિનસ ફ્લાય ટ્રેપ તો છટકા જેવા પાનની વનસ્પતિ છે. પાન ઉપર જીવડું બેસે કે તરત ભૂંગળું વળી જાય અને તેને દબોચી લે. બચર પર્ટસના પાન તો માખણ જેવા ચીકણા હોય છે. કીડી મંકોડા જેવ જીવ તેમાં ચોંટી જાય પછી છટકી શકે નહીં. મન્કી ફ્લાવરના ફૂલ પણ જીવડાં બેસે કે તરત જ બીડાઈ જાય છે. ઘણી વનસ્પતિ એવી છે કે નજીકના વૃક્ષ કે છોડને મારીને તેમનો ખોરાક લઈ લે. આવી વનસ્પતિના મૂળ જમીનમાં ફેલાય અને બીજી વનસ્પતિના મૂળમાં રોગ ફેલાવી તેને મારી નાખે અને તેનો ખોરાક લઈ લે છે. વનસ્પતિના છટકામાં ફસાયેલા જીવડાનું તેમાં જ પાચન થઈ તેનો ખોરાક બને છે.

## નિર્દોષ અને રમતિયાળ પ્રાણી : સસલું

★ સસલા સુંવાળી અને સફેદ રૂંવાટીવાળા આકર્ષક પ્રાણી છે.

*તમારી કિંમત ત્યારે જ થશે જ્યારે તમારી જરૂર હશે, ઉનાળામાં આકરા લાગતા સૂરજની શિયાળામાં રાહ જોવાય છે.*

સસલાની બે જાત 'રેબીટ' અને 'હેર' અલગ અલગ જાતના પ્રાણીઓ છે.

★ સ્પેન સસલાઓનો ટાપુ કહેવાય છે.

★ ઈ.સ. પૂર્વે ૩૦૦માં રોમન લોકો સસલા પાળતા.

★ સસલાને ૨૮ દાંત હોય છે, જે હંમેશાં મોટા થાય છે અને ઘસાતા રહે છે.

★ સસલા ૩૬૦ અંશને ખૂણે ચારે તરફ જોઈ શકે છે.

★ સસલા ૩૦થી ૩૫ કિ.મી.ની ઝડપે દોડે છે.

★ સૌથી નાના સસલાની જાત નેધરલેન્ડનું ડ્વાર્ફ રેબિટ માત્ર ૧ કિ.ગ્રા. વજનનું હોય છે.

★ સસલાની મૂછો તેના શરીરની પહોળાઈ જેટલી લાંબી હોય છે. એટલે મૂછોના આધારે કેટલી સાંકડી જગ્યામાંથી પસાર થઈ શકાય તે અગાઉથી જાણી શકે છે.

★ સસલાના આગલા પગમાં પાંચ અને પાછલા પગમાં ચાર આંગળીઓ હોય છે.

## મધ્ય પ્રદેશનું પ્રાચીન ચત્રભુજ મંદિર

મધ્ય પ્રદેશનું ઓચ્છા પ્રાચીન નગર છે. વિશ્વવિખ્યાત ખજુરાહોના મંદિર નજીક આવેલા ઓચ્છામાં તેનો કિલ્લો ઉપરાંત ઘણા જોવાલાયક સ્થાપત્યો છે. તેમાં ચત્રભુજ મંદિર વિશેષ છે. ૧૬મી સદીમાં બુંદેલ રાજપૂત યુગમાં બંધાયેલું આ મંદિર નદીમાં આવેલ ટાપુ પર છે.

ચત્રભુજ મંદિર ૧૫ ફૂટ ઊંચા પ્લેટફોર્મ પર શંકુ આકારના ચાર શિખરો ધરાવે છે. વિશાળ પ્રવેશદ્વાર અને વચ્ચેનું સૌથી ઊંચું શિખર ભવ્ય છે. પ્રથમ દૃષ્ટિએ એ મંદિર બહુમાળી મહેલ જેવું લાગે. મંદિરની દીવાલો પર ભૌમિતિક આકારની ડિઝાઈન ઉપરાંત રંગીન ભીંતચિત્રો છે. ઓચ્છામાં કિલ્લો ઉપરાંત ઝાંસીનો કિલ્લો અને વન્યપ્રાણી ઉદ્યાન પણ જોવાલાયક છે. બેટવા નદીને કિનારે બાંધેલી છત્રીઓ ઓચ્છાની વિશેષતા છે.

## ભારતમાં જોવા જેવું : ચિત્તોડગઢનો વિજય સ્તંભ

રાજસ્થાનમાં ચિત્તોડનો કિલ્લો જોવાલાયક સ્થાપત્ય છે. પરંતુ તેમાં આવેલો વિજયસ્તંભ વિશિષ્ટ આકર્ષણ ધરાવે છે. મેવાડના રાજા કુંભાએ મહમદ ખીલજીની સેના સામે વિજય મેળવ્યો તેની યાદમાં ઈ.સ. ૧૪૪૨માં વિજય સ્તંભ બનાવેલો. તેને બાંધતા ૧૦ વર્ષ લાગ્યા હતા.

નવ માળનો વિજય સ્તંભ ૩૭.૧૯ મીટર ઊંચો છે. દરેક માળે બહાર નીકળેલી બાલ્કની છે. લાલ માટી, પથ્થર અને આરસ વડે બાંધકામ થયું છે. વિજય સ્તંભની રચનામાં ભૂમિતિનો ભારોભાર ઉપયોગ થયો છે. ૧૦ ફૂટ ઊંચા પ્લેટફોર્મ પર દેવી દેવતાના આકર્ષક શિલ્પો અને કોતરણી ઉપરાંત શિલાલેખો છે. વિજય સ્તંભને વર્લ્ડ હેરિટેજ સાઈટ્સમાં સ્થાન મળ્યું છે.

## અજબ ગજબ જંતુ જગત

પૃથ્વી પર માખી, મચ્છર, કિડી, મકોડા જેવા હજારો જાતના જંતુઓ જોવા મળે છે. પ્રાણી અને પક્ષી જગતની જેમ જંતુ જગત પણ અનેરી વિવિધતા ધરાવે છે. ચપટીમાં ચોળાઈ જાય તેવા આ નાનકડા જીવોને રક્ષણ મળી રહે તે માટે કુદરતે ભારોભાર અજાયબીઓ આપી છે. જંતુ એ ખોરાક લે છે અને વિકાસ પામે છે. દરેક જૈવિક પ્રક્રિયાની સાથે સાથે તેમને પોતાની જાતનું રક્ષણ પણ કરવું પડે છે.

જંતુઓનું જીવન અને રચના અજાયબીઓભરી છે. મોટાભાગના જંતુઓનું શરીર ત્રણ ભાગમાં વહેંચાયેલું હોય છે : માથું, પેટ અને પેઢું. દરેક જંતુનો પાછલો પેઢુનો ભાગ મોટો હોય છે. જંતુઓ ચારે દિશામાં જોઈ શકે છે. તેમની આંખો ઉપસેલા ગોળા જેવી હોય છે. અન્ય પ્રાણીઓમાં જોવા ન મળે તેવી એક અજાયબી જંતુઓમાં હોય છે. અને તે છે તેનું એન્ટેના. માથા પર બે લાંબા વાળ જંતુઓને સુંઘવાનું, અવાજ પારખવાનું અને સ્પર્શનું ભાન કરાવે છે.

જંતુઓને ૬ પગ અને પાંખોની બે જોડ હોય છે. ૬ પગવાળા જંતુઓ એક સાથે ૩ પગ ઉપાડીને ચાલે છે. પગના છેડે ગુંદર જેવું ચીકણું પ્રવાહી હોય છે. તે છત પર ઊંધા માથે ચાલી શકે છે. જંતુ જગતમાં કાનવાળા જંતુ ઓછા છે. મોટાભાગના જંતુઓને આખા શરીર પર સૂક્ષ્મ વાળ હોય છે. આ વાળ અતિ સૂક્ષ્મ અવાજથી પણ ધ્રુજી ઉઠે છે. મોટાભાગના જંતુઓને અવાજ હોતો નથી. તેમની આંખોનો ફડફડાટ આપણને ગુંજન જેવું સંભળાય છે. ■

*With Best Compliments From....*

**V. R. GOPANI**

1, Sugam Enclave, Opp. Ramada Hotel, Prahladnagar, Ahmedabad-380 015. **Mobile : 94263 03628**

# માતૃભૂમિ કચ્છના સમાચાર

● સંપાદન : ચૌલા કુરુવા ●

## ભુજના પ્રાગમહેલ ખાતે હસ્તકળાને ઉજાગર કરતા દસ દિવસીય મેળામાં સ્થાનિક સાથે સહેલાણીઓ મુલાકાતે ઉમટ્યા

ભુજ શહેરના ઐતિહાસિક દરબારગઢ ખાતે આવેલા પ્રાગ મહેલમાં હસ્તકળા કમિશનર અને હસ્તકળા સંરક્ષણ પ્રોડ્યુસર કંપની દ્વારા રાજ પરિવારના સહયોગથી હસ્ત કારીગરીને ઉજાગર કરતા મેળાના બીજા દિવસે આજે શનિવારે સ્થાનિક સાથે અહીં પધારતા સહેલાણી વર્ગે મુલાકાત લઇ વિવિધ વસ્તુઓની ખરીદી કરી હતી.

ઘર સજાવટ સાથે વસ્ત્ર પરિધાન અને ઘરેણાઓ સહિતની સામગ્રીઓ મુલાકાતીઓમાં આકર્ષણરૂપ બની રહી છે. જ્યાં ૩૦ જેટલા કારીગરો સ્વહસ્તે બનાવેલી વસ્તુઓનું વેચાણ કરી ખુશી અનુભવી રહ્યાનું જાણવા મળ્યું છે.

ભુજના આઈના મહેલ નજીક પ્રાગ મહેલ ખાતે આયોજિત ૧૦ દિવસીય હેન્ડિક્રાફ્ટ ફેસ્ટીવલ વિશે રાજ પરિવારના ઈન્દ્રજીતસિંહ જાડેજાએ કહ્યું કે કચ્છ અને તેની સંસ્કૃતિના પ્રચાર પ્રસાર માટે રાણીબા પ્રીતિદેવી સદા સહયોગ આપતા રહે છે. ત્યારે હસ્તકળા સાથે કચ્છીયતથી પ્રવાસીઓ અવગત થાય અને હસ્ત કારીગરોને તેનો ફાયદો મળે તેવા હેતુસર શરૂ થયેલા વેચાણ અને પ્રદર્શની માટે રાજ પરિવાર સદા સહયોગી બનતો રહેશે.

આ વેળાએ હસ્તકળા કમિશ્નર રવિવીર ચૌધરી, તેરા ઠાકોર મયુરધ્વજસિંહ, રાણી આરતીબા, કુમાર હર્ષઆદિત્યસિંહ, દેવપર ઠાકોર કૃતાર્થસિંહ, કુંવર ઈન્દ્રજીતસિંહ જાડેજા, દાદુભા સોઢા, રાજસિંહ ગોહિલ, પ્રમોદ જેઠી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

*(તા. ૩-૩-૨૦૨૩)*

## યુનિવર્સિટીનો છબરડો...

કચ્છ યુનિવર્સિટીમાં મોટી અને ગંભીર ભૂલ સામે આવી છે જેના કારણે નોકરી ઈચ્છુક વિદ્યાર્થીઓની હાલત કફોડી થઈ જતા આજે કલાકો સુધી ઉગ્ર રજૂઆત હલ્લાબોલ બાદ માંડ માંડ યુનિ.એ ભૂલ કબૂલી હતી. ધોરણ-૧૧થી કોમર્સનું ભણતર શરૂ થાય ત્યારથી તેમાં અર્થશાસ્ત્ર ભણાવવામાં આવે છે અને કચ્છ યુનિવર્સિટીની કોલેજો અને વિભાગમાં પણ ઈકોનોમિક્સ ભણાવાય છે. પણ વર્ષ ૨૦૧૬-૧૭માં યુનિ.એ અચાનક એમ.કોમ.ના અભ્યાસક્રમમાંથી અર્થશાસ્ત્રના વિષયનો છેદ જ ઉડાડી દીધો છે.

ગુજરાતની અન્ય યુનિવર્સિટીમાં અર્થશાસ્ત્ર ભણાવાય છે પણ કચ્છમાં નહીં.

સોમવારે પીએચ.ડી. મુદ્દે માંગણીનો સ્વીકાર થયા બાદ વિદ્યાર્થીઓએ આ મુદ્દે કોમર્સ વિભાગના વડા ડો. હીરાણીને ઘેર્યા હતા. બાદમાં કુલપતિની ચેમ્બરમાં લઇ જવાયા. ત્યાં તેમણે વિદ્યાર્થીઓના હિતમાં યુનિવર્સિટી નિર્ણય લેશે તેવી ખાતરી આપી હતી. જેથી વિદ્યાર્થીઓ કોમર્સ ફેકલ્ટીમાં પહોંચ્યા અને ડીન પાસે લેખિતમાં ખાતરી માંગી હતી.

*(તા. ૭-૩-૨૦૨૩)*

## વિશ્વ મહિલા દિવસ અન્વયે સન્માન મુંદ્રા ખાતે અદાણી ફાઉન્ડેશન દ્વારા ૧૦ ગામની મહિલાઓને શ્રેષ્ઠ કામગીરી બદલ સન્માનિત કરવામાં આવી

વિશ્વ મહિલા દિવસ નિમિત્તે અદાણી ફાઉન્ડેશન દ્વારા મુંદ્રા ખાતે શ્રેષ્ઠ કામગીરીને સન્માનિત કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પશુપાલન વ્યવસાય સાથે જોડાયેલી ૧૦ ગામની મહિલાઓએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો. તે પૈકી વિશિષ્ટ રીતે કામ કરતી ૧૫ મહિલાઓને મહાનુભાવોના હસ્તે સન્માનિત કરી પ્રોત્સાહિત કરવામાં આવી હતી. આ ગ્રામીણ વિસ્તારની બહેનો જાતે ૫થી ૧૫ પશુઓનું પાલન કરીને દર મહિને રૂા. ૧૫ હજારથી ૬૫ હજાર સુધીનું દૂધનું વેચાણ કરી પોતાની આજીવિકા સ્વમાનભેર ઊભી કરી રહી છે. તેની સાથે ખેતીમાં જરૂરી સેન્દ્રિય ખાતર પણ પૂરું પાડે છે.

પશુપાલન થકી પરિવાર પાલન માટે ૮ વર્ષ પહેલાં અદાણી ફાઉન્ડેશન દ્વારા નાના કપાયા પંજતનપીર વાડી વિસ્તારમાં કાર્યરત મહિલાઓનું બનેલ સ્વસહાય જૂથને તેમની જરૂરિયાતને ધ્યાને લઇને અદાણી ફાઉન્ડેશન તરફથી ૧૪ મહિલાઓને એક-એક ગાય આપવાનું નક્કી કરેલ. જેના પ્રતીકરૂપે તેમને ગાય આપીને સન્માનિત કરવામાં આવેલ. આ બહેનોએ પોતાનો રાજીપો વ્યક્ત કરતાં જણાવ્યું કે, આ ગાય અમોને માવતર તરફથી મળેલ હોય તેવો ભાવ થાય છે. અમો તેનું પાલન કરી અમારા પરિવારને

*જો જવાબદારીનો ખ્યાલ ન હોય તો અધિકારની માંગ ખોટી છે.*

ઉપયોગી થઈશું. ૩૪૫ જેટલી મહિલાઓ કાર્યક્રમમાં ઉપસ્થિત રહી હતી.

*(તા. ૮-૩-૨૦૨૩)*

## સ્વરોજગાર : બે ચોપડી ભણેલી ઝીંકડીની મહિલાએ ૪૦૦ને રોજગાર આપી પગભર બનાવી

**કચ્છી ભરતકામે દેશ વિદેશમાં આગવી ઓળખ મેળવી છે. કચ્છની હસ્તકલા, ભરતકામથી હજારો મહિલાઓ પગભર બની છે.**

ઝીંકડીના ગોમતીબેન આહીરે કોઠાસૂઝથી સ્વરોજગાર શરૂ કર્યો અને આજે તેમની કચ્છી એમ્બ્રોઈડરી કલાના વિદેશમાં પણ ચાહકો છે. તેમના દ્વારા હાથવણાટથી બનાવેલા કુર્તા, ચણિયા ચોળી, વોલપીસ, કુશન કવર, રજાઈ, પર્સ, પીલો કવર સહિતની ચીજોના દેશ-વિદેશમાંથી ઓર્ડરો મળી રહ્યા છે.

સુરતના અડાજણના હનીપાર્ક ગ્રાઉન્ડ, એસ.એમ.સી. પાર્ટી પ્લોટના સરસ મેળામાં કચ્છી એમ્બ્રોઈડરી વર્કથી બનેલી વસ્તુઓના વેચાણ માટે ગયેલા ગોમતીબેન હસ્તકલાથી શિક્ષિત કે નોકરિયાત વર્ગ કરતા પણ વધુ કમાણી કરે છે. તેઓ આજથી ૧૫ વર્ષ પહેલાં તેમના પરંપરાગત વ્યવસાય સાથે જોડાયા હતા. તેમણે આસપાસના ગામોની ૪૦૦ મહિલાઓને કચ્છી એમ્બ્રોઈડરી કલાકારીગરી સાથે જોડી આ હસ્તકલા શીખવાડી છે. જેઓ સ્વરોજગાર થકી મહિને અંદાજે ૬ થી ૭ હજાર રોજગારી મેળવતી થઈ છે.

ગોમતીબેને જણાવ્યું હતું કે, તેમણે ૧૦ મહિલાઓ સાથે વ્યવસાયની શરૂઆત કરી હતી. અનેક મુશ્કેલીઓ આવી છતાં હાર્યા વગર આગળ વધ્યા. ધીમે ધીમે અન્ય જરૂરિયાતમંદ મહિલાઓ પણ સાથે જોડાતી ગઈ અને કુલ આંકડો વધીને ૪૦૦ મહિલાઓ સુધી પહોંચી ગયો છે.

*(તા. ૧૦-૩-૨૦૨૩)*

## કચ્છના ટપાલ વિભાગમાં ૧૭૦ ગ્રામીણ ડાક સેવકની ભરતી

જી.ડી.એસ. કર્મચારીઓ ડાક સેવક, બ્રાંચ પોસ્ટ માસ્તર (બી.પી.એમ.) અને આસિસ્ટન્ટ બ્રાંચ પોસ્ટ માસ્તર (એ.બી.પી.એમ.)ની ભરતી માટે અંગ્રેજી વિષય સાથે ધોરણ ૧૦ પાસ ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજીઓ મંગાવાઈ હતી. ત્યારબાદ ઓનલાઈન અરજી કરનારા ઉમેદવારોની લેખિત પરીક્ષા લેવામાં આવી હતી. જેમાં મેરીટના ધોરણે પસંદગી કરવામાં આવી છે. કચ્છ સહિત રાજ્યની વિવિધ પોસ્ટ ઓફિસોમાં નિમણુંક આપવા માટે ૨૦૧૬ ઉમેદવારોની પસંદગી કરાઈ છે.

કચ્છમાં ૧૭૦ જી.ડી.એસ. કેડરના કર્મચારીઓની પસંદગી કરાઈ છે. જેમાં ૯૫ આસિસ્ટન્ટ બ્રાંચ પોસ્ટ માસ્ટર, ૭૧ બ્રાંચ પોસ્ટ માસ્ટર અને ૪ ડાક સેવકનો સમાવેશ થાય છે. જેમના અસલ ડોક્યુમેન્ટની ચકાસણી તા. ૨૧-૩-૨૦૨૩ સુધી કરવામાં આવશે. ત્યારબાદ ૧૫ દિવસની તાલીમ અપાશે અને તાલીમ મેળવનારા કર્મચારીઓએ સંબંધિત નિમણુંકવાળી જગ્યાએ હાજર થવાનું રહેશે.

જી.ડી.એસ. કર્મચારીઓ સળંગ ૩ વર્ષની ફરજ બજાવ્યા બાદ ખાતાકીય પરીક્ષા આપી એમ.ટી.એસ. બની શકે છે. જો તેમાં પાસ ન થાય તો ૫ વર્ષ બાદ પોસ્ટલ આસિસ્ટન્ટની પરીક્ષા આપીને કેન્દ્રિય કર્મચારી બની શકે છે.

*(તા. ૧૨-૩-૨૦૨૩)*

## કચ્છને મળી એક સાથે ત્રણ ટ્રેનની ભેટ

**ગાંધીધામ - દહેરાદૂન, ગાંધીધામ - અમૃતસર અને ગાંધીધામ - અમદાવાદ ટ્રેન શરૂ. રેલયાત્રીઓમાં ખુશીનો માહોલ.**

કચ્છને રેલવે તંત્ર દ્વારા એક સાથે ત્રણ ટ્રેનની સુવિધા પૂરી પાડવામાં આવી છે. જેમાં મહત્ત્વની સાપ્તાહિક ગાંધીધામ - દહેરાદૂન ટ્રેન શરૂ થતાં હરિદ્વાર જતા યાત્રિકો માટે ખૂબ જ લાભદાયક બની રહેશે. પશ્ચિમ રેલવે વિભાગ દ્વારા ખાસ ટ્રેનોને રેલ યાત્રીઓની સેવામાં અમલમાં મૂકવામાં આવી હોવાની જાહેરાત કરવામાં આવી હતી.

હરિદ્વાર જતા સ્થાનિક યાત્રીકો માટે ખૂબ મહત્ત્વની.

આ અંગે જાહેર કરાયેલી યાદી મુજબ ગાંધીધામ - દહેરાદુન ટ્રેન નંબર ૦૯૪૫૭ દર સોમવારે સાંજે ૪.૧૫ કલાકે ગાંધીધામથી ઉપડશે જ્યારે દહેરાદુનથી ટ્રેન નંબર ૦૯૪૫૮ સવારે ૫.૫૦ વાગે ગાંધીધામ માટે ઉપડશે. આ ટ્રેન ગાંધીધામ કંડલામાં વસતા રાજસ્થાન, દિલ્હીના પરપ્રાંતીય લોકોની સાથે હરિદ્વાર જતા સ્થાનિક યાત્રીકો માટે ખૂબ મહત્ત્વની સાબિત થશે.

આ સિવાય ગાંધીધામ અમૃતસરની સાપ્તાહિક ટ્રેન ગાંધીધામથી દર શુક્રવારે સવારે ૬.૩૦ કલાકે ઉપડશે. તો ગાંધીધામ - અમદાવાદ - ગાંધીધામ સુપર ફાસ્ટ ટ્રેન નંબર ૦૯૪૫૫ દરરોજ ૫ વાગે ઉપડશે. આ તમામ ટ્રેન આગામી તા. ૨૩થી વાયા ભીલડી જંકશન પરથી દોડશે.

*(તા. ૧૮-૩-૨૦૨૩)*

*સજ્જનો સંગઠિત થઈને આક્રમણ કરતા નથી અને આક્રમણ થાય છે ત્યારે પણ સંગઠિત થતા નથી.*

## આજે માતાના મઢ અને ભુજ આશાપુરા મંદિરે ઘટ સ્થાપન ● આવતીકાલથી ચૈત્રી નોરતાનો થશે પ્રારંભ

પ્રસિદ્ધ યાત્રાધામ દેશ દેવી માં આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ અને ભુજના આશાપુરા મંદિરે ધાર્મિક પરંપરા મુજબ અમાસની સંધ્યાએ ઘટસ્થાપન થશે અને ૨૨ માર્ચ, બુધવારથી ચૈત્રી નોરતાનો આરંભ થશે.

માતાના મઢ મંદિર પરિસરમાં માતાજીની ગરબાની સ્થાપના કરી રોજ રાત્રે માતાજીના ગુણગાન તેમજ દુહા છંદ સાથે રાસ ગરબાનું આયોજન કરવામાં આવ્યું છે.

અશ્વિન નવરાત્રી પર્વની જેમ ચૈત્રી નવરાત્રી દરમિયાન પણ બહોળી સંખ્યામાં માઈ ભક્તો આશાપુરા માતાજીના દર્શનાર્થે આવે છે. તેમજ અહીં યોજાતી ગરબીમાં ઉત્સાહભેર ભાગ લે છે. તા. ૨૮-૩ મંગળવારે ચૈત્ર સુદ સાતમના રાત્રે ૮.૩૦ વાગે જગદંબા પૂજન બાદ હોમહવનની ધાર્મિક વિધિનો આરંભ થશે. જેના બાદ મોડી રાત્રે ૧.૦૦ વાગે શ્રીફળ હોમ સાથે આ પર્વનો સમાપન કરાશે.

*(તા. ૨૧-૩-૨૦૨૩)*

## ૨૨મી માર્ચના વિશ્વ જળ દિવસ એક સમયે ૩૩૦ કૂવા હતા : આજે ૩૦ જ

**રાજાશાહીના સમયનું આયોજન આજે પણ અપનાવવા જેવું શહેરીજનોની કમનસીબીએ ભુજમાં પાણી બાબતે સ્વાયત્તતા બાજુ હજી પણ દુર્લક્ષ સેવાય છે**

પાણી અંગેની સ્વાયત્તતા એટલે સ્થાનિક પરંપરાગત સ્રોતો ઊભા કરવા અને તેની જાળવણી કરવી. ભુજની વાત કરીએ તો પાંચ સદીના ઇતિહાસમાં ચાર સદી સુધી રાજાશાહી હતી. આ દરમિયાન અદ્યતન ટેકનોલોજી નહોતી, પરંતુ કચ્છના વરસાદના સ્વરૂપને અનુરૂપ સ્થાનિક સ્રોતો ઊભા કરવાની નિપુણતા હતી. ભુજમાં સંસ્થા દ્વારા કરવામાં આવેલા સર્વે મુજબ એક સમયે સાડા ત્રણસોથી વધુ કૂવા હતા જેમાંથી મોટાભાગના હમીરસરની આસપાસ બનાવવામાં આવ્યા હતા.

જોકે, શહેર પણ તળાવની ઉત્તર-પૂર્વ દિશાની વચ્ચે વસેલું હોવાથી આ વિસ્તારમાં ઘેર ઘેર કૂવા જોવા મળતા હતા. હમીરસરમાં પાણી ભરાય એટલે તેની ભૂગર્ભ સંરચના મુજબ આસપાસના દરેક કૂવાનું સ્તર ઊંચું આવે. નગરપાલિકા તરફથી પાણીના નળ દરેક ઘરમાં આવતા થયા તેમ કૂવાનું પુરાણ થવા માંડ્યું અને આજે મા ૩૦થી ૩૫ જીવંત કૂવા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે તળાવની આસપાસ બોરની સંખ્યા પણ ઘણી છે. જેમાંથી કાઢવામાં આવતું પાણી વેચાણ અર્થે વપરાય છે. ભુજમાં ભૂગર્ભજળ અને જળ વ્યવસ્થાપન માટે કામ કરતી સંસ્થા એરીડ કોમ્યુનિટીઝ એન્ડ ટેકનોલોજીના યોગેશ જાડેજાએ જણાવ્યું હતું કે ૨૦૦૯માં અને ૨૦૧૭ દરમિયાન ભુજમાં કરવામાં આવેલ સર્વે મુજબ શહેરમાં બંને તળાવ આસપાસ જ કુલ ૪૩૭ કૂવા અને બોરવેલ હતા. જે ૯૦% મૃતપ્રાય હતા. કુવામાંથી પાણી મેળવવું જે તે સમયે ફરજિયાત હતું.

*(તા. ૨૨-૩-૨૦૨૩)*

## માધાપરમાં રોજેરોજ ભરાય શાકભાજી મેળો

**જિલ્લા મથક ભુજને અડેલું નાનું એવું માધાપર મકાન ભાડે આપવા અને દરરોજ લીલાછમ શાકભાજી મુદ્દે ભુજને ટક્કર આપી રહ્યું છે**

ભુજ શહેરમાં એવી વાત છે કે, ખુદ ખેડૂતો પોતાની વાડીના શાક દરરોજ વેચે છે. તેથી શુદ્ધ - સાત્વિક અને સસ્તા શાકભાજી માધાપરમાં મળે છે. અમુક ખેડૂતો વેચે પણ છે છતાં ૩૦૦થી વધુ કાછિયા ભુજમાંથી જ શાક જથ્થાબંધ ભાવે લઇને આ બજારમાં રસ્તા પર બેસે છે અને રાત્રે કપડા ઝાટકી ઉભા થાય છે. માધાપર જૂનાવાસમાં સવારે અને નવાવાસમાં સાંજે આ શાક માર્કેટ ભરાય છે.

ખેડૂતો માલ વેચતા હોવાથી કોઈ કમિશન વગર સસ્તો માલ મળે છે. વળી સોસાયટી વિસ્તાર વધતો હોવાથી ખપત પણ ખૂબ રહે છે. રામકૃષ્ણ ટ્રસ્ટના મનોજ સોલંકીએ ઓર્ગેનિક શાક-ફળની દુકાન શરૂ કરી છે. નવી બંધાયેલી શાક માર્કેટમાં ૧૫૦ બાંકડા છે પણ સાંજી બજાર ખાસ ધ્યાનાકર્ષક છે.

દેશ નહીં વિદેશોમાં મોટી સંખ્યામાં વસતા માધાપરવાસીઓની માંગ સંતોષવા હવે વિદેશી ફળ પણ અહીં વેચાય છે.

શાકભાજી મેળાની લોકપ્રિયતા અને સતત વધતા ગ્રાહકોને લઇને ગ્રામ પંચાયતે ટ્રાફિકમેન અને મહિલા ગ્રામ રક્ષક દળની સુરક્ષાની વ્યવસ્થા ગોઠવી છે. આફ્રિકન શાક-ફળનો પ્રયોગ કરી ઉગાવનારા ખેડૂતો ગૌરવ સાથે બજારમાં માલ વેચવા ઉતરે છે. સાથો સાથ વાડીએ જ ધાણા-રાઈ-જીરૂ જેવા મસાલાના પણ સ્ટોલ જોવા મળે છે.

*(તા. ૨૨-૩-૨૦૨૩)*

*અંદરમાં દેવાળું હોય પરંતુ બહાર દિવાળી મનાવવાની મનોવૃત્તિ એ વર્તમાનયુગના અજંપાનું મૂળ છે.*

## ૬ માસમાં ૭૭ હજાર જીજ્ઞાસુ વિજ્ઞાન કેન્દ્ર પહોંચ્યા

### વિદ્યાર્થીઓ અને પ્રવાસીઓ માટે ભુજીયાનું તળેટીનું સેન્ટર બન્યું આકર્ષણનું કેન્દ્ર

ભુજીયા ડુંગર પર અંદાજે ૯૦ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામેલા પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર - ભુજની છેલ્લા છ મહિનામાં ૭૭,૦૦૦થી વધુ લોકોએ મુલાકાત લીધી છે. પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ભુજના પ્રોજેક્ટ ડાયરેક્ટર ડૉ. રાજેન્દ્રકુમાર પટેલે જણાવ્યું હતું કે, ૭૭ હજાર મુલાકાતીઓમાંથી ૪૪ હજાર એટલે મોટાભાગના વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. અલબત્ત રાજ્યના ૩૧ જિલ્લાની શાળાઓ પણ અહીં મુલાકાતી બની ચૂકી છે. સાથેજ યુ.એસ., યુ.કે., ઇટલી અને ફિનલેન્ડ સહિત ૮ દેશના પ્રવાસીઓ પણ મુલાકાત લઇ અહીંની ગેલેરીઓ નિહાળી ચૂક્યા છે.

ખરેખર સ્મૃતિવન મ્યુઝીયમથી અહીં આવવા માટે તંત્ર દ્વારા તળેટીમાંથી રસ્તો બનાવવો જોઈએ. જેથી વધુ પ્રવાસીઓ અહીંની મુલાકાત લઇ શકે કારણકે સ્મૃતિવનની ૧.૫ લાખ લોકોએ મુલાકાત લીધી છે. જ્યારે વિજ્ઞાન કેન્દ્રની સંખ્યા તેનાથી અડધા નજીક છે.

ભુજીયા ડુંગર પર બે મોટા પ્રોજેક્ટ સરકાર દ્વારા નિર્માણ કરવામાં આવ્યા છે. જેમાં એક છે સ્મૃતિવન અર્થક્વેક મ્યુઝીયમ અને બીજું છે પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર. બંને પ્રોજેક્ટ્સ ભુજીયા ડુંગર પર હોવાથી સામાન્ય જનતા હજુ પણ એમ જ સમજે છે કે, આ બંને પ્રોજેક્ટ્સ એક જ છે. પરંતુ હકીકતમાં આ બંને પ્રોજેક્ટ્સ તદ્દન અલગ છે અને બંને જુદા જુદા વિસ્તારમાં આવેલા છે. રીજનલ સાયન્સ સેન્ટર - ભુજ ગુજરાત સરકારના ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજીના માર્ગદર્શન હેઠળ GUJCOST દ્વારા બનાવવામાં આવ્યું છે, જે ભુજીયા ડુંગરની પાછળના ભાગે, દીપક પેટ્રોલ પંપની બાજુમાં આવેલું છે.

સાથે જ મરીન નેવિગેશનમાં દરિયામાં ચાલતી બોટ સાથે તમામ ટેકનિકલ પ્રક્રિયા લાઇવ અનુભવ કરી શકાય છે.

અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા યુવાનો માટે કારકિર્દી અંગે સલાહ અને માર્ગદર્શન પણ વિજ્ઞાન કેન્દ્રમાં આપવામાં આવે છે. ખાસ કરી મરીન, સ્પેસ સહિત મહત્ત્વપૂર્ણ ક્ષેત્રના સ્કોપ પણ અહીં વિસ્તૃત રીતે જણાવાયા છે. *(તા. ૨૫-૩-૨૦૨૩)*

## ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું : ચૈત્રી નવરાત્રીએ માતાના મઢમાં આજે ૨૫ હજાર ભક્તોએ શિશ નમાવ્યું

કચ્છની કુળદેવી આઈ શ્રી આશાપુરા માતાજીના સ્થાનક માતાના મઢ ખાતે આમ તો કાયમ યાત્રીકોની ભીડ રહેતી હોય છે પરંતુ આસો અને ચૈત્રી નવરાત્રીના અવસરે ભાવિકોની ભીડમાં વ્યાપક વધારો જોવા મળતો હોય છે. આજે પાંચમના દિવસે વહેલી સવારથી જ આસ્થાળુઓ માતાજીની મૂર્તિના દર્શને પહોંચ્યા હતા. જ્યાં સાંજ સુધીમાં અંદાજિત ૨૫ હજાર જેટલા ભાવિક માઈ ભક્તોએ માતાજીના મંદિરે શિશ ઝુકાવ્યું હતું. સમગ્ર કચ્છ અને બહારથી આવતા લોકોના ભોજન પ્રસાદની વ્યવસ્થા જાગીર ટ્રસ્ટના માર્ગદર્શન હેઠળ ચાલી રહી છે.

માંડવીના ભગવાનજી ખારવા છેલ્લા ઘણા વર્ષોથી વર્ષની આસો અને ચૈત્રી નવરાત્રીએ માતાના મઢ સુધીની પદયાત્રા હાથમાં તિરંગો રાખીને પૂર્ણ કરે છે.

*(તા. ૨૫-૩-૨૦૨૩)*

## કુંજ પક્ષીઓનો મેળાવડો : ભચાઉના કડોલ નજીક કુંજ પક્ષીઓના કલરવથી માહોલ ગુંજી ઉઠ્યો. સમૂહમાં દાણા ચણતા આ પક્ષીઓને જોવા તે અનેરો લહાવો

ભચાઉની ઉત્તર પશ્ચિમ દિશાએ આવેલા રણ પાસેના કડોલ ગામ ખાતે દર વર્ષે કુંજ પક્ષીઓનો જમાવડો જોવા મળે છે. પરમેશ્વર દાદાની જગ્યાના મેદાનમાં સેંકડોની સંખ્યામાં પ્રવાસી પક્ષીઓ પડાવ નાખતા હોય છે. આ પક્ષીઓનો ગગનભેદી કુંજરવ માહોલને અદ્‌ભુત બનાવી જાય છે. જ્યાં સખી દાતાઓના આર્થિક સહયોગથી સ્થાનિક મંડળ દ્વારા પક્ષીઓને ચણ નાખવામાં આવે છે.

મધ્ય યુરેશિયામાં રહેતા કુંજ પક્ષીઓ પ્રજનન ક્રિયા માટે ભારતમાં શિયાળો ગાળવા આવતા હોય છે. એવા કુંજ પક્ષીઓ માર્ચ મહિના સુધી વાગડના અનેક વિસ્તારોમાં જોવા મળતા હોય છે.

*(તા. ૨૭-૩-૨૦૨૩)*

## શ્રમિક પિતાએ ૩ પુત્રને તબીબ, એકને એન્જી. બનાવ્યા

રાપર તાલુકાના પલાંસવા ગામમાં જન્મેલા અરજણભાઈ ભવાનભાઈ પ્રજાપતિ ભણવામાં ખૂબ જ હોંશિયાર અને મહેનતુ. એટલે શાળાના શિક્ષકોનો તેમના પર ખૂબ પ્રેમ હતો. પરંતુ આર્થિક સ્થિતિ નબળી હોતાં આઠ ધોરણ સુધી અભ્યાસ કરીને કડિયાકામમાં લાગી ગયા. તેમના પત્ની ડાઈબેન ધોરણ ત્રણ પાસ હતા. કાળી મજૂરી કરી પોતાના ચાર દીકરા અને એક દીકરીને પ્રથમ ભચાઉ અંબિકા નગરની પ્રાથમિક શાળામાં ભણાવ્યા બાદ ધોરણ ૧૦ સુધીના અભ્યાસ માટે ભચાઉની કેશવ જનકલ્યાણ આર.એસ.એસ. દ્વારા સંચાલિત સરસ્વતી શિશુ મંદિરમાં અભ્યાસ કરાવ્યો.

સૌથી મોટા પુત્ર વિજયનો ભચાઉમાં અભ્યાસ પૂર્ણ થતાં

આણંદની કોલેજમાં મૂકવામાં આવ્યો હતો. જ્યાં તેણે સિવિલ એન્જી.ની ડિગ્રી મેળવી. બીજા નંબરના પુત્ર હાર્દિકનો ઉચ્ચ અભ્યાસ કડી ખાતે થયો અને ભુજની અદાણી મેડિકલ કોલેજમાં એમ.બી.બી.એસ. બની હાલ તે અંજાર તાલુકાના દૂધઈ ગામમાં મેડિકલ ઓફિસર તરીકે સેવા આપે છે.

ત્રીજા દીકરા જીગર હાલ મહેસાણા જિલ્લાના બાસણામાં બી.એ.એમ.એસ.નો અભ્યાસ પૂર્ણ કરશે તો ચોથો પુત્ર હર્ષ પણ પોતાના ભાઈની સાથે બી.એચ.એમ.એસ. (હોમિયોપેથિક ડોક્ટર) બની રહ્યો છે. આ ચાર ભાઈની સાથે બહેન અભ્યાસ પૂરો કરી લગ્ન થયા બાદ પોતાના પરિવાર સાથે સુખી છે. ડૉ. હાર્દિક પ્રજાપતિની સગાઈ થઈ છે. તેની વાગ્દત્તા પણ હોમિયોપેથિક તબીબ છે.

અરજણભાઈ અને તેમના બહેન-ભાઈના પરિવારમાં સાત જેટલા સભ્ય ડૉક્ટર અને એક એન્જિનિયર બની ચૂક્યા છે. તેઓ ભચાઉ પ્રજાપતિ સમાજના પ્રમુખ તરીકે સેવા આપી ચૂક્યા છે અને પ્રજાપતિ કચ્છ જિલ્લા સંઘના પ્રમુખ તરીકે સેવા આપે છે. તેની સાથે સમાજને વધુ અભ્યાસ કરવા પ્રોત્સાહન આપે છે.

આર્થિક દષ્ટિએ સંજોગો વિપરીત હોવાથી અભ્યાસ છોડવાનો અરજણભાઈને ખૂબ વસવસો રહ્યો અને આ દુઃખ અને વસવસાએ તેમને એક સંકલ્પ લેવડાવ્યો કે પોતે ભલે ન ભણી શક્યા પરંતુ સંતાનોને ઉચ્ચ અભ્યાસ કરાવશે.

*(તા. ૨૭-૩-૨૦૨૩)*

## ભુજમાં યોગ શિબિર યોજાઈ. પ્રજા સાથે તાલીમી પોલીસ જવાનોએ યોગ કર્યો...

ભુજના પોલીસ ગ્રાઉન્ડ ખાતે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ અને ભારત સરકારના સાંસ્કૃતિક મંત્રાલય દ્વારા આર્ટ ઓફ લિવિંગ સંસ્થા સાથે 'હર ઘર ધ્યાન' કાર્યક્રમ બાબતે જોડાણ કરવામાં આવેલ છે. જેના ભાગરૂપે ગુજરાત સરકારના રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સક્ષમ અધિકારી શ્રી અશ્વિનીકુમાર સાહેબ તેમજ શ્રી વેદી સાહેબનાં માર્ગદર્શન સાથે 'હર ઘર ધ્યાન' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ગાંધીધામ, આદિપુર, અંજાર, નખત્રાણા તેમજ ભુજ તાલુકાના યોગ કોચ, ટ્રેનર તેમજ સાધકો જોડાયા હતા. તો મોટી સંખ્યામાં પશ્ચિમ કચ્છ જિલ્લા પોલીસ વિભાગના ટ્રેનિંગનાં જવાનોએ પણ ધ્યાન અને યોગનો અભ્યાસ કર્યો હતો.

ગાંધીધામના યોગ કોચ પૂજા લાલવાણી દ્વારા પ્રાણાયામ કરાવવામાં આવ્યા હતા. *(તા. ૨૬-૩-૨૦૨૩)*

## ૧૮૦ કરોડના ખર્ચે રેલવે સ્ટેશનનું નવીનીકરણ શરૂ

રેલવે દ્વારા ન્યુ ભુજ રેલવે સ્ટેશનને કચ્છના રણની થીમ પર અત્યાધુનિક સ્માર્ટ રેલવે સ્ટેશન રૂપે પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે. સ્ટેશનની ડિઝાઈનને ગ્રીન બિલ્ડિંગ સર્ટીફિકેશન સાથે સ્માર્ટ સ્ટેશન રૂપે પુનઃવિકસિત કરવામાં આવી રહ્યું છે.

ભાવિ સ્ટેશનના લઘુ મોડેલને ભુજ સ્ટેશન પર પ્રદર્શિત કરાયું છે. જેથી યાત્રીઓને સ્ટેશનના ભાવિ સ્વરૂપની જાણકારી અને અનુભવ મળી શકે.

રેલવે દ્વારા ૧૭૯.૮૭ કરોડ રૂપિયાના ખર્ચે કામગીરી કરવામાં આવી રહી છે. ન્યુ ભુજ રેલવે સ્ટેશન ૨ વર્ષમાં બની જશે તેવી ધારણા છે. હાલમાં ભૂ-ટેકનિકી તપાસ, સાઈટ સર્વેક્ષણ અને ઉપયોગીતા માનવ ચિત્રણની કામગીરી પૂરી થઈ છે અને અપગ્રેડેશનનું કાર્ય પ્રગતિના પંથે છે.

ન્યુ ભુજ રેલવે સ્ટેશનમાં અલગ અલગ આગમન/પ્રસ્થાનના ગેટ સાથે યાત્રી પ્લાઝા, સ્ટેશન પરિસર ભીડમુક્ત અને સુગમ પ્રવેશ / નિકાસ, પાર્કિંગ વ્યવસ્થા વગેરે સામેલ છે.

પ્લેટફોર્મ પર યાત્રીઓ માટે સુવિધાઓથી યુક્ત પ્રતીક્ષા કક્ષ હશે. રેલવે સ્ટેશન દિવ્યાંગજનો માટે સુવિધાઓ ધરાવતું હશે. ઊર્જા, પાણી તથા અન્ય સંસાધનોનો કુશળ ઉપયોગ, નવીનીકરણીય ઊર્જાનો ઉપયોગ વગેરેની સુવિધાઓ સાથે સ્ટેશન ભવન ગ્રીન બિલ્ડિંગ હશે.

બેટરી ચાર્જ કરવાની સુવિધા અને બેટરી ચાલિત વાહનોના સંચાલનની પણ વ્યવસ્થા કરવામાં આવી રહી છે.

ન્યુ ભુજ સ્ટેશનમાં મુખ્ય બિલ્ડિંગ લગભગ ૯૭૦ ચો.મી. અને જેમાં આવવા-જવા માટે પૂરતી જગ્યા, કોન્કોર્સ અને પૂરતી વેઈટીંગ સ્પેસ છે. સોલાર પેનલ યુક્ત છત, ૩૨૪૦ ચો.મી. કોન્કોર્સ, ૬ મીટર પહોળા ૨ ફુટ ઓવર બ્રિજ, ૧૩ લીફ્ટ, ૧૦ એસ્કેલેટર્સ, સી.સી.ટી.વી., ઈ.વી. ચાર્જિંગ સ્ટેશન વગેરે આધુનિક સુવિધાઓથી સુસજ્જિત સ્માર્ટ સ્ટેશન હશે.

*(તા. ૨૯-૩-૨૦૨૩)*

**મુક્તક**

*કાંઈ ન લખાયું કાગળ કોરા રહી ગયા*
*ચહેરા ખોવાઈ ગયા, મહોરા રહી ગયા.*
*એ આંબી ગયા હતા આકાશને*
*પતંગ કપાઈ ગયા ને દોરા રહી ગયા.*

**રજનીકાંત ઓઝા - ભુજ, કચ્છ**
**મો. ૯૪૨૮૮ ૯૫૮૭૦**

# બૃહદ્ કચ્છના સમાચાર

● સંપાદન : ચૌલા કુરુવા ●

## હસ્તકલા કારીગરની પસંદગી : ધમડકાના કારીગરને આંતરરાષ્ટ્રીય ક્રાફ્ટ એવોર્ડ

### અજરખ પ્રિન્ટ માટે અબ્દુલ જબ્બાર ખત્રીને એવોર્ડ આપી સન્માનિત કરાયા

કચ્છી હસ્તકળાને ફાળે ફરી એક આંતરરાષ્ટ્રીય કક્ષાનો પ્રતિષ્ઠિત ઍવોર્ડનો ઉમેરો થયો છે. આ વર્ષના ઈરાનના આંતરરાષ્ટ્રીય કક્ષાના ઍવોર્ડ માટે ધમડકાના હસ્તકલા કારીગરની પસંદગી થતાં તાજેતરમાં તેમને ઍવોર્ડ આપવામાં આવ્યો હતો.

ધમડકાના અનુભવી કારીગર અબ્દુલ જબ્બાર ખત્રીને ''ડબલ સાઈડેડ નેચરલ ડાઇડ અજરખ પ્રિન્ટેડ માસ્ટર પીસ'' માટે સન્માનિત કરવામાં આવ્યા હતા. તેઓ આ ઍવોર્ડ મેળવવા રૂબરૂ ઈરાન પહોંચી નહોતા શક્યા. તેથી તેમનું સન્માન કરવા માટે અમદાવાદના આરી ભરતના કારીગર આસીફ શેખ જાતે ધમડકા ગામે આવ્યા હતા અને તેમને સન્માનિત કર્યા હતા. હસ્તકલાના આંતરરાષ્ટ્રીય ઍવોર્ડ માટે ઈરાનમાંથી ૩૦૦ અને અન્ય દેશોમાંથી ૫૦ જેટલા નોમિનેશન્સ આવ્યા હતા. એમાં કચ્છમાંથી ૬ નોમિનેશન્સ હતા.

ફાઈનલ રાઉન્ડમાં બે કૃતિઓ પસંદગી પામી હતી. જેમાં જબ્બાર ખત્રી અને શામજી વિશ્રામ વણકર (ભુજોડી)ની કૃતિઓનો સમાવેશ કરાયો હતો અને જબ્બાર ખત્રીએ આ ઍવોર્ડ જીત્યો હતો. ઍવોર્ડ વિજેતાનો પરિવાર છેલ્લી ૧૦ પેઢીથી અજરખ બ્લોક પ્રિન્ટમાં આગવું પ્રદાન કરતો આવ્યો છે. મોહમ્મદ સિદ્દીક ખત્રીના સૌથી નાના પુત્ર તેમજ અબ્દુલરજાક ખત્રી અને ડૉ. ઈસ્માઈલ ખત્રી (અજરખપુર)ના નાના ભાઈ એવા જબ્બારભાઈએ અત્યાર સુધી ઘણા ઍવોર્ડ મેળવ્યા છે.

આ તકે ધમડકામાં યોજાયેલા ઍવોર્ડ વિતરણ કાર્યક્રમમાં આંતરરાષ્ટ્રીય રીતે ધમડકાને ક્રાફ્ટ વિલેજનો દરજ્જો આપવો જોઈએ અને તે માટે સૌએ સાથે મળીને પ્રયત્ન કરવો જોઈએ તેવો સૂર ઍવોર્ડ વિજેતા કારીગરે વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, તેમના પિતા અજરખનું કામ કરતા હતા ત્યારે નેચરલ ડાઇ પ્રિન્ટ બંધ થઈ ગઈ હતી. જેને ૭૦ના દાયકામાં પુનઃજીવિત કરી તેને જ્યોત બનાવીને ધમડકા અને અજરખપુર ગામના પ્રિન્ટરો આજે આગળ વધારી રહ્યા છે. *(તા. ૧૦-૩-૨૦૨૩)*

## પાઇલોટ વૃષાંકાનો દેહ પંચમહાભૂતમાં વિલીન

મધ્યપ્રદેશના બાલાઘાટ નજીક શનિવારે સાંજે ચાર વાગ્યા અરસામાં થયેલાં પ્લેન ક્રેશમાં ગાંધીધામના જાણીતા ઉદ્યોગપતિ માહેશ્વરી હેન્ડલિંગના ચંદન મહેશ્વરીની આશાસ્પદ પાઈલોટ દીકરી વૃષાંકાનું મૃત્યુ નીપજતાં માતમ છવાયો હતો.

બાલાઘાટથી પાર્થિવ દેહ લઈ પરિવાર રવિવારે નાગપુરથી ચાર્ટર પ્લેનમાં રાત્રે ૧૧ વાગે ગાંધીધામ ખાતેના નિવાસ સ્થાને પહોંચ્યો હતો. આજે માત્ર પરિવાર જ નહીં ગાંધીધામના દરેક સમાજના અગ્રણીઓ, અધિકારીઓની હાજરીમાં વૃષાંકાની અંતિમયાત્રા નીકળી હતી અને ગાંધીધામની આ આશાસ્પદ પાઈલોટ દીકરીનો પાર્થિવ દેહ પંચમહાભૂતમાં વિલીન થયો હતો.

*(તા. ૨૦-૩-૨૦૨૩)*

## ગુજરાતી સિનેમા પ્રીમિયર લીગમાં કચ્છને ૫ એવોર્ડ મનુ દાબેલી, દેવાંગી અને ધબકાર ફિલ્મ હિટ

ઓટીટીનું માધ્યમ ભારતમાં બહુ લોકપ્રિય થઈ રહ્યું છે ત્યારે ઓટીટીના માધ્યમથી ગુજરાતમાં ગુજરાતી સિનેમા પ્રીમિયર લીગની સીઝન-૧ ના ફાઇનલ ઍવોર્ડ સમારંભમાં કચ્છ વિવિધ કેટેગરીમાં ૫ ઍવોર્ડ સાથે છવાયું હતું.

અમદાવાદના ક્લબ બેબીલોન ખાતે યોજાયેલી લીગમાં ૮ અલગ અલગ ટીમો જેવી કે, અમદાવાદ, વડોદરા, સુરત, ભાવનગર, જામનગર, મહેસાણા, રાજકોટ અને કચ્છ એ ભાગ લીધો હતો. એક વર્ષમાં કુલ ૨૦ શોર્ટ મૂવી આ ટીમો દ્વારા બનાવાઈ હતી.

કચ્છની રીશી મહેતા ફિલ્મ્સ એ આ લીગમાં ૩ હિટ ફિલ્મો મનુ દાબેલી, દેવાંગી અને ધબકાર બનાવી સેમિ ફાઇનલ સુધી કચ્છને ધબકતું રાખ્યું હતું. કચ્છને બેસ્ટ ડાયરેક્ટર ઓફ ફોટોગ્રાફી – રીશી મહેતા, બેસ્ટ ચાઇલ્ડ આર્ટીસ્ટ – સ્વરા માહેશ્વરી, બેસ્ટ મ્યુઝીક – ધ્રુવ સોની, બેસ્ટ કોસ્ચ્યુમ – ફિલ્મ ધબકાર અને બેસ્ટ ટીમ – રીશી મહેતા ફિલ્મ્સને મળતાં કચ્છને કુલ ૫ ઍવોર્ડ મળ્યા હતા. *(તા. ૨૫-૩-૨૦૨૩)*

*વ્યક્તિગત સહનશીલતા એ બહાદુરી છે, સમૂહમાં સહનશીલતા એ કમજોરી છે.*

# અન્ય સંસ્થાઓના સમાચાર

## શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ

**શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશન આયોજિત સેવાકાર્ય ચાંગોદર નજીક પરમકૃપા મેડિકલ સેન્ટર ખૂલ્લું મૂકાયું ● અનેક લોકોને આરોગ્ય સેવાનો લાભ મળશે સોનોગ્રાફી, એક્સ-રે સહિત અલગ અલગ ૧૨ વિભાગો કાર્યરત કરવામાં આયા. કોઈપણ જાતના ભેદભાવ વગર દર્દીઓને રાહત દરે આરોગ્ય સેવા મળી રહેશે.**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ દ્વારા પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશનના સહયોગથી તમામ જાતિ - ધર્મના દર્દીઓને નજીવા દરથી આરોગ્ય સેવા મળી રહે તેવા ઉમદા આશયથી ચાંગોદર નજીક પરમકૃપા મેડિકલ સેન્ટર ખૂલ્લું મૂકવામાં આવ્યું છે. મેડિકલ સેન્ટરમાં સોનોગ્રાફી, એક્સ-રે સહિત અલગ અલગ ૧૨ જેટલા વિભાગો કાર્યરત કરી અનેકવિધ રોગોથી પીડિત દર્દીઓની સારવાર કરવામાં આવશે. આ કાર્યમાં પરમકૃપા ફાઉન્ડેશન અને હેમલોન ગ્રુપના માલીક જયેશભાઈ મજમુદાર તરફથી જગ્યા અને હોસ્પિટલના સાધનો ખરીદવા માટે સૌથી વધુ દાન મળ્યું છે. આ કાર્યને સફળ બનાવવા માટે મજમુદાર પરિવારનો સિંહફાળો રહ્યો છે.

અમદાવાદ - બગોદરા હાઈવે પર આવેલા ચાંગોદર નજીકના મોરૈયા ગામ પાસે શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ સંચાલિત પરમકૃપા ચેરીટેબલ ફાઉન્ડેશનના સહયોગથી પરમકૃપા મેડિકલ સેન્ટરનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ષષ્ઠ પીઠાધીશ્વર દ્વારકેશ લાલજી મહારાજના પ્રમુખપદે મેડિકલ સેન્ટરનું ઉદ્‌ઘાટન ચાંગોદર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનના પ્રમુખ રાજુભાઈ શાહ તેમજ અલગ અલગ ૧૨ જેટલા વિભાગોનું ઉદ્‌ઘાટન અન્ય દાતા અને સહયોગીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. સમારંભમાં બહોળી સંખ્યામાં ઉપસ્થિત જૈન તેમજ અન્ય સમાજના અતિથિઓ, દાતાઓ, સહયોગીઓના સન્માન કરવામાં આવ્યા હતા. જ્યારે મેડિકલ સેન્ટર અહીં શા માટે પ્રારંભ કરવામાં આવ્યો, તેનો પણ ચિતાર આપવામાં આવ્યો હતો. કાર્યક્રમમાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદના ટ્રસ્ટી હસમુખભાઈ ગઢેચાએ છેલ્લા ૬૦ વર્ષથી કામ કરતી સંસ્થા કેવા સંજોગોમાં સ્થાપિત થઈ અને વર્તમાન સમય તેમજ ભવિષ્યમાં કેવા પ્રકારના કાર્યો થશે તે અંગે વિસ્તૃત માહિતી આપી હતી.

***મેડિકલ સેન્ટરમાં આ વિભાગો કાર્યરત કરાયા :*** દર્દીઓને આંખ, જનરલ સર્જરી, બાળરોગ, સ્ત્રીરોગ, ઓર્થોપેડિક, નાક, કાન, ગળા, દાંત, યુરોલોજી, સાયકિયાટ્રીસ્ટ, રેડિયોલોજીસ્ટ,






પેથોલોજીસ્ટ અને જનરલ પ્રેક્ટીશનર સહિતની સેવાઓ માનદ્ શુલ્કમાં મળી રહેશે.

- **૬૦ વર્ષથી શ્રી કચ્છી જૈન સેવા સમાજ લોકોની સેવામાં આગળ**

શ્રી કચ્છી જૈન સેવા સમાજ - અમદાવાદ, ૬૦ વર્ષથી સેવાનો પર્યાય બનીને અમદાવાદમાં સેવા આપી રહ્યા છે. ૨૫ વર્ષથી એમની મેડિકલ સેવા ખરેખર કાબિલેદાદ છે. કોઈ પણ ઓ.પી.ડી. હોય, આંખ-કાન-નાક કે પછી નાની મોટી સર્જરી હોય, કોઈ

*બુધ્ધિને વિવેક મળે ત્યારે અને શક્તિને સંયમ મળે ત્યારે એ આશીર્વાદરૂપ બને.*




જટીલ ઑપરેશન હોય તો હંમેશાં શ્રી કચ્છી જૈન સેવા સમાજ લોકોની પડખે ઊભો છે. પાલડી અને બોપલમાં પહેલાથી જ એમના બે મેડિકલ સેન્ટર કાર્યરત છે કે જ્યાં એકદમ રાહત દરે આ સેવા અપાઈ રહી છે કે ૧૦૦૦ રૂપિયાની જગ્યાએ તમારે અંદાજિત ૨૦૦ રૂપિયા જ ખર્ચવા પડે. આ સેન્ટરમાં ૫૦ જેટલી અલગ અલગ સુવિધા છે. જેમાં સ્પેશિયાલિસ્ટો આવીને પોતાની સેવા આપી દર્દીઓને સાજા કરી રહ્યા છે. હવે એ જ અરસામાં ત્રીજું સેન્ટર ચાંગોદર ખાતે ખોલવામાં આવ્યું છે.

કચ્છી જૈન સેવા સમાજ બીજી ઘણી સેવાઓ પણ આપી રહ્યું છે. ૩ ડાયાલિસિસ સેન્ટર ચાલે છે એ પણ એકદમ નજીવા ભાવે જ સેવા આપે છે. ત્યાં કોઈપણ નાત-જાતના ભેદભાવ વગર કામ ચાલે છે. જરૂરિયાતમંદ લોકો માટે નોકરી આપવા માટે બે સ્કીલ ડેવલપમેન્ટ સેન્ટર ચાલે છે. મોટી મોટી કંપની સાથે ટાઈઅપ કરીને આ સેવા ચાલી રહી છે. આ સાથે જ અન્નક્ષેત્ર પણ ચાલે છે કે જેમાં દર વર્ષે હજારો લોકો ફ્રી માં ભોજન લઈ રહ્યા છે.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય, પાલડી - અમદાવાદ તથા 'જીતો'ના સંયુક્ત ઉપક્રમે આયોજિત શ્રી મહાવીર પ્રભુ જન્મ કલ્યાણક મહોત્સવનો અહેવાલ

તા. ૪-૪-૨૦૨૩ને મંગળવારના રોજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય - પાલડીના સભાગૃહમાં ભવ્યાતિભવ્ય શ્રી મહાવીર પ્રભુનો જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવાયો. આ પ્રસંગે શ્રી મહાવીર જૈન વિદ્યાલય અને 'જીતો' દ્વારા આયોજિત વક્તવ્યમાં વક્તા તરીકે મા. ડૉ. પારસભાઈ શાહના મનનીય વક્તવ્યનું આયોજન કરાયેલ.

પ્રથમ બહારથી પધારેલા મહેમાનોનું કંકુ અક્ષતથી સ્વાગત કરાયેલ. ત્યારબાદ મહેમાનોને હોસ્ટેલની મુલાકાતનું આયોજન ગોઠવાયેલ. જજેમાં મહેમાનોએ લાઈબ્રેરી, પાઠશાળા, જીમ, ઈન્ડોરગેમ, કીચન, ઓડિટોરીયમ જેવા વિવિધ આયામોની મુલાકાત લઈ પોતાની ખુશી વ્યક્ત કરેલ. મહેમાનોને અલ્પાહાર તથા ચા-કોફીથી સન્માનિત કરી નિયત કાર્યક્રમ ઓડિટોરીયમમાં શરૂ થયેલ.

પ્રથમ માનનીય શ્રી હસમુખભાઈ ગઢેચા, જે હેડ ઓફિસ સેક્રેટરી તથા પ્રભાવી વ્યક્તિત્વના આયામી છે, જેઓએ પ્રાસંગિક ઉદ્બોધન તથા સંસ્થાનો પરિચય તથા જીતો સંદર્ભે પોતાનો પ્રતિભાવ આપેલ. આ પ્રસંગે ડૉ. હસમુખભાઈ શાહ, સેક્રેટરી શ્રી લોકલ કમિટી - અમદાવાદ જેઓએ ડૉ. પારસભાઈ શાહ, જે આજની સભાના મુખ્ય વક્તા હતા, તેમનો સંક્ષિપ્તમાં સુપરિચય કરાવેલ.

જે વ્યવસાયે ડૉક્ટર છે, કુશળ માનવીય વ્યવહારોમાં અગ્રેસર છે અને જૈન સાહિત્ય - ધર્મ - તત્ત્વના ઊંડા અભ્યાસુ છે એવા ડૉ. પારસભાઈ શાહે પોતાનું મર્મજ્ઞ ચિંતનાત્મક વક્તવ્ય આપેલ. જૈન ધર્મમાં કોઈપણ સંસ્થા ચલાવવા માટે અને વ્યાપાર વિશ્વ પર જીત મેળવવા માટે પ્રભુ મહાવીરે આપેલી સાત શિક્ષાઓનો વિશદ પરિચય કરાવેલ. મા.ડૉ. પારસભાઈએ પોતાની સૂત્રાત્મક લાઘવ શૈલીમાં પ્રભુ મહાવીર સ્વામીના ઉપદેશાત્મક સૂત્રોને ટાંકી વ્યાપાર વિશ્વ ઉપર જૈનોનું પ્રભુત્વ શા માટે છે તેની સદષ્ટાંત સમજ આપેલી. અત્યંત રોચક, સુમધુર તેમનું વક્તવ્ય ખૂબ જ પ્રાસંગિક રહ્યું.

આ પ્રસંગે જૈન સમાજના વયોવૃદ્ધ, જ્ઞાનવૃદ્ધ, દાતા મા. શ્રી ભીખાભાઈ શાહ (દવાવાળા)નું સન્માન જીતો કમિટી તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોદ્દેદાર દ્વારા કરવામાં આવેલ.

કાર્યક્રમના અંતે પ્રસંગમાં પોતાનો કિંમતી સમય આપીને પધારેલ મા.શ્રી સંજીવભાઈ છાજર - ચેરમેન, જીતો અમદાવાદ; મા. શ્રી પ્રકાશભાઈ સંઘવી - ચેરમેન, જીતો શ્રવણ આરોગ્યમ; મા.શ્રી ભદ્રેશભાઈ શાહ - કન્વીનર, પ્રભુ મહાવીર જન્મ કલ્યાણક ઉત્સવ; મા. શ્રી આસીતભાઈ શાહ - ઓ.સેક્રેટરી શ્રી, જીતો શ્રમણ આરોગ્યમ્, મા. શ્રી કુશલભાઈ ભણસાલી - વા.ચેરમેન જીતો અપેક્ષ, મા. શ્રી શીતલભાઈ શાહ - ટ્રેઝરર જીતો અમદાવાદ તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોદ્દેદારો શ્રી હસમુખભાઈ ગઢેચા,

શ્રી કેતનભાઈ શાહ, શ્રી ડૉ. હસમુખભાઈ શાહ, શ્રી સૂર્યકાંતભાઈ શાહ, શ્રી મુકેશભાઈ પટેલ, શ્રી પંકજભાઈ શાહ સર્વે સાથે મળી વક્તા શ્રી ડૉ. પારસભાઈ શાહનું શાલ, પુસ્તક અને શ્રીફળ દ્વારા બહુમાન કરેલ. આ શુભ પ્રસંગે અમદાવાદ નગરના સુજ્ઞ શ્રેષ્ઠીજનો, ધર્મપ્રેમી જૈનબંધુઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ. કાર્યક્રમનું સુચારુ સંચાલન સંસ્થાના લોકલ કમિટીના સેક્રેટરી મા. શ્રી કેતનભાઈ શાહે કરેલ તથા અંતે આભારવિધિ જીતોના ચેરમેન જે અમદાવાદ શાખા સંભાળે છે તેવા શ્રી સંજીવભાઈ છાજરે કરેલ. તેમણે સમગ્ર ઉત્સવમાં પધારેલ સૌ જૈન બંધુઓનો તથા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના હોદ્દેદારોનો ઋણભાવ વ્યક્ત કરેલ.

કાર્યક્રમના અંતે સાધર્મિક ભક્તિનો લાભ લઈ શ્રી વાસુપૂજ્ય જિનાલયમાં ૧૦૮ દીવાની સામૂહિક આરતીનો લાભ ધર્મજીજ્ઞાસુ પ્રેમીઓએ લીધો. આ પ્રસંગે સંસ્થાના સમગ્ર સ્ટાફગણ તથા સંસ્થામાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અનેરો ઉત્સાહ લઈ સતત સાથ સહકાર આપી કાર્યક્રમની શોભામાં અભિવૃદ્ધિ કરેલ અને દેરાસરમાં મોડી રાત સુધી ભક્તિ વંદનાનો કાર્યક્રમ સંસ્થાના વિદ્યાર્થીઓ દ્વારા આયોજિત થયો.

આમ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય તથા જીતોના સંયુક્ત ઉપક્રમે ભક્તિભાવપૂર્ણ રીતે શ્રી મહાવીર જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવાયો.

## મહાવીર જયંતિ નિમિત્તે કુમારપાળ દેસાઇ દ્વારા વિશિષ્ટ કાર્યક્રમની પ્રસ્તુતિ

ભગવાન મહાવીરના જન્મકલ્યાણક નિમિત્તે વૈશ્વિક સંસ્થા ઇન્સ્ટિટ્યૂટ ઑફ જૈનોલોજી દ્વારા એક વિશિષ્ટ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ભગવાન મહાવીરના અનુપમ જીવન પ્રસંગોનું આલેખન ડૉ. કુમારપાળ દેસાઈએ કર્યું હતું અને એની સાથે ગીત અને સંવાદ દ્વારા અશ્વિન આણદાણી અને દીપ્તિબેન જોશીએ એની પ્રસ્તુતિ કરી હતી. જ્યારે એનું લેખન ડૉ. અલ્પા શાહે કર્યું હતું. એમાં ભગવાન મહાવીરના જીવનમાંથી સોમ શર્મા, દુઈજ્જંત તાપસ, સદ્દાલપુત્ર, હાલિક, નયસાર અને પુણિયા શ્રાવકના પ્રસંગો દ્વારા એમાંથી વર્તમાન સમયમાં કયો બોધ પ્રાપ્ત થાય છે તેની છણાવટ કરી હતી. એ પછી 'મહાવીરનો સંદેશો એક દી' દુનિયાને સમજાશે' કાર્યક્રમ અંતર્ગત એક રૂપક દ્વારા ભગવાન મહાવીરનો ઉપદેશ વર્તમાન જગતની સમસ્યાઓ ઉકેલવામાં કેટલો ઉપયોગી છે, તેની ચર્ચા કરવામાં આવી હતી. જગત આજે ક્યાં મહાવીરનો અહિંસાનો સંદેશો સ્વીકારશે અથવા તો મહાભારતના સંહારને નિમંત્રણ આપશે, ત્યારે ભગવાન મહાવીરની અહિંસાની સૂક્ષ્મતા દર્શાવીને કઈ રીતે વૈશ્વિક શાંતિ અને વિશ્વબંધુત્વ સર્જી શકાય તેની વાત કરી છે. માનવી એના જન્મથી નહીં, પણ એનાં કર્મથી ઓળખાવો જોઈએ એમ કહીને માનવજાતને એક થવાનો ભગવાન મહાવીરનો સંદેશો રજૂ કર્યો હતો. સત્ય, અહિંસા, અસ્તેય, અપરિગ્રહ અને બ્રહ્મચર્ય જેવા પાંચ અણુવ્રતની ભાવનાઓ દર્શાવીને વર્તમાનયુગને એ કઈ રીતે ઉપયોગી બની શકે તેમ છે, તેની વાત શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ અને શ્રી દીપ્તિ જોશીએ સંવાદ દ્વારા પ્રસ્તુત કરી હતી. આ કાર્યક્રમમાં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહીને લોકોએ માણ્યો હતો.

## પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇને 'શ્રુતનિધિ' એવોર્ડ અર્પણ કરાયો

અર્હમ સ્પિરીચ્યુઅલ સેન્ટર સંચાલિત શ્રી પ્રાણગુરૂ જૈન ફિલોસોફિકલ સેન્ટર - મુંબઈ તરફથી પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઇને 'શ્રુતનિધિ' ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો.

તાજેતરમાં બ્રિટનની પાર્લામેન્ટના વિલ્સન હોલમાં બ્રિટનના મિનિસ્ટર ઓફ ફેઇથ બેરોનેટ સ્કોટના હસ્તે એમને અહિંસા દિવસની ઉજવણીના ભાગરૂપે ચૌદમો અહિંસા ઍવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે. અગાઉ આ ઍવોર્ડ નેલ્સન મંડેલા, આચાર્ય મહાપ્રજ્ઞજી, શ્રી દલાઈ લામા અને ડૉ. પદ્મનાભ જૈની જેવી વૈશ્વિક પ્રતિભાને અર્પણ કરાયેલ, એવો આ આંતરરાષ્ટ્રીય અહિંસા ઍવોર્ડ પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈએ પ્રાપ્ત કરી જૈન શાસન અને સમગ્ર ગુજરાતીઓનું ગૌરવ વધાર્યું છે.

સાહિત્ય, શિક્ષણ, સમાજસેવા, ધર્મદર્શન અને પત્રકારત્વમાં આગવી સિદ્ધિ મેળવનાર ડૉ. કુમારપાળ દેસાઈના ઍવોર્ડ અર્પણ સમારોહમાં ટ્રસ્ટી ગુણવંત બરવાળિયાએ એમની સાહિત્ય સેવાઓની વાત કરતા જણાવ્યું હતું કે, તેમણે દોઢસોથી વધુ ગ્રંથોનું સર્જન તથા સંપાદન કર્યું છે. જેમાં એંસી જેટલા જૈન સાહિત્ય વિષયક ગ્રંથો છે. છેલ્લા કેટલાય વર્ષોમાં અખબારની નિયમિત કોલમમાં, સામયિકોમાં, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિષદોમાં તથા વૈશ્વિક ધર્મ પરિષદોમાં કુમારપાળ દેસાઈની શ્રુતસેવા અનન્ય છે.

શ્રુતસેવા, સર્જન અને સંવર્ધનના કાર્યમાં અહર્નિશ રત રહેનાર પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈને ૨૦૨૩નો 'શ્રુતનિધિ' ઍવોર્ડ અર્પણ કરતાં આનંદ અનુભવીએ છીએ. આ પ્રસંગે સાહિત્યકારો, પત્રકારો, વિદ્વાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી આર.આર. લાલન કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ - ભુજ

શ્રી આર.આર. લાલન કોલેજનો વિકાસ કેવી રીતે કરી શકાય અને તેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ કેવી રીતે મદદરૂપ થઇ શકે છે અને તે દિશામાં મંડળ કેવી રીતે કામ કરી શકે તેની રૂપરેખા તૈયાર

*પ્રસન્નતાની વાટ લગાડી દઈને બીજા વચ્ચે વટ પાડવાની જરૂરત નથી.*

કરવામાં આવી હતી.

તા. ૨ એપ્રિલ, રવિવારના શ્રી આર.આર. લાલન કોલેજ ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળની સામાન્ય સભા શ્રી સ્વામિનારાયણ સંચાલિત સ્મૃતિવન - કેરા ખાતે મળી હતી. જેમાં સૌપ્રથમ પ્રાસંગિક પ્રવચન મંડળના પ્રમુખ શ્રી શંકરભાઈ સચદેએ કર્યું હતું. જેમાં તેમણે આ વખતે મંડળના પ્રમુખ તરીકેની કામગીરીમાંથી મને મુક્ત કરો એવી રજૂઆત કરી હતી અને મંડળના ઉપપ્રમુખ શ્રી જોરાવરસિંહ કે. રાઠોડનું નામ રજૂ કર્યું હતું જેને સંસ્થાના શ્રી ઝવેરીભાઈ સોનેજીએ ટેકો જાહેર કર્યો હતો અને મંડળના ઉપસ્થિત સભ્યોએ આ ઠરાવને સંપૂર્ણ રીતે ટેકો જાહેર કર્યો હતો. આ માટે જોરાવરસિંહ કે. રાઠોડે આદરણીય શ્રી શંકરભાઈ સચદેનો આભાર માન્યો હતો અને મંડળના હિત માટે તેઓ સદા તત્પર રહેશે એવી ખાતરી આપી હતી. ઉપરાંત તેમણે આદરણીય શ્રી શંકરભાઈ સચદેને ખાસ વિનંતી કરી હતી કે તેઓ ભલે પ્રમુખપદે ના રહે પણ સંસ્થાના આજીવન માર્ગદર્શક સલાહકાર તરીકે રહે. જેનો શ્રી શંકરભાઈ સચદેએ સહર્ષ સ્વીકાર કર્યો હતો. આ ઉપરાંત મંડળના વર્તમાન જે કારોબારી હોદ્દેદારો છે તેને જ પાછા ચાલુ રાખવામાં આવે એવી રજુઆત કરી હતી. જેને મંડળના તમામ સભ્યોએ આ ઠરાવને સંપૂર્ણ રીતે ટેકો જાહેર કર્યો હતો. આ ઉપરાંત મંડળમાં નવા આવેલા સભ્યો શ્રી ગૌતમભાઈ ભાનાણી, શ્રી વિનોદભાઈ એસ. જોબનપુત્રા, શ્રી શરદભાઈ આવડિયા, શ્રી શરદભાઈ ગોરને ફૂલ દ્વારા આવકાર આપ્યો હતો. મંડળના ખજાનચી શ્રી જગદીશભાઈ મહેતા વડે મંડળનો અત્યાર સુધીનો તમામ હિસાબ રજૂ કરાયો હતો. જેને મંડળના તમામ સભ્યોએ સર્વ સંમતિથી ટેકો જાહેર કર્યો હતો. આ ઉપરાંત શ્રી આર.આર. લાલન કોલેજનો વિકાસ કેવી રીતે કરી શકાય અને તેમાં ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળ કેવી રીતે મદદરૂપ થઈ શકે તેના સૂચનો મંડળના સભ્યોએ રજૂ કર્યા હતા અને ભવિષ્યમાં આ સૂચનોનો અમલ યોગ્ય રીતે થાય એ દિશામાં મંડળ કેવી રીતે કામ કરી શકે તેની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. મંડળના મહામંત્રી ડૉ. મિહિર એમ. વોરાના ૫૦થી વધારે પુસ્તકો રાષ્ટ્રીય સ્તરે પ્રસિધ્ધ થયા તે વિશિષ્ટ સિધ્ધિ બદલ મંડળના પ્રમુખ, ઉપપ્રમુખ અને તમામ હોદ્દેદારો વડે સન્માન કરવામાં આવ્યું હતું. સંચાલન ડૉ. મહેન્દ્રભાઈ ઠક્કરે કર્યું હતું અને આભારવિધિ ડૉ. ફતુભા જાડેજાએ કરી હતી. મંડળના સભ્ય શ્રી વિનયભાઈ માંડલીયા તરફથી મંડળને રોકડ દાન જાહેર કરવામાં આવ્યું હતું અને મંડળ વતી તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મંડળના સભ્યો શ્રી જયેશભાઈ અંતાણી, શ્રી અશોકભાઈ માંડલીયા, શ્રી સુલતાનભાઈ મોરાણી, શ્રી ભૂપેન્દ્રભાઈ મહેતાએ ભારે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમના અંતે સૌ સભ્યોએ નવા હોદ્દેદારો સાથે ભોજન લીધું હતું.

## વિશ્વ કવિતા દિન : કવિ કલા વૃંદના નેજા હેઠળ

હમણાં ૨૧ માર્ચના રોજ વિશ્વ કવિતા દિન ઉજવાઈ ગયો. આ નિમિત્તે ભુજ કચ્છ અને રાણાવાવના સંયુક્ત ઉપક્રમે શ્રી દિલીપભાઈ આચાર્ય ‘દિલકશ’ના અધ્યક્ષ સ્થાને કવિ કલાવૃંદના નેજા હેઠળ પણ વિશ્વ કવિતા દિન ઉજવવામાં આવ્યા હતા. પ્રારંભિક પ્રવચનમાં કવિતા વિશેની માહિતી આપ્યા પછી ઉપસ્થિત કવિ કવયિત્રીએ પોતાની કવિતાઓ રજૂ કરીને શ્રોતાઓની વાહવાહ મેળવી હતી. આ સાથે કવિતાના થોડા અંશો સામેલ છે.

*પ્રેમનું અજીબ ઋણાનુબંધ લાગે છે*
*અહીં જલે શમા ને પરવાના આવી જાય છે.*
*જાણે કોરા પટના પેટાળમાં ઉતરી ગઈ*
*ક્યાંય દેખાતી નથી મારી નદી ખોવાઈ ગઈ.*

***મણિલાલ ડી. રૂઘાણી - રાણાવાવ***

*આ મનની વેદનાને મનમાં દબાવ્યા કરીશ*
*તમારી યાદને સદા દિલમાં વાગોળ્યા કરીશ.*
*મનની વેદનાથી બને કવિતા*
*કવિની કલ્પનાની જન્મદાત્રી છે કવિતા.*

***દિલીપભાઈ આચાર્ય - ભુજ***

*ઊગે સૂરજ સાથે પણ કદી ન આથમે*
*ઉજાસનું સર્જન છે કવિતા.*

***દિવ્યકાંત છાયા - ભુજ***

*મનમાં પ્રગટ થતાં ભાવથી*
*પ્રગટ થાય છે કવિતા*
*મનમાં પ્રગટ થતાં વિચારોથી*
*પ્રગટ થાય છે કવિતા.*

***ધર્મિષ્ઠા ચોક્સી - ભુજ***

આ સિવાય શ્રી મીરા વ્યાસ, રમેશભાઈ રામજીયાણી, ઉષાબેન દાવડા સહિત ગ્રુપના સભ્યોએ પોતાની રચના રજૂ કરી હતી. આ પ્રસંગે શ્રી કિશોરભાઈ રાજપરા, શ્રી બાબુભાઈ ચૌહાણ, શ્રી અશોકભાઈ રાઠોડ, શ્રી જગદીશભાઈ આચાર્ય તથા શ્રી અકબરભાઈ સોરઠિયા, ભરતભાઈ વાઢેરે શુભેચ્છા પાઠવી હતી.

## કવિ મંચ સાહિત્ય પરિષદ

ગાંધીધામની કવિ મંચ સાહિત્ય પરિવાર સંસ્થાના પ્રમુખ દીપક પૂરી ‘દર્દે દિલ’ દ્વારા તા. ૮-૩-૨૩ના ધૂળેટી પર્વ નિમિત્તે ફોન-ઈન મુશાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાતના વિવિધ શહેરોથી કવિ મિત્રો જોડાયા હતા. કાર્યક્રમની શરૂઆત કવયિત્રી દિવ્યાબેન દેઢિયા અને કવયિત્રી દક્ષાબેન પરમાર દ્વારા સરસ્વતી વંદનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ મુશાયરાની શરૂઆત થઈ હતી. જેમાં કવિ દિલીપ ધોળકિયા

'શ્યામ', સતીષભાઈ સખિયા, કેતનભાઈ ભટ્ટ 'કેતુ', નરેશભાઈ જાદવ 'જાન', કલ્પેશ સોલંકી 'કલ્પ', પુષ્પક ગોસ્વામી 'નિષ્પક્ષ', સંગીતાબેન ચૌહાણ 'તપસ્યા', દિવ્યાબેન દેઢિયા 'દિવ્ય', દક્ષાબેન પરમાર 'ઝંખના' અને દીપક પૂરી 'દર્દેદિલ'એ સ્વરચિત રચનાઓ રજૂ કરી હતી. કાર્યક્રમનું સંચાલન ડૉ. પુષ્પક ગૌસ્વામી 'નિષ્પક્ષ'એ કર્યું હતું અને કાર્યક્રમના અંતે આભારવિધિ કેતનભાઈ ભટ્ટ અને દિલીપ ધોળકિયાએ કરી હતી. સંપૂર્ણ કાર્યક્રમનું પ્રસારણ સંસ્થાની કવિ મંચ યુ-ટ્યુબ ચેનલ પર કરવામાં આવ્યું હતું.

## 'યોગાસન યાત્રા' પુસ્તકનું વિમોચન

'યોગાસન યાત્રા' પુસ્તકના વિમોચન પ્રસંગે મહેમાન દર્શનાબેન રાજપુત (૧૦ વર્ષ યોગ - પ્રાણાયામ શિક્ષક પ્રવૃત્તિ મહિલા ઉત્કર્ષ માટે સેવા) સાથે પી.જી. ધરેચા અને પુસ્તક લેખક અશ્વિનકુમાર જાની વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## શ્રી કચ્છી લુહાર જ્ઞાતિ મહિલા મહામંડળ આયોજિત વિશ્વ મહિલા દિવસ ઉજવણી કાર્યક્રમ

અખિલ કચ્છી લુહાર જ્ઞાતિ મહામંડળનાં મહિલા મંડળ દ્વારા અખિલ કચ્છી લુહાર જ્ઞાતિ મહામંડળના મહિલા મંડળના પ્રમુખ હીનાબેન ઉમરાણીયાના માર્ગદર્શન હેઠળ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ નિમિત્તે લુહાર જ્ઞાતિ મહિલા દિવસ તા. ૪-૩-૨૩ના રોજ શ્રી સમસ્ત ગૂર્જર જ્ઞાતિની વાડી ગાંધીધામ ખાતે ઉજવવામાં આવ્યો હતો.

કાર્યક્રમનો પ્રારંભ મહામંડળ (મહિલા મંડળ) વિભાગના પ્રમુખ હીનાબેન ઉમરાણીયા તથા કમિટી સભ્યો અને અતિથિ વિશેષ જ્યોતિબેન તરાણી (બેંકર, એન્કર અને નવરાત્રી સ્પેશિયલ કોરીયોગ્રાફર), મનીષાબેન પટેલ (વોર્ડ નં. ૧૨ના કાઉન્સિલર, બ્યુટીશિયન, લાઈબ્રેરસના ચેરમેન, સેક્ટર નં.-૫ હાઈસ્કૂલ એસ.એમ.સી.ના સભ્ય, સરસ્વતી શિશુ મંદિર આદિપુરના ટ્રસ્ટી (વ્યવસ્થાપક)) દ્વારા દીપ પ્રાગટ્યથી કરવામાં આવી હતી.

ત્યારબાદ મહિલા દિવસની શુભકામના સાથે કાર્યક્રમની શરૂઆત અતિથિ વિશેષનું શાલ ઓઢાડીને સન્માન સાથે કરવામાં આવી હતી. અને અતિથિ વિશેષે પણ પ્રસંગોપાત પ્રવચન આપીને મહિલા દિવસનું મહત્ત્વ સમજાવ્યું હતું. સાથે કચ્છનાં દરેક ગામમાંથી આવેલ મહિલા મંડળના પ્રમુખ ધનલક્ષ્મીબેન ઉમરાણીયા - કેરા, પુષ્પાબેન ઉમરાણીયા - નારણપર, અધ્યક્ષ કાશ્મીરાબેન - ભુજ, ભાવનાબેન પઢારીયા - આદિપુર, હંસાબેન આસોડિયા - અંજાર વગેરેનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું.

મહિલા દિવસને યાદગાર બનાવવા બેસ્ટ સાડી અને સંગીત ખુરશીની પ્રતિયોગીતાનું આયોજન અખિલ કચ્છી મહામંડળના મહિલા મંડળના ઉપપ્રમુખ કાજલબેન આસોડિયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. બંને સ્પર્ધામાં વિવિધ વયજુથના વિજેતાઓને સન્માનિત કરવામાં આવ્યા હતા.

ત્યારબાદ મહિલાના સ્વરક્ષણ માટે માર્ગદર્શન અને ડેમોન્સ્ટ્રેશન 'હિનેડે શિતોહ્યુ કરાટે સ્કૂલ ઓફ ઇન્ડિયા'ના ચીફ અને ફાઉન્ડર, એશિયન કરાટે ફેડરેશનના જજ, કોચ અને ડ્રીમ માર્શલ આર્ટ એકેડેમિના ફાઉન્ડર અને ડાયરેક્ટર રેન્શી ગીરી ડોન્ગા સર એ તેમની કરાટેકાર નિકિતા આર્યા અને સૌમ્યા પિત્રોડા સાથે ડેમોન્સ્ટ્રેશન અને પ્રવચન દ્વારા ખૂબ જ સરસ રીતે નારીએ પોતાનું સ્વરક્ષણ કેવી રીતે કરવું એ શીખવ્યું હતું.

મહામંડળના મહિલા મંડળના પ્રમુખ હીનાબેન ઉમરાણીયા, ઉપપ્રમુખ કાજલબેન આસોડિયા, ઉપપ્રમુખ મનીષાબેન પઢારીયા, મહામંત્રી કાશ્મીરાબેન ઉમરાણીયા, મંત્રી હર્ષિદાબેન પઢારીયા, સહમંત્રી વૈશાલીબેન પિત્રોડા, સહમંત્રી રેખાબેન પરમાર, સહમંત્રી હરખુબેન ઉમરાણીયા, ખજાનચી વંદનાબેન વાઘેલા, સમિતિના બહેનોનું શાલ ઓઢાડીને તથા મોમેન્ટો આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીધામ વાડીના પ્રમુખ શ્રી સૂર્યકાંતભાઈ હરસોરા, શ્રી જયંતભાઈ મકવાણા, લુહાર સમાજના મહાનકવિ શ્રી પ્રભુલાલભાઈ સિધ્ધપુરા, હેમ માર્શલ આર્ટ એકેડેમિના ડાયરેક્ટર રેન્શી ગીરી ડોન્ગા સર, 'કચ્છ લુહાર શક્તિ' જ્ઞાતિ મુખપત્રના માનદ્ તંત્રી શ્રી શૈલેન્દ્રભાઈ પિત્રોડાનું શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. સમાજના યુવા ડૉક્ટર રીતુબેન પિત્રોડાએ પણ હાજરી આપીને કાર્યક્રમની શોભા વધારી હતી. ડૉ. રીતુબેન પિત્રોડાનું સન્માન હીનાબેન ઉમરાણીયાએ શાલ ઓઢાડીને કર્યું હતું. શ્રી સૂર્યકાંતભાઈ હરસોરાએ મહિલા દિવસ શુભકામનાઓ તેમના શાબ્દિક પ્રવચન દ્વારા પાઠવી હતી તથા કવિશ્રી પ્રભુલાલભાઈ સિધ્ધપુરાએ એમના જ દ્વારા લિખિત કવિતાનું કાવ્ય પઠન કર્યું હતું. જે કવિતાએ બધાનું મન મોહી લીધું હતું.

કાર્યક્રમની મહત્તમ તૈયારી જેમ કે બેનર, ટેબલ, નાસ્તો, ઠંડા પીણા, માઇક, ખુરશી વગેરે શ્રી દિલીપભાઈ સિધ્ધપુરા દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમ સફળ બનાવવા પ્રમુખશ્રી હીનાબેન ઉમરાણીયા તથા મહિલા મંડળના સભ્યોએ ઉપસ્થિત રહીને સખત પરિશ્રમ કર્યો હતો. આ કાર્યક્રમનો લાભ બહોળી સંખ્યામાં મહિલાઓએ લીધેલ હતો. કાર્યક્રમનું સંચાલન મહિલા મંડળના સહમંત્રી તેમજ 'કચ્છ લુહાર શક્તિ' જ્ઞાતિ મુખપત્રના તંત્રી શ્રીમતી વૈશાલીબેન પિત્રોડાએ કર્યું હતું. કાર્યક્રમની આભારવિધિ કાશ્મીરાબેન દ્વારા કરવામાં આવી હતી.

કાર્યક્રમનું સમાપન ઠંડા પીણા, નાસ્તો અને દરેક મહિલાને મહિલા દિવસનાં પ્રમાણપત્ર સાથે કરવામાં આવ્યું હતું. આ સુંદર આયોજને દરેકનું મન મોહી લીધું હતું. ■

*પૈસાની અમીરી વધતી જાય ત્યારે દિલની ગરીબી ન વધતી જાય તેનું સતત ધ્યાન રાખવું.*


sharpex
forest & garden solutions
TURN YOUR
GREEN DREAMS
INTO REALITY FOR YOUR FACTORY,
BUNGALOW & FARMHOUSE
INDIA'S LARGEST SELLING
ZERO MAINTENANCE
ELECTRIC LAWN MOWERS
Pot Trolley
Eco Chair
Flower Pot Stands
Bird Bracket
Deko Chips
info@sharpex.com | www.sharpexindia.com | Toll Free: 1800 313 3303
Follow Sharpex Gardening Community On
Our Online Partners: amazon.in Flipkart






**BRASS** CAGES
- CYLINDRICAL ROLLER CAGES
- SPHERICAL ROLLER CAGES
- DEEP GROOVE CAGES
- ANGULAR CONTACT CAGES
- THRUST ROLLER CAGES
- TAPER ROLLER CAGES

**STEEL** CAGES
- DEEP GROOVE CAGES
- TAPER ROLLER CAGES
- SPHERICAL ROLLER CAGES
- CYLINDRICAL ROLLER CAGES
- ANGULAR CONTACT CAGES
- THRUST ROLLER CAGES

**POLYAMIDE** CAGES
- DEEP GROOVE CAGES
- ANGULAR CONTACT CAGES
- TAPER ROLLER CAGES
- CYLINDRICAL ROLLER CAGES

**STAMPED** COMPONENTS
- AUTOMOTIVE INDUSTRY
- BEARING & SEALING
- ELECTRICAL & APPLIANCE INDUSTRY
- SPECIAL APPLICATION

**BRONZE** BUSH & CASTINGS
- PRECISE BRONZE BUSHES
- CENTRIFUGAL AND SAND CASTINGS

INDIA
**Harsha Engineers International Ltd.**
Sarkhej-Bavla Road, PO Changodar,
Ahmedabad-382213, Gujarat.
Phone. +91 2717 618200
E-mail: marketing@harshaengineers.com

CHINA
**Harsha Precision Bearing Components (China) Co., Ltd.**
No. 10 Fuhua Road, Bixi District Changshu City,
Jiangsu Province, China.
Phone: +86-(0)512-52265381
E-mail: mktg@harshaengineers.cn.com

ROMANIA
**Harsha Engineers SRL**
Str. Hermann Oberth nr.23 Hala 4
Ghimbav 507075 Brasov Romnania
Phone: +40372779900
E-mail: romaniamktg@harshaengineers.com

Shashikant Pindoria
+91 94276 09013
+91 97141 09013

JAY AMBE HIMGHAR PVT. LTD.
Dehgam-Modasa Road, SAMPA, Ta. Dehgam, Dist. Gandhinagar.

Madhusudan
COOL STORES PVT. LTD.
Nr. Ranasan Char Rasta,
Ramosh, Ta. : Dhasura, Dist. Arvalli.

VINOD
Cool Stores Pvt. Ltd.
Ahmedabad - Himatnagar Highway,
N.H. No.-8, Limbadia, Dist. Gandhinagar.

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
એક સભ્ય એવા
એક શુભેચ્છક તરફથી

શ્રી કચ્છી સમાજ - અમદાવાદના
ભૂતપૂર્વ હોદ્દેદાર એવા
એક શુભેચ્છક તરફથી



INDOTEX
PAINTS
• DURABLE • DECORATIVE • PROTECTIVE
Regd. Office : "Indotex House" Nr. GNFC Info Tower, S.G. Highway, Bodakdev, Ahmedabad-380 054.
Ph. : (0) 26853279 • M. : 9909444598 • Telefax : 079-26857412
E-mail : indotexpaints@yahoo.co.in • Website : www.indotexpaints.com
Ahmedabad - Kunal N. Shah : 98250 33598 • Mumbai : Punit N. Shah : 98205 14143
Gujarat, Rajashthan, Maharashtra, Karnatanka, Goa, Andhra Pradesh

શુભેચ્છા સહ....
હસમુખ ખીમજી મહેતા

khadi
VEDA
Essence of Nature
HAIR CARE | MEDICATED | BODY CARE
WELLNESS | BEAUTY & FACE CARE



હસમુખભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૧
કાંતિભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૩
વિનોદભાઈ એન. પટેલ
મો. ૯૮૭૯૬ ૦૮૦૫૪
॥ શાશ્વત બિલ્ડર્સ ॥
૫૦૧, શાશ્વત આર્કેડ, ભુલાભાઈ પાર્ક ચાર રસ્તા, અમદાવાદ.

फ्रुटी भी, ज्युसी भी और मिल्की भी
सब मस्त है!
MICHI'S
Candies & Toffees



Manufacturer & Marketer of Confectionery Products
JRJ FOODS PVT. LTD.
#314/315, G.I.D.C., Phase 1, Chhatral, Taluka Kalol, Dist. Gandhinagar - 382 729. Gujarat INDIA
Phone : +91-2764-234400 / 11 / 12 • Cell : +91 99090 23957/58 • Fax : +91-2764-234200
E-mail : salessupport@jrjfoods.com • Website : www.jrjfoods.com facebook.com/MichisTreats

Registered under Postal Registration No. GAMC-1028/2021-2023 Valid Upto 31st December, 2023 issued by the SSPO's Ahmedabad City Division permitted to post at Ahmedabad PSO on 15th of Every Month. ■ RNI No. of RNP is 46515/87 ■ Published on 10th of Every Month

**ધી ભુજ મર્કેન્ટાઈલ કો-ઓપ. બેંક લિ.**
મીઠાખળી છ રસ્તા, અમદાવાદ-૬.
Tel. : 26400969 (M) 70432 16674

**બેંકની વિવિધ સગવડો**

- FDR વ્યાજ upto 7.75% @ with monthly Interest
- Flexi બચત ખાતા અને ચાલુ ખાતામાં વ્યાજ Max 5% @*
- RTGS / NEFT / DD / IBC / Ch. Book charges : Nil*
- ATM CARD ■ LOCKERS ■ Free SMS Alert
- રૂા. ૬ કરોડ સુધીની તત્કાલ લોન ■ ગ્રૂપ લીમીટ રૂા. ૧૫ કરોડ
- Online RTGS પેમેન્ટ / Inward રીસીપ્ટની લેટેસ્ટ ફેસેલીટી
- બેંકના રોકડ કામકાજનો સમય : સવારે ૧૦ થી સાંજે ૬

*Condition apply

■ ચાલુ વર્ષમાં Fastest Growing Bank - Business Growth 50% @ p.a.

**Patel Tours & Travels**®
CENTRALISE NO. : (079) 2681 8788, 88661 55888

AHMEDABAD / ANJAR / BARODA
BHUJ / GANDHIDHAM / MUNDRA
JAMNAGAR / JUNAGADH / MUMBAI
PUNE / RAJKOT / SURAT



BUS AVAILABLE HIRE :
A.C. NON A.C. 3X2 & VOLVO 2X2 BUS
(A.C., NON A.C. SLEEPER)

PARCEL SERVICE AVAILABLE ALL ROUTE
PAY & TO PAY E-mail : patelinn@yahoo.com
Online Booking: www.pttbus.in

Parbatbhai Patel
M. : 98240 62711

**Shivam Packaging**
**Shiv Packing Industries**

સ્ટીફ બોર્ડસ / ગ્રે બોર્ડસ ● પી.વી.સી., પી.પી. રોલ અને રીમ,પી.પી. સુતળી, વુડન રોલ ● વાંસની પટ્ટી, H.M., L.D., P.P. Bags, ક્રાફ્ટ પેપર, સેલો ટેપ, કોરૂગેટેડ રોલ બોક્સ

Opp. Dwarkadhish Estate, Outside Chandola Old Tol Naka,
Near Bombay Hotel, Narol Road, Ahmedabad-382 405.
Ph. : (O) 25394011, 25394311

**Mahalaxmi**
INFRACONTRACT PVT. LTD.
Mining for Better Tomorrow



• Corporate Office •
B-21, Corporate House,
Opp. Pakvan-2, S. G. Highway,
Bodakdev, Ahmedabad-380 054.
Phone : 079-26856711, 26856712
E-mail : mahalaxmi@miplgroups.com
Website : www.miplgroups.com




**AMBICA TIMBER MART**
logs. lumber. select veneers.

Opp. The Grand Bhagwati,
S.G. Road, Bodakdev, Ahmedabad-54.
Tel. : 079-26855764, 26852438
E-mail : ambica9002@yahoo.co.in

અમદાવાદની સ્થાપનાથી તેના હેરિટેજ સ્ટેટસ સહિત અને વર્ષ 2022 સુધીના વિકાસની અપડેટેડ વિગતો.

અમદાવાદ ગૌરવગાથા

અગણિત ફોટોગ્રાફ સહિત રસપ્રદ અને રોમાંચક માહિતી
ડૉ. માણેક પટેલ 'સેતુ'

**અમદાવાદ ગૌરવગાથા**
કિંમત રૂ. 1600



ગૂર્જર સાહિત્યભવન
રતનપોળનાકા સામે, ગાંધી માર્ગ, અમદાવાદ-1, ફોન : 09227055777
ઇ-મેઇલ : goorjar@yahoo.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લેન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, અમદાવાદ-15
ફોન : 079-26934340, 98252 68759
ઇ-મેઇલ : gurjarprakashan@gmail.com

**ફ્યુઝન કિડની કેર પ્રા. લી.**
FUSION KIDNEY INSTITUTE
Full UroNephro Solutions



**ડૉ.હિમાંશુ શાહ** [ M.S. Mch.(યુરોલોજી) ] ગોલ્ડ મેડાલીસ્ટ
ડાયરેક્ટર, ફ્યુઝન કિડની ઈન્સ્ટીટ્યૂટ, વતન – માંડવી, કચ્છ
પથરી, પ્રોસ્ટેટ, કિડની, બ્લેડર કેન્સર, મૂત્રમાર્ગ ના રોગ, બાળકો ના પેશાબ ના રોગ ના નિષ્ણાંત

ગુલબાઇ ટેકરા BRTS બસ સ્ટેન્ડ ની સામે, પાંજરાપોળ યુનિવર્સિટી રોડ, આંબાવાડી, અમદાવાદ - ૩૮૦૦૧૫
એપોઇન્ટમેન્ટ માટે : ૦૭૯-૬૧૩૪૬૧૩૪ ૦૭૯-૨૬૩૦૫૦૬૦,
સોમવાર થી શુક્રવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦ સાંજે ૦૪:૦૦ થી ૦૫:૦૦, શનિવાર સવારે ૧૧:૦૦ થી ૦૧:૦૦
Website : www.fusionkidney.com Email : info@fusionkidney.com

**JAY ENTERPRISE**
Products : Salt Speckles, Rock Salt (Sendha Namak), Rock Salt Sujji, Black Salt (Sanchar) & All Types of Edible & Industrial Salt

C/3, Bharat Small Industrial Estate, B/h. Gujarat Offset,
Nr. Railway Over Bridge Road, Vatva, Ahmedabad-382 445.
E-mail : jay.enterprise@hotmail.com ■ Mobile : 99989 90899

Printed & Published by Shri Ashok Mehta, President, Shri Kutchhi Samaj - Ahmedabad on behalf of Shri Kutchhi Samaj - Ahmedabad. • Printed at : Vinayak Offset, Dudheshwar, Ahmedabad.
Published at : Shri Kutchhi Samaj Karyalaya, 905, Span Trade Centre, Opp. Kocharab Ashram, Ellisbridge, Ahmedabad-380 006.
Editor : Shri Ashok Mehta • Price : Rs. 18.00 • Lifetime Subscription : Rs. 1500/- (15 Years)